Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિદ્યાપીઠ વાચનમાળા

ત્રીજી ચોપડી

નવજીવન કાર્યાલય
અમદાવાદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ओ३म्

पुस्तक संख्या...... 66 ग / 8२ (२)

२५/२/५० (३)

पञ्जिका संख्या......

पुस्तक पर सर्व प्रकार की निशानियां लगाना वर्जित है। कोई सज्जन पन्द्रह दिन से अधिक देर तक पुस्तक अपने पास नहीं रख सकते। अधिक देर तक रखने के लिये पुनः आज्ञा प्राप्त करनी चाहिये।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગૂજરાત વિદ્યાપીઠ ગ્રંથાવલી પુ૦-૨૦

વિદ્યાપીઠ વાચનમાળા

ત્રીજી ચોપડી

स्वा. प्रमाणीकरण १९८४-१९८५

CHECKED 1973
Initial

પ્રકાશક તરફથી ભેટ

નવજીવન કાર્યાલય
અમદાવાદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
મુદ્રક અને પ્રકાશક
જીવણજી ડાહ્યાભાઈ દેસાઈ
નવજીવન મુદ્રણાલય, અમદાવાદ–૧૪

પહેલી આવૃત્તિ, સન ૧૯૨૫
સુધારેલી બીજી આવૃત્તિ, સન ૧૯૪૨
સુધારેલી ત્રીજી આવૃત્તિ, સન ૧૯૫૦
સુધારેલી ચોથી આવૃત્તિ, સન ૧૯૫૪

ડેમી ઑક્ટેવો — ૩૬ રતલી કાગળમાં

આ પુસ્તક ગુજરાત વિદ્યાપીઠે પોતે તૈયાર કરાવ્યું છે
અને તેના સર્વ હક્ક તેને સ્વાધીન છે.

અગિયાર આના

નવેમ્બર, ૧૯૫૪

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ત્રીજી ચોપડી

પાન	લીટી	અશુદ્ધ	શુદ્ધ
૭	૮	પછીનો પાઠ	પછીનો પાંચમો પાઠ
૭	૨૬	કોઈ,	કોય,
૧૧	૪	તે અત્યારે ફ્રાન્સના તાબામાં છે,	તે ફ્રાન્સના તાબામાં હતું,
૧૫	૯	પૂજન	ભજન
૫૪	૬	ગામને કેવો ધોકો પહોંચે,...કહેવી.	ગામને ધોકો પહોંચે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નિવેદન

ગૂજરાત વિદ્યાપીઠ વાચનમાળાનું આ નવું સંસ્કરણ બહાર પાડતાં આનંદ થાય છે. ઈ. સ. ૧૯૪૦માં પ્રસિદ્ધ કરેલી માળાની આવૃત્તિ ગુજરાતની અનેક પ્રાથમિક તથા માધ્યમિક શાળામાં દાખલ થઈ હતી. એથી મળેલા અનુભવ ઉપરથી તથા ૧૯૪૭માં સ્વરાજ આવ્યું તે એક મોટા કારણને લઈને એ માળા સુધારવી વધારવી ઘટે, એમ વિદ્યાપીઠ મંડળે વિચાર્યું; અને એ કામ પૂરું કરવામાં શ્રી. ગોપાળદાસ પટેલે મુખ્ય ધ્યાન આપવું એમ ઠરાવ્યું. શ્રી. મહાદેવ દેસાઈ સમાજસેવા મહાવિદ્યાલયના ગુજરાતીના અધ્યાપક શ્રી. મુકુલભાઈ કલાર્થી એમની મદદમાં સાથે થયા. એમણે વિદ્યાપીઠના બીજા સેવકો પાસેથી જોઈતી મદદ મેળવી; ગુજરાતના અનેક અનુભવી શિક્ષકો પાસેથી સલાહસૂચનાઓ તથા પાઠો વિષે વિગતવાર અભિપ્રાયો મેળવ્યા. એ બધાનાં નામો અહીં આપવાની જરૂર નથી. એ સૌ સાથીઓ તથા શિક્ષણપ્રેમી ભાઈ-બહેનોનો વિદ્યાપીઠ તરફથી આભાર માનું છું.

૧૯૪૭માં એમ વિચારેલું, તે પ્રમાણે નવી આવૃત્તિ ૧૯૫૦ માં બહાર પાડી હતી, અને તે આજ સુધી ગુજરાતની શાળાઓમાં ચાલતી હતી.

બાદ હમણાં સરકારે ઠરાવ્યું કે, ચોપડીઓનું પાતું ક્રાઉનને બદલે ડેમી કરવું જોઈએ. આનો લાભ લઈ તે ચોપડીઓ ફરીથી જોઈ કાઢવામાં આવી અને તે નવા કદને ઉચિત ઢબે તેમને ફરી ગોઠવવામાં આવી છે. ઉપરાંત, સરકારે આ ત્રીજી ચોપડી માટે નિયત કરેલાં પાન મેળવી લેવા માટે, આ આવૃત્તિમાં થોડાક પાઠ વધારવામાં આવ્યા છે. આથી કરીને તેમાં વિવિધતા વધી છે, એ સૌને પસંદ આવશે એવી આશા છે.

વર્ધા-પદ્ધતિ હવે સરકારે આખા દેશના શિક્ષણની નીતિ તરીકે સ્વીકારી છે. વિદ્યાપીઠ વાચનમાળાનું આ સંસ્કરણ એ નીતિને નજર સામે રાખીને કરવામાં આવ્યું છે. એના પાઠો શબ્દે શબ્દે તપાસવા તથા પ્રત્યક્ષ વર્ગોમાં ચલાવી જોવા માટે અનુભવી શિક્ષકોને આપવામાં આવ્યા હતા. શ્રી. જુગતરામ-ભાઈ દવે વગેરેએ આ ચોપડીના અનેક પાઠો સળંગ જોઈ સલાહ-સૂચના આપી છે. બીજા પણ અનેક જાણીતા કેળવણીકારોની આવી મદદ મળી છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તે સૌનાં નામ અહીં ન નોંધું. કહેવાની મતલબ કે, આ રીતે અનેક લોકના પ્રયત્નનું ફળ આ ચોપડી છે.

પ્રાથમિક વાચનમાળાનાં પુસ્તકોમાં ક્રમિકતા ઉપરાંત ચોપડીના પાઠોમાં દૃષ્ટિ, આદર્શ અને વિષયની એકસૂત્રતા અને સંવાદિતા સાચવવાની હોય છે. એ જો ધ્યાનમાં ન લેવાય તો પાઠ્યપુસ્તકનો એક કીમતી ગુણ નાશ પામે અને તેટલે અંશે તેની કેળવણી-શક્તિ હણાય. આ માળામાં આ ગુણ સાચવવાનો પણ પ્રયત્ન કરવામાં આવ્યો છે.

આ ચોપડીના પાઠોમાં વિદ્યાર્થીઓને વાચનનો આનંદ પૂરતા પ્રમાણમાં મળી રહેશે. પણ કેવળ વાચનનો આનંદ પૂરો પાડવો એટલો જ તેનો હેતુ નથી. આ પાઠો વિદ્યાર્થીઓમાં કામકાજ, સેવા આદિ વિવિધ પ્રવૃત્તિઓ માટે ઉત્સાહ જન્માવે, તેમનામાં ઉચ્ચ ભાવનાઓ પ્રેરે અને ઉમદા ટેવોનાં બી વાવે, એવી આશા પણ સેવવામાં આવી છે.

વાચનમાળાના આ હેતુઓ ઉત્સાહી શિક્ષકો દ્વારા જ પાર પડી શકે. પાઠોને અંતે નાનાં બીબાંમાં કેટલીક સૂચનાઓ મૂકવામાં આવી છે, તે તેમને માટે છે.

આશા છે કે, ગુજરાતના શિક્ષકોને અને વિદ્યાર્થીઓને આ ચોપડી ગમશે અને તેઓ તેને અપનાવશે.

ગૂ૦ વિ૦ કાર્યાલય — **મગનભાઈ પ્ર૦ દેસાઈ**
તા. ૧૦-૧૧-'૫૪ — મહામાત્ર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનુક્રમણિકા

૧.	સંતાન સૌ તમારાં (ગીત)	૧
૨.	નવો મુખી	૨
૩.	ડોસો અને તેના દીકરા	૫
૪.	સુભાષિતો — ૧ (ગીત)	૭
૫.	બે ભાઈઓ	૯
૬.	શ્રી. ગોપાળ કૃષ્ણ ગોખલે	૧૧
૭.	સત્યમેવ જયતે (ગીત)	૧૪
૮.	પ્રહ્લાદ	૧૫
૯.	બિલાડી – શિક્ષક	૧૮
૧૦.	શબરીનાં બોર (ગીત)	૨૧
૧૧.	એક મુસાફર	૨૪
૧૨.	ગાળ ન લે તો ?	૨૭
૧૩.	વડો સેનાપતિ	૨૯
૧૪.	કૂચગીત (ગીત)	૩૨
૧૫.	કુમારોની પરીક્ષા	૩૩
૧૬.	પારસીઓ આવ્યા	૩૫
૧૭.	કોની કોની છે ગુજરાત? (ગીત)	૩૯
૧૮.	આપણો ખોરાક	૪૧
૧૯.	નરસિંહ મહેતા	૪૪
૨૦.	રાત રહે જાહરે (ગીત)	૪૮
૨૧.	રામજી અને આદમજી	૪૯
૨૨.	ઉદ્યમ (ગીત)	૫૫
૨૩.	ઈસપની બોધકથાઓ	૫૬
૨૪.	સેવાગ્રામ	૬૧
૨૫.	રૂડો મારો રેંટિયો (ગીત)	૬૫
૨૬.	સાચાબોલો છોકરો	૬૭
૨૭.	બાળકોનો બાગ (ગીત)	૭૩

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૮.	હવા — ૧	૭૪
૨૯.	હવા — ૨	૭૬
૩૦.	સુભાષિતો — ૨ (ગીત)	૮૦
૩૧.	પાવાગઢ	૮૨
૩૨.	ત્રણ વાંદરાનું રમકડું	૮૭
૩૩.	ઘડિયાળ	૮૯
૩૪.	વાઘ અને મુસાફર	૯૫
૩૫.	મોટું કોણ?	૯૯
૩૬.	બાળબોધ લિપિ	૧૦૩
૩૭.	કહેવતો	૧૦૫
૩૮.	હોઉં જો હું . . . (ગીત)	૧૦૬
૩૯.	નામની મારામારી	૧૦૯
૪૦.	રાષ્ટ્રમુદ્રા	૧૧૩
૪૧.	સત્યવાદી રાજા હરિશ્ચંદ્ર — ૧	૧૧૭
૪૨.	સત્યવાદી રાજા હરિશ્ચંદ્ર — ૨	૧૧૯
૪૩.	જયજયકાર (ગીત)	૧૨૧

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ ૧ લો

સંતાન સૌ તમારાં

ઓ હિંદ! દેવભૂમિ! સંતાન સૌ તમારાં,
કરીએ મળીને વંદન, સ્વીકારજો અમારાં!
હિંદુ અને મુસલમીન, વિશ્વાસી, પારસી, જિન,
દેવી સમાન રીતે, સંતાન સૌ તમારાં!
સૌની સમાન માતા, સૌએ સમાન તેથી,
ના ઉચ્ચ નીચ કોઈ, સંતાન સૌ તમારાં!
ચાહો બધાં પરસ્પર, સાહો બધાં પરસ્પર,
એ પ્રાર્થના કરે આ સંતાન સૌ તમારાં!

કાન્ત[૧]

૧ કવિ શ્રી. કાન્ત એટલે શ્રી. મણિશંકર રત્નજી ભટ્ટ.

૧ હિંદના જુદા જુદા ધર્મો, ભાષાઓ, જાતિઓ, વગેરે કહો. છતાં સૌ એક જન્મભૂમિનાં સંતાન છીએ, એ મૂળ એકભાવ હંમેશ રહેલો છે. નાતજાતની ઊંચનીચતા ખોટી છે.

૩–૧

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અઘરા શબ્દો

મુસલમીન = મુસલમાન; ઇસ્લામી ધર્મ પાળનાર
વિશ્વાસી = ઈશુ ખ્રિસ્તમાં વિશ્વાસ રાખનારો — ખ્રિસ્તી
જિન = (પોતાની જાતને) જીતનાર એવા મહાવીર ભગવાનનો અનુયાયી — જૈન
સાહવું = પકડવું; મદદ કરવી

પાઠ ૨ જો

નવો મુખી

રામદાસ મધુપુર ગામના મુખી હતા. તે બહુ ભલા અને સેવાભાવી માણસ હતા. હંમેશાં તે ગામનું ભલું ચાહતા. વરસોથી તે ગામની સેવા કરતા હતા. તે ઘરડા થયા, એટલે તેમણે ગામલોકને જણાવ્યું કે:—

"હવે તમે બીજા કોઈ માણસને મુખી બનાવો તો સારું. હું હવે ઘરડો થયો."

ગામના લોકોએ કહ્યું: "મુખીજી, તમે જ નવો માણસ પસંદ કરી આપો."

રામદાસે કહ્યું, "ભલે; મને લાયક લાગે તેવો માણસ જોઈ કાઢીને હું તમને જણાવીશ."

રામદાસે એક દિવસ ગામના ચાર જુવાન માણસોને પસંદ કરીને બોલાવ્યા. તેમની સાથે વાતચીત કરી. પછી તેમને કહ્યું કે, "આજે સાંજના તમે તળાવની પાળ જોવા જજો. એક જગાએથી પાણી નીકળે છે, અને તેથી રસ્તામાં બધે કાદવ થયો છે, એમ મેં સાંભળ્યું છે. તમે તે જોઈ આવો. શું કરવું તેનો આપણે વિચાર કરવાનો છે."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પેલા ચાર જણ સાંજના તળાવની પાળ જોવા નીકળ્યા. સામી બાજુએ પહોંચ્યા. ત્યાં તેમણે જોયું કે, ખૂબ કાદવ થયો હતો અને એક ગાડું તેમાં ખૂંપી ગયું હતું. ગાડાવાળો તે બહાર કાઢવા ઘણી મહેનત કરતો હતો, પરંતુ ગાડું જરાયે ચસતું નહોતું. તેવામાં ગાડાવાળાએ પેલા ચાર જણાને તે તરફ આવતા જોયા. તેણે તેમને કાદવમાંથી ગાડું કાઢવા લાગવા વિનંતી કરી.

ગાડું કાદવમાં વચ્ચે ખૂંપી ગયું હતું. ત્યાં સુધી પહોંચવામાં કાદવ ખૂંદીને જવું પડે એવું હતું. અને તેથી કપડાં પણ બગડે તેવું હતું. એટલે તે ચારમાંથી ત્રણ જણાએ તો ના પાડી. તેમણે કહ્યું, “આવા કાદવમાં કપડાં બગાડવા કોણ પડે? કોઈ ખેડૂત-બેડૂત આ તરફ જતો મળે તો તેને બોલાવજે.” આટલું કહી તેઓ આગળ ચાલતા થયા.

ચોથો જુવાન ઊભો રહ્યો. તેનું નામ મનોહર હતું. તેણે વિચાર કર્યો, “સાંજ પડી ગઈ છે, બીજું કોઈ માણસ તો એને મળે ત્યારે મળે. હું મળ્યો તે ના પાડું, તો બીજો હા પાડશે એ કોણે જાણ્યું?” એમ વિચારીને તેણે તરત કચ્છ માર્યો અને બાંયો ચડાવી. પછી તે કાદવમાં પેઠો અને ખેડૂતની મદદમાં પહોંચી ગયો. થોડી વારમાં ગાડું કાદવમાંથી બહાર નીકળી ગયું.

કાદવમાંથી મનોહર બહાર આવ્યો. ગાડાવાળાએ તેનો આભાર માન્યો ને કહ્યું, “ભાઈ, તમે હાથ દીધો તો હું હવે ઘર ભેગો થઈશ ને આ બળદો પણ તેમની ગમાણે જઈ ખાશે-પીશે.”

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



મનોહરે કહ્યું, "ભાઈ, એમાં મેં મારો ધર્મ બજાવ્યો છે. એમાં આભાર શો વળી?"

આ કહેતી વખતે મનોહરની નજર પેલા ગાડાવાળાના મોં ઉપર પડી. જુએ તો એ તો મુખી રામદાસ પોતે જ હતા!

મુખી હસતા હસતા બોલ્યા: "શાબાશ, મનોહર, શાબાશ! ગામમાં લોકોને મદદ કરવા જે હંમેશ તૈયાર રહે, તે જ ગામનો મુખી થવાને લાયક ગણાય. વગર મહેનતે કરી શકાય તેવી મદદ તો ઘણા કરે. જાતે પીડા વહોરીને પણ મદદ કરે તે ખરો. તમે તેવી મદદ કરી બતાવી છે. એટલે ચારમાંથી તમે જ નવા મુખી બનવા લાયક છો, એમ હું ગામલોકોને કહીશ."

બીજે દિવસે બધા ગામલોકોએ આ વાત જાણી. એમ મધુપુર માટે નવો મુખી નક્કી થઈ ગયો. આખા ગામે તેને એકે અવાજે વધાવી લીધો.

૧ મનોહર મુખી થવા લાયક કેમ લાગ્યો? મુખી રામદાસે કેવી રીતે કસોટી કરી?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧ રસ્તે જતાં નાની મોટી સેવા કરવા વિદ્યાર્થીઓને પ્રેરો. બીજી ચોપડીમાંથી શ્રી. રાનડેનો તથા 'રસ્તા વચ્ચે પથ્થર'નો પાઠ કહો.

અઘરા શબ્દો

ખૂંપી જવું=કાદવમાં ઊતરી જવું
ખૂંદવું=પગ વડે ગૂંદવું
ચસવું=ચસકવું; ખસવું
વહોરવું=માથે લેવું; સ્વીકારવું
હાથ દેવો=ટેકો આપવો; મદદ કરવી

પાઠ ૩ જો

ડોસો અને તેના દીકરા

એક ડોસાને ત્રણ દીકરા હતા. તેઓ હંમેશ માંહોમાંહે લડતા હતા. એ જોઈ ડોસો ઘણો દુઃખી થતો.

એક વખત ડોસો ખૂબ માંદો પડ્યો. તેને લાગ્યું કે, મોત પાસે આવ્યું છે, હવે લાંબો વખત જિવાશે નહિ. એટલે તેને ચિંતા થવા લાગી કે, "છોકરાઓ જો આમ લડ્યા કરશે તો મારા મૂઆ પછી તેમનું શું થશે? તેમને કોઈ ઉપાયે આની સમજણ પાડવી જોઈએ." આમ વિચાર કરી, એક દહાડો તેણે બધા છોકરાઓને પથારી પાસે બોલાવ્યા, અને એક છોકરાને કહ્યું: "બેટા, વાડામાંથી સાંઠીની એક ભારી લઈ આવ."

છોકરો વાડામાં જઈ ભારી લઈ આવ્યો. ડોસાએ તેને કહ્યું, "ભાઈ, એ ભારીને ભાગ."

છોકરો ભારી ભાગવા તૈયાર થયો. વચ્ચે પગ મૂકી બે છેડા પકડી તેણે જોર કરવા માંડ્યું. પરંતુ ભારી કેમે કરતાં ભાગી નહિ. તેણે કહ્યું, "બાપા, આ તો નથી ભાગતી."

ડોસાએ બીજા છોકરાને તે ભારી ભાગવા કહ્યું. તે પણ ભારીને ભાગી શક્યો નહિ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



ડોસાએ ત્યાર પછી ત્રીજા છોકરાને પણ તે પ્રમાણે આખી ભારી ભાગવા કહ્યું. એ પણ તે ભારી ભાગી શક્યો નહિ.

પછી ડોસાએ તે ભારીને છોડી નાખવા કહ્યું. ભારી છૂટી થઈ એટલે ડોસાએ દરેક છોકરાને તેમાંથી એક એક સાંઠી લેવા કહ્યું. દરેકે એક એક સાંઠી લીધી, એટલે ડોસાએ કહ્યું, "હવે, એને ભાગો. જુઓ તે ભાગે છે?" દરેકે એક એક સાંઠીને તો રમતમાં ભાગી નાખી.

પરંતુ આ બધું બાપા શા સારુ કરાવે છે તેનો મર્મ છોકરા સમજ્યા નહોતા. એટલે ડોસાએ તેમને કહ્યું: "જુઓ, ભારીની સાંઠીઓ જ્યાં સુધી ભેગી હતી, ત્યાં સુધી તમે કોઈ તેમને ભાગી શક્યા નહિ. પરંતુ તે સાંઠીઓ છૂટી પડી, એટલે તમે તેમને સહેલાઈથી ભાગી નાખી. તે જ પ્રમાણે તમે ત્રણે ભાઈ ભેગા હશો તો તમારું જોર ઘણું થશે. પરંતુ લડી ઝઘડીને તમે છૂટા પડી જશો, તો તમારું જોર ઓછું થઈ જશે."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છોકરાઓ ડોસાની વાત સમજી ગયા. અને તે દિવસથી તેમણે માંહેમાંહે લડવાનું છોડી દીધું. પછી તેઓ સંપીને સુખમાં રહેવા લાગ્યા. ડોસો તે જોઈ શાંતિથી મરણ પામ્યો.

૧ આખી ભારી કેમ ન ભાગી? સંપમાં બળ છે એ બતાવતી આ વાત પ્રાચીન ગ્રીસમાં થઈ ગયેલા હબસી ગુલામ ઈસપે કહી છે. ઈસપની બીજી વાતો પ્રસંગ મુજબ બાળકોને કહો.

૧ ભાઈભાઈમાં ભાવ હોવો જોઈએ તે અંગે પછીનો પાઠ પોતાની મેળે વાંચવા બાળકોને કહો. રામ, લક્ષ્મણ, ભરત તથા પાંડવો અને કૌરવોના પ્રેમની વાતો કહો.

૧ 'સંપ ત્યાં જંપ.'

મર્મ = છૂપો અર્થ; સાર

પાઠ ૪ થો

સુભાષિતો–૧

૧

પહેલું રાખો સત્ય,
ને બીજી રાખો રહેમ:
ત્રીજી રાખો નમ્રતા,
ને ચોથો સૌ પર પ્રેમ.
રૂડી રીત, ભાઈ, રૂડી રીત,
માણસની એ રૂડી રીત.

૨

વાપરતાં આ વિશ્વમાં, સહુ ધન ખૂટી જાય,
વિદ્યા વાપરતાં વધે, એ અચરજ કહેવાય!

૩

વિદ્યા ધન વિશ્વે વડું, એથી અધિક ન કોઈ,
ધની કરતાં વિદ્વાનની, વિશ્વે ખ્યાતિ હોય.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૪

અલંકાર અંગે ધર્યા, અમૂલ્ય વસ્ત્ર અપાર,
શોભે નહિ સભા વિષે, વિદ્યા વિણ શણગાર,

૫

જંપ જગે નહિ સંપ વિણ, મળે મનુષ્યને જાણ;
સંપે શોભે સકળ જન, વિના સંપ અતિ હાણ.

૬

સંપ વિના સૃષ્ટિ વિષે, કારજ કશું ન થાય;
બે હાથે તાળી પડે, એક થકી ન પડાય.

૭

જાતે જે નર કરી શકે, તે ન અવરથી થાય;
આપ મૂઆ વિણ કોઈથી, સ્વર્ગે નહિ જવાય.

૧ વિદ્યારૂપી ધન વાપરવાથી વધે એ કેવી રીતે?

બીજું ધન તો વાપરીએ એટલે ખૂટી જાય; પરંતુ વિદ્યારૂપી ધન તો બીજાને આપતા જઈએ, તેમ તેમ વધતું જાય — અર્થાત્ આપણી વિદ્યા વધારે પાકી થતી જાય.

૧ 'સંપ ત્યાં જંપ' વિષે 'ડોસો અને તેના દીકરા'નો પાઠ યાદ કરાવવો.

૧ 'આપ મૂઆ વિણ સ્વર્ગે ન જવાય; પારકી આશ સદા નિરાશ.' આ કહેવત અંગે લાવરીનાં બચ્ચાંની વાત યાદ કરાવો. બીજી એવી વાતો પણ કહો.

અઘરા શબ્દો

રહેમ = દયા	હાણ = હાનિ; નુકસાન
અચરજ = આશ્ચર્ય–નવાઈની વાત	કારજ = કાર્ય; કામ
ધર્યા = ધારણ કર્યા–પહેર્યા	અવર = અન્ય; બીજો
વિણ = વિના; સિવાય	આપ = પોતે; જાતે
જંપ = શાંતિ; નિરાંત	

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બે ભાઈઓ

ફ્રાન્સ દેશની આ એક સાચી વાત છે.

બે ભાઈ હતા. તેઓ સાથે ખેતી કરતા હતા. તેમાં જે પાકે તે બંને સરખે ભાગે વહેંચી લેતા હતા. નાનો ભાઈ કુંવારો હતો; મોટો ભાઈ કુટુંબકબીલાવાળો હતો.

એક સાલ પાક તૈયાર થયો. બંને ભાઈ પૂળા બાંધી ખળામાં લાવ્યા. રાત પડતાં પહેલાં તેના બે સરખા ભાગ પાડીને તેઓ ઘેર ગયા.

બંને સાચા ભાઈ હતા. તેઓ એકબીજાનાં સુખ-દુઃખનો વિચાર કરતા હતા. હવે બન્યું એવું કે, તે દિવસે રાતે બંનેને પથારીમાં સૂતાં સૂતાં એકસરખો વિચાર આવ્યો: "હું મારા ભાઈને શી રીતે મદદ કરી શકું?"

નાના ભાઈને મનમાં થયું, "મોટા ભાઈ બચ્ચરવાળ છે. એને કુટુંબનો મોટો બોજો છે. મને એવો બોજો નથી. મારે પંડે કેટલું જોઈએ? થોડાથી પણ ચાલે. પછી મારે મારો બધો ભાગ શું કરવો છે?" આમ વિચાર કરીને તે રાત્રે ઊઠ્યો. અને ખળામાં જઈ પોતાના ભાગમાંથી સો પૂળા ભાઈના ભાગમાં મૂકી આવ્યો. પછી તે નિરાંતે ઘેર આવીને ઊંઘી ગયો.

બીજી તરફ મોટાભાઈને વિચાર આવ્યો: "મારો ભાઈ કુંવારો છે. એણે દુનિયાનાં દુઃખ જોયાં નથી. તેને જેટલું મળે છે તેટલું વાપરે છે. એકલો છે એટલે કાલની એ ફિકર કરતો નથી અને કશું બચાવતો નથી. હું તો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
કરકસર કરી જાણું છું. તેથી મારા ભાગમાંથી થોડુંક બચાવું છું. ભાઈને થોડુંક વધારે આપું તો કેવું સારું! શા સારુ મારે મારો પૂરો ભાગ લેવો?" આમ વિચાર કરીને તે ઊઠ્યો, અને ખળામાં જઈ પોતાના ભાગમાંથી સો પૂળા લઈને નાના ભાઈના ભાગમાં મૂકી આવ્યો.

સવારે તે બે જણ ખળામાં જઈને જુએ છે તો બંનેના હિસ્સા સરખા! આથી તેઓ બહુ અચંબો પામ્યા: "મેં સો પૂળા રાતે ભાઈના ભાગમાં વધારે મૂક્યા હતા ને!" પણ કોઈ કંઈ બોલ્યો નહિ.

બીજી રાતે પણ બેઉ ભાઈને એ જ વિચારો આવ્યા, અને બંનેએ આગલી રાતની જેમ કર્યું. સવારે ઊઠીને જુએ છે તો બેઉ ભાગ પાછા સરખા ને સરખા!

આમ દશ પંદર રાત ચાલ્યું. દરેક ભાઈ રાતે ઊઠે અને બીજા ભાઈના ભાગમાં પૂળા મૂકી આવે.

એક રાત્રે એવું બન્યું કે, બે ભાઈઓ ખળામાં ભેગા થઈ ગયા. ત્યારે તેમને સમજણ પડી કે, શાથી બંનેના પૂળા સરખા જ રહેતા હતા.

લોકોને જ્યારે આ વાતની ખબર પડી, ત્યારે તેમણે વિચાર કર્યો: "જે જગાએ પંદર દિવસ અને રાત સુધી બેઉ ભાઈઓને એકનો એક સારો વિચાર આવ્યો, તે જગા પવિત્ર ગણાય. તેની યાદગીરી રાખવા માટે એ જગાએ આપણે મંદિર બાંધીએ." અને તે પ્રમાણે લોકોએ ત્યાં મંદિર બાંધ્યું.

ભાઈઓ તો આવા જ હોય.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧ બન્ને ભાઈના પૂળા બીજા દિવસે સરખા શી રીતે થઈ જતા હતા?

૧ ફ્રાન્સ દેશ વિષે સામાન્ય વાત કરો. પોંડીચેરી હિંદમાં નગર છે. તે અત્યારે ફ્રાન્સના તાબામાં છે, તેનો અનુબંધ લઈ શકાય.

અઘરા શબ્દો

કબીલો = પોતાનાં બૈરાંછોકરાં   બચરવાળ = છોકરાંછૈયાંવાળો

યાદગીરી = સંભારણું; સ્મૃતિ

પાઠ ૬ ઠ્ઠો

શ્રી. ગોપાળ કૃષ્ણ ગોખલે

શ્રી. ગોપાળ કૃષ્ણ ગોખલે એક મોટા દેશભક્ત હતા. લોકોની સેવા આખી જિંદગી સુધી કરવાનો નિયમ

લેનારા લોકોનું તેમણે એક મંડળ સ્થાપ્યું હતું. તેનું નામ 'ભારત સેવક સમાજ' છે. ગાંધીજીને એ નિયમ બહુ ગમતો. તેથી તે દેશસેવાની બાબતમાં ગોખલેજીને પોતાના ગુરુ માનતા. ગોખલેજીના નાનપણની બેએક વાતો સાંભળો.

૧

ગોખલે ભણતા હતા ત્યારે, એક દિવસ નિશાળના શિક્ષકે બધા છોકરાઓને ઘેરથી દાખલા ગણી લાવવા આપ્યા. ઘેર જઈને ગોખલે દાખલા ગણવા બેઠા. તેમાંથી એક દાખલો કેમે કર્યો બેસે નહિ. છેવટે તેમણે તે દાખલો બીજા પાસે ગણાવી લીધો.

નિશાળમાં શિક્ષકે બધાના દાખલા તપાસ્યા. પેલો અઘરો દાખલો એકલા ગોખલેનો જ ખરો હતો. તેથી શિક્ષકે તેમને પહેલે નંબરે જઈને બેસવા કહ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગોખલે પહેલા નંબરે બેસવા જતા ખચકાયા અને ઊભા ઊભા રડવા લાગ્યા. શિક્ષકે તેમને પૂછ્યું, "ગોપુ, કેમ રડે છે?"

ગોખલેએ કહ્યું, "એ દાખલો મેં ગણ્યો નથી. મને ન આવડ્યો, તેથી બીજાએ મને તે ગણી આપ્યો છે. એટલે હું પહેલો નંબર શી રીતે લઉં?"

૨

એક વાર ગોખલે રજાઓમાં મોસાળ ગયા હતા. તેમના મોટા ભાઈ ગોવિંદ પણ નોકરીમાંથી થોડા દિવસની રજા લઈને ત્યાં આવ્યા હતા.

એક દિવસ તે ગામના છોકરાઓ આટાપાટાની રમત રમતા હતા. ગોપાળ તથા ગોવિંદ પણ તેમાં જોડાયા. બે ભાઈ સામસામા પક્ષમાં હતા.

ગોવિંદના પક્ષનો દાવ હતો. સામા પક્ષમાં ગોપાળ છેલ્લા પાટા ઉપર ઊભો હતો. ગોવિંદ બધા પાટા સર કરીને ગોપાળ હતો ત્યાં છેલ્લા પાટા આગળ આવ્યો. ગોવિંદના પક્ષના બીજા છોકરાઓને પાછળ એક ચોકડીમાં ઘેરી રાખવામાં આવ્યા હતા.

ગોવિંદને થયું, જો ગોપાળ મારી વગ કરીને મને આ છેલ્લો પાટો ઓળંગવા દે, તો ખરી મજા આવે. તેણે ગોપાળને ધીમેથી કહ્યું, "એ ગોપુ, મને જરા નીકળી જવા દે."

ગોપાળે કહ્યું, "હા, નીકળી જવા દે તો! આવો તો ખરા, બતાવું કેવા નીકળાય છે તે!"

ગોવિંદે એક બે વાર નીકળવા દોડાદોડી કરી જોઈ, પણ છટકી શકાયું નહિ. એટલે તેણે ફરીથી ગોપાળને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કહ્યું, "અલ્યા તું મારો નાનો ભાઈ છે, મને નીકળી જવા દે. આટલું નથી સમજતો?"

ગોપાળે કહ્યું, "વાહ, વાહ, મને ઠીક પટાવવા માંડચો છે! નીકળવું હોય તો મને થાપ આપીને નીકળો. રમવા બેઠા તેમાં એમ ને એમ તો કોઈ જવા દે ખરું કે?"

ગોવિંદે હવે ધમકાવીને કહ્યું, "હવે દોઢડાહ્યો ના થા. મોટા ભાઈનું કહેવું માનતો નથી?"

આટલું કહી, ગોવિંદે પાટો ઓળંગવા પ્રયત્ન કરી જોયો. પણ ગોપાળ બરાબર સાવધાન હતો. તેણે મોટા ભાઈને નીકળવા ન દીધા.

આથી ચિડાઈને ગોવિંદે કહ્યું, "અલ્યા, તું તે ભાઈ છે કે દુશ્મન?"

ગોપાળે જવાબ આપ્યો, "મોટા ભાઈ, આમ કેમ કહો છો? તમે કહો તો હું રમતમાંથી નીકળી ઘેર જતો રહું. પણ રમું છું ત્યાં લગી મારા પક્ષને દગો ન દેવાય."

એવામાં ગોવિંદના પક્ષનો એક છોકરો ચોકડીના ઘેરામાંથી નીકળતાં પકડાઈ ગયો. એટલે ગોવિંદનો પક્ષ હાર્યો; અને બે ભાઈનો ઝઘડો પતી ગયો.

'પુત્રનાં લક્ષણ પારણામાંથી જણાય,' એમ આપણે કહીએ છીએ. નાના ગોખલે મોટપણે સાચા દેશસેવક થયા, તેમાં નવાઈ નથી.

૧ 'ભારત સેવક સમાજ' પૂનામાં છે. શ્રી. ઠક્કરબાપા એના આજીવન સભ્ય હતા. શ્રી. ગોખલે મહારાષ્ટ્રના હતા. શ્રી. રાનડેને તે ગુરુ તરીકે પૂજતા. શ્રી. રાનડેનો પાઠ બીજી ચોપડીમાં છે, તે યાદ કરાવો.

૧ ગોખલે ઉપલે નંબરે ચડતાં શું કામ રડતા હતા? ગોખલેએ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
તેમના ભાઈને કેમ ન જવા દીધા? — આ મુદ્દા વિષે સવાલજવાબ કરી તે સ્પષ્ટ કરો.

૧ આટાપાટા બાળકોને રમાડો. તેના નિયમો સમજાવો. તેની હરીફાઈ યોજો.

૧ 'ગોખલે'નો ઉચ્ચાર 'ગો' નહિ, ગો કરવો. 'ગોખલા'નો ગો નહિ, 'ગોરખ'નો ગો બોલવો.

અઘરા શબ્દો

સર કરવું = જીતવું; ઓળંગવું
થાપ આપવી = ભુલાવામાં નાંખવું
વગ કરવી = પક્ષપાત કરવો
લક્ષણ = ગુણ; ચિહ્ન; ઢંગ

પાઠ ૭ મો

સત્યમેવ જયતે

સતનું ચિત ચિંતન રે કરવું,
સત વાયક નિશ્ચય ઊચરવું.
નહિ કામ અસત્ય કદી કરવું,
સત મારગથી કદી ના ફરવું. ૧
કંઈ જોગથી સત્ય છુપાઈ જશે,
પણ છેવટ સત્ય ઉજાસ થશે.
કદી સૂરજ વાદળથી છૂપશે,
છૂટી નિશ્ચય તે ફરીથી દીપશે. ૨
સતમાં સુખ સાચું સદાય વસે,
સતથી અતિ વિશ્વપતિ રીઝશે.
નથી સત્ય વિના કંઈ ધર્મ બીજો,
જીતી સત્યથી સર્વ સદાય રીઝો. ૩

[જૂની સરકારી વાચનમાળામાંથી]

૧ 'સત્યમેવ જયતે'— સત્યનો જ જય થાય છે, એ ભારતનો મુદ્રાલેખ છે એ માહિતી આપો. (જુઓ આગળ 'રાષ્ટ્રમુદ્રા' એ પાઠ.)

૧ ગોખલેનો તથા સાચાબોલા છોકરાનો પાઠ વાંચવા કહો.

૧ ગાંધીજીના બાળપણમાંથી સત્ય વિષેની વાત કરો.

૧ 'બે દુકાનદાર'નો પાઠ બીજી ચોપડીમાં છે તે યાદ કરાવો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાચક = વાક્ય
નિશ્ચય = નક્કી; અવશ્ય
જોગ = સંજોગ; બનવાકાળ
વિશ્વપતિ = જગતનો સ્વામી – પરમેશ્વર
રીઝવું = રાજી – પ્રસન્ન થવું

પાઠ ૮ મો

પ્રહ્લાદ

દાનવને ઘેર દેવનો જન્મ થયો. જાણે કાદવમાં કમળ ઊગ્યું!

પ્રહ્લાદજીને નાનપણથી ભગવાનનું પૂજન ગમે. બાપ હતો દાનવોનો રાજા. તે ડોળા કાઢી કહે : "ખબરદાર, ભગવાનનું નામ લીધું તો! દાનવ વળી ભજન કરે? અને તું તો રાજાનો છોકરો. તલવાર ચલાવતાં શીખ."

પ્રહ્લાદ કહે, "પિતાજી, ભગવાન રાજાઓના પણ રાજા છે."

બાપ કહે, "ભગવાન છે જ ક્યાં? મારા કરતાં કોઈ મોટું નથી."

પ્રહ્લાદે એ ન માન્યું. દાનવે ગુરુજીને બોલાવ્યા : "ગુરુ મહારાજ, આને ગમે તેમ કરીને ભગવાન ભુલાવો. એને સાચો દાનવ બનાવો."

ગુરુજી બાળકને પટાવવા લાગ્યા : "પ્રહ્લાદજી, ભગવાનનું નામ છોડો તો મેવા-મીઠાઈ અપાવું, હાથી-ઘોડા અપાવું; કહો તે કરાવું."

પ્રહ્લાદ—ગુરુજી, મને તો ભગવાનનું નામ જ જોઈએ.

ગુરુજી થાક્યા : "લો રાજાજી, તમારો છોકરો પાછો. મારાથી ઠેકાણે નહિ આવે."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



રાજાએ ગુસ્સે થઈ દાનવોને હુકમ કર્યો : "આ છોકરાને પર્વત ઉપરથી ગબડાવો."

દાનવોએ પ્રહ્લાદજીને પકડીને પર્વત પરથી ગબડાવ્યા. તોપણ પ્રહ્લાદજી તો હસે છે અને ભગવાનનું નામ લે છે!

રાજાએ વળી ત્રાડ નાખી : "આ છોકરાને દરિયામાં ફેંકો."

પ્રહ્લાદજીને દરિયામાં ફેંક્યા. છતાં તે તો હસે છે ને ભગવાનનું નામ લે છે!

હવે રાજાએ લોઢાનો થાંભલો ધખાવ્યો અને કહ્યું, "લે ભેટ, આ તારા ભગવાનને!"

ભગવાનનું નામ લઈ પ્રહ્લાદજીએ થાંભલાને બાથમાં લીધો. ત્યાં તો કડડડ અવાજ થયો. થાંભલો ફાટયો. તેમાંથી નરસિંહ ભગવાન પ્રકટ થયા. દાનવોનો રાજા બીકથી કંપવા લાગ્યો. ભગવાને તેને પકડયો અને પોતાના નખથી ચીરી નાખ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભગવાન બોલ્યા : "બેટા પ્રહ્‌લાદ, માગ માગ, માગે તે આપું."

પ્રહ્‌લાદ બોલ્યા : "પ્રભુ, તમે મળ્યા એટલે બધું મળ્યું. મારા પિતાજીને માફ કરો. તેમનું ભલું કરો."

"તથાસ્તુ" કહી ભગવાન અલોપ થઈ ગયા.

૧ પ્રહ્‌લાદને ગાંધીજીએ આદર્શ સત્યાગ્રહી કહ્યો છે.

૧ આમ જ, સત્ય, દયા, પ્રતિજ્ઞાપાલન ઇત્યાદિ ગુણોની પુરાણ-કથાઓ બાળકોને કહેવી જોઈએ. પ્રહ્‌લાદનું નાટક પણ ભજવી શકાય.

અઘરા શબ્દો

ત્રાડ = ગર્જના; મોટી બૂમ તથાસ્તુ = 'તેમ થાઓ'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બિલાડી-શિક્ષક

૧૯૩૨ની સાલમાં ગાંધીજી યરોડા જેલમાં હતા. જેલના ભઠિયારાએ એક બિલાડી પાળી હતી. તે ગાંધીજી પાસે આવતી અને ગેલ કરતી. ગાંધીજીને રસોડેથી બિલાડીને નિયમિત દૂધ મળતું.

બિલાડીને બે બચ્ચાં હતાં. તે મોટાં થયાં એટલે ધીમે ધીમે મા જોડે બહાર નીકળવા લાગ્યાં. એક સવારે બચ્ચાંને લઈને બિલાડી આવી. એક બચ્ચું મા જોડે ગેલ કરવા લાગ્યું. બિલાડી શાંત બેઠી હતી. આનંદમાં તે પોતાની પૂંછડી ધીમે ધીમે હલાવતી હતી. તે જોઈ બચ્ચું પૂંછડીને ઉંદર માની દોડતું આવે ને પૂંછડીને પંજાથી પકડી મોંમાં લે, તેને કરડે. બિલાડી પૂંછડી ખેંચી લે, અને પાછી તે હલાવવા લાગે. એટલે વળી પાછું પેલું બચ્ચું પૂંછડી મોંમાં લે. એમ ઉંદર-બિલાડીની ગમ્મત કરે. આ ખેલ ગાંધીજીએ ઘણી વાર સુધી જોયા કર્યો.

ધીમે ધીમે બિલાડીનાં બચ્ચાં પણ ગાંધીજી સાથે ઘણાં હળી ગયાં. ઉપાસના વખતે આવીને તેમના ખોળામાં બેસે, બધાંની સાથે ગમ્મત કરે; અને ખાવાને વખતે તો મિયાઉં મિયાઉં કરી મૂકે. ઘણી વાર ગાંધીજીના પગ આગળ આળોટે.

ગાંધીજી જેલમાંથી દર અઠવાડિયે સાબરમતી આશ્રમનાં બાળકોને એક પત્ર લખતા. એક અઠવાડિયે તેમણે બિલાડી ને તેનાં બચ્ચાં વિષે પત્ર લખ્યો. તેમાં એમણે લખ્યું કે:-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



"બચ્ચાં ચાલતાં રમતાં થયાં કે તુરત બિલાડીએ શૌચના નિયમ તેમને શીખવ્યા. પોતે એકાંતમાં આવેલી પોચી જમીન ખોતરી ખાડો કર્યો. તેની પર બચ્ચાંને બેસાડ્યાં. પછી ધૂળથી મળ બરોબર ઢાંકી, જમીન હતી તેવી કરી. હવે બચ્ચાં રોજ એવી રીતે શૌચ કરે છે.

"બિલાડાંને જે શીખવું જોઈએ તે આ માતા કશી ધાંધલ વિના ને મૂંગે મોઢે શીખવે છે. રીત સાવ સહેલી છે. તે જે શીખવવા માગે છે, તે પોતે તેમના દેખતાં કરી બતાવે છે. બચ્ચાં તુરત એ કરતાં થઈ જાય છે. આ રીતે તેઓ દોડતાં, ઝાડો પર ચડતાં, સંભાળપૂર્વક ઊતરતાં, ખાતાં, શિકાર કરતાં, પોતાનું શરીર ચાટીને સાફ રાખતાં શીખ્યાં. જોતજોતામાં મા જેટલું જાણે છે તેટલું બચ્ચાં જાણતાં થઈ ગયાં છે.

"મા બચ્ચાંને બહુ વાર રેઢાં છોડતી નથી. તેનો પ્રેમ મનુષ્યપ્રેમ જેવો જ લાગે છે. બચ્ચાંને સોડમાં લઈ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સૂએ છે. ધાવવા માગે ત્યારે પોતે લેટી જાય છે ને ધાવવા દે છે. કાંઈ શિકાર કર્યો હોય તો બચ્ચાંની પાસે લઈ આવે છે. વલ્લભભાઈ રોજ એમને દૂધ આપે છે. નાનકડી રકાબીમાંથી ત્રણે દૂધ પીએ છે. ઘણી વાર મા જોયા કરે છે, પણ પોતે ભાગ પડાવતી નથી. તે બચ્ચાંની સાથે બચ્ચાની જેમ ગેલ કરે છે, કુસ્તી કરે છે."

અને છેવટે ગાંધીજીએ કહ્યું કે, ખરેખર, બિલાડી આપણને સમજવા જેવી વાતો શીખવે છે.

¶ બિલાડીને ગાંધીજીએ શિક્ષક શું કામ કહી? બચ્ચાંને તે કઈ કઈ વિદ્યાઓ શીખવે છે? બાળકોને બિલાડીની ટેવોનું નિરીક્ષણ કરવા પ્રેરો.

¶ યરોડા જેલ ક્યાં આવી? તે જેલ વિષે વાત કરો. ગાંધીજીને જેલમાં શું કામ કોણે પૂર્યા હતા તે કહો.

¶ આશ્રમમાં પત્ર લખતા એટલે ક્યાં? કોને પત્ર લખતા? સાબરમતી આશ્રમ પર પત્ર લખતા ને ત્યાંનાં બાળકોને પણ એક પત્ર લખતા.

¶ આશ્રમ-પદ્ધતિનાં ખાડા-જાજરૂ દેખાડો, અને તેમને વિષે વાત કરો. બિલાડી પેઠે દરેક જણ કરે તો ગામડાંની ગંદકી એક દિવસમાં દૂર થઈ જાય. બિલાડી પાસેથી આ એક મોટો પાઠ લેવા જેવો છે.

¶ પત્રમાં વલ્લભભાઈ કહ્યા છે, તે સરદાર વલ્લભભાઈ પટેલ, જે ગાંધીજી જોડે જેલમાં હતા.

અઘરા શબ્દો

ભઠિયારો = ભઠ્ઠી પર શેકનારો; રોટી બનાવનારો

હળી જવું = -ની સાથે ગોઠવું, ગમી જવું

બેસાડવું = ઝાડે ફરવા બેસાડવું

સાવ = તદ્દન; છેક જ

રેઢાં = રખડતાં; સંભાળ વિનાનાં

લેટી જવું = આડા પડવું; સૂઈ જવું

શૌચ = ઝાડે ફરવું તે – મળત્યાગ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

२४३६०
66ग
४३ (३)
Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ ૧૦ મો

શબરીનાં બોર



મારાં મીઠાં મીઠાં મધ બોર રે,
રામ તમે આરોગો.
એક વનમાં વસે ભીલ નાર રે, રામ૦
એનું શબરી છે નામ નિરધાર રે. રામ૦
નથી પુત્તર, નથી પરિવાર રે, રામ૦
એક રામનામનો આધાર રે. રામ૦
એ તો જપે છે રાતદિન રામ રે, રામ૦
એને રામને ભજ્યાનું એક કામ રે. રામ૦
એને એક મળ્યો વન કેરો જોગી રે, રામ૦
'તારી ભક્તિનો, બાઈ, આવે ભોગી રે.' રામ૦
એને તે દિનની એક રઢ લાગી રે, રામ૦
એના ચિત્તડામાં ચટપટી જાગી રે. રામ૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
રામ આવે તો આહીં હું બેસાડું રે, રામ૦
રામ આવે તો આમ હું બેસાડું રે. રામ૦
એનું કામ માંહ્ય ચોંટે ન મન રે, રામ૦
એને ભાવે નહિ હવે અન્ન રે. રામ૦
મધરાતે તે ઝબકીને જાગે રે, રામ૦
પાન હાલે ત્યાં જોવા વહેલી ભાગે રે. રામ૦
સૂરજ ઊગે કે સંચરે છે વન રે, રામ૦
રામ કાજે ફળ વીણવાનું મન રે. રામ૦
એને જડે ન કાંઈ રામ જોગ રે, રામ૦
બધાં ફળમાં છે કંઈક કંઈક રોગ રે. રામ૦
પેલી કોઠી હજુ ઘણી કાચી રે, રામ૦
ખાટી આમલી ચાખીને નાખી પાછી રે. રામ૦
દેખી ખટમણાંને મોઢું એ મરોડે રે, રામ૦
પીલુ પીલુડીનાં કોણ એવાં તોડે રે. રામ૦
જાંબુ કાળાં ને બીજ-ભર્યાં પેરુ રે, રામ૦
વળી ઉંબરામાં ઘર કીડા કેરું રે. રામ૦
ગોતી ગોતી ને એક એણે ગોતી રે, રામ૦
રૂડી બોરડી તે બહુ બોર સોતી રે. રામ૦
ડાળ વાંકડી ને વાંકડિયા કાંટા રે, રામ૦
બેઠાં બોરાં એમાં રાતાં રાતાં રે. રામ૦
બોર દેખી શબરી હરખાણી રે, રામ૦
ચૂંટે બોર પછી હેત આણી આણી રે. રામ૦
પીળાં પીળાં તે ભોંય પર નાખે રે, રામ૦
રૂડાં રાતડાંને રામ સારુ રાખે રે. રામ૦
ચાખી ચાખીને કરી છે કસોટી રે, રામ૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભલાં ભલાંની ભરી છે ભંભોટી રે. રામ૦
ઊગ્યો એક દિન સોનાનો સૂર રે, રામ૦
રામલક્ષ્મણ પધાર્યા જરૂર રે. રામ૦
'કહો ક્યાં વસે શબરી માઈ રે?'– રામ૦
એમ પૂછતા રામ પહોંચ્યા ધાઈ રે. રામ૦
શબરી, ઊગ્યો તારા ભાગ્ય તણો ચંદ રે, રામ૦
તારે આંગણે પરોણા રઘુનંદ રે. રામ૦
તારી ભક્તિ સફળ બની, માઈ રે, રામ૦
તારાં એઠાં તે બોર રામ ખાય રે. રામ૦
શબરી, તારી તે ધન્ય ધન્ય જાત રે, રામ૦
તને રામે કહી શબરી માત રે. રામ૦

૧ રામાયણની વાત કહો. રામ વનમાં કેમ ગયા?

૧ શબરી કઈ જાતની હતી? આજે ભીલો ક્યાં રહે છે? પંચમહાલ તરફ પ્રવાસ ગોઠવી શકાય.

૧ શબરી બોર શું કામ ચાખીને રાખતી હતી? 'શબરીનાં બોર' તો કહેવત થઈ ગઈ છે તે શાથી, એ મુદ્દો ધ્યાનમાં આવે એમ વાતચીત કરો.

અઘરા શબ્દો

નિરધાર = નક્કી
પરિવાર = કુટુંબકબીલો
ભક્તિનો ભોગી = ભગવાન; રામ
કેરો = –નો
રઢ = લહે, લગની
ચટપટી = તાલાવેલી; ઉત્કંઠા
ભાગવું = દોડવું
સંચરવું = જવું
કાજે = માટે
જોગ = લાયક
ખટમણું = ખાટુંમીઠું એક ફળ
પેરુ = જામફળ
ઉંબરું = ઉમરડાનું ફળ
ગોતવું = શોધવું
સોતી = સહિત; સાથેની
ભંભોટી = પાણી માટેનું માટીનું એક વાસણ
કસોટી = પરીક્ષા

સૂર = સૂરજ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એક મુસાફર



બાદશાહ કચેરી ભરીને બેઠો હતો. ત્યાં એક મુસાફર આવ્યો.

મુસાફર બહુ જ જબરો હતો. તે સુસવાટા મારતો હતો. તે આમ તેમ કૂદતો ને ડોલતો હતો. તેનાં લૂગડાં ફટ ફટ ઊડતાં હતાં.

તે આવ્યો તેની સાથે કચેરીમાં બધું હાલી ઊઠ્યું. બધાના માથાના વાળ ફર ફર હાલવા લાગ્યા. બધાનાં કપડાં ફટ ફટ ઊડવા લાગ્યાં.

નાની ટોપીઓ ને હલકી પાઘડીઓ તો ઊડી જ પડી!

બાદશાહ કહે: "આવો બેસો, ક્યાં રહો છો?"

મુસાફર કહે, "ઘર જ કોને છે? અમે તો ફરતારામ! આખી દુનિયા અમારું ઘર."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બાદશાહ—"શું કામ કરો છો ?"

મુસાફર—"કામ ? કામ તો મોટાં મોટાં કરીએ છીએ. મરજીમાં આવે તો ઝાડનાં ઝાડ ધુણાવી નાખું. વાદળાંને આકાશમાં આમથી તેમ દોડાવું.

"કોઈ વાર મોરનાં પીછાં એવાં ઉડાડું કે મોર વાંકો જ વળી જાય. ધારું તેને ફૂંકે ઉડાડું.

"મરજીમાં આવે ત્યારે ફૂલોને આમ તેમ ડોલાવું છું અને હસાવું છું.

"માણસોને હું બહુ હેરાન કરું છું. ધૂળ તો એવી ઉડાડું કે, તેઓની આંખો જ પુરાઈ જાય અને તેઓ ઘર વાળી વાળીને થાકે.

"મને કોઈ રોકી શકે જ નહિ. રાજાના મહેલમાંયે હું તો પેસી જાઉં."

બાદશાહ—"ત્યારે તમારો કોઈ ઉપરી ખરો કે?"

મુસાફર—"મારો વળી ઉપરી કોણ? મારો ઉપરી એક ખુદા!"

બાદશાહ—"ત્યારે ખુદાથી તો ડરો ને?"

મુસાફર—"હાસ્તો."

બાદશાહ—"તે તો સૌનું ભલું ચાહે છે!"

મુસાફર—"એ વાત ખરી. હું લોકોનું કામ પણ કરું છું. કેટલાક પાકા માણસો મને ઘંટીએ દળવા બેસાડે છે. કેટલાક મારી પાસે પાણી ભરાવે છે. કેટલાક વળી મારી પાસે વહાણ ખેંચાવે છે. એમ ઘણાં કામ હું કરું છું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"નાનાં છોકરાંનું કામ પણ કરું છું. તેઓ મને પિપૂડીમાં પૂરીને મારી પાસે પી પી કરાવે છે. એ મને બહુ ગમે."

બાદશાહ — "ત્યારે હવે તમારું નામ કહો."

મુસાફર — "સાંભળો બાદશાહ, મારું નામ ત્રણ અક્ષરનું છે.

"તેનો પહેલો અક્ષર પાંચડો છે.

"બીજો અને ત્રીજો અક્ષર ભેગા વાંચો તો તેનો અર્થ જંગલ થાય.

"ત્રીજા પછી બીજો અક્ષર મૂકીને વાંચો તો સાત અને બે થાય.

"બોલો, જાણ્યું મારું નામ ?"

બાદશાહ — "જાણ્યું જાણ્યું, તમારું નામ જાણ્યું. પધારો પવનભાઈ, તમને કોણ ના ઓળખે ?"

¶ આમ બીજી વાતો પણ જોડી શકાય. તેનું નાટક બાળકો ભજવી શકે.

¶ પવન ક્યાં ક્યાં કામો કરે છે તે નિહાળવા પ્રેરો. પવન ક્યાં ક્યાં તોફાનો કરે તેની વાતચીત કરો.

¶ 'પ-વ-ન' પરથી બનાવેલા કોયડા જેવા બીજા કોયડાની રમતો બાળકો માંહોમાંહે રમી શકે.

અઘરા શબ્દો

સુસવાટો = જોરથી વહેતા પવનનો અવાજ   પાકું માણસ = પહોંચેલ – છેતરાય નહિ તેવું – માણસ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ ૧૨ મો

ગાળ ન લે તો?



(રજાનો દિવસ છે, છોકરાં વાતો કરે છે.)

ચંદુ—પૃથ્વી દડા જેવી ગોળ છે.

નવીન—ના, થાળી જેવી ગોળ છે. દડા જેવી ગોળ હોય, તો તેના ઉપરથી ગબડી જ પડાય.

ચંદુ—તું તો સાવ ગધેડો છે. અમે આજે નિશાળમાં ભણ્યા તે ખોટું?

નવીન—તું જ ગધેડો છે. તને નજરે નથી દેખાતું કે પૃથ્વી થાળી જેવી ગોળ છે?

સુરેશ—વાહ વાહ! ચંદુભાઈ નવીનભાઈને ગધેડો કહે છે, અને નવીનભાઈ ચંદુભાઈને ગધેડો કહે છે. અને બંને સાચા, એટલે બંને ગધેડા થયા.

લલિતા—પણ તું તો બંને જણને ગધેડા કહે છે, એટલે તને શું કહેવાય? (હસે છે.)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચંદુ અને નવીન સાથે બોલી ઊઠયા, "મોટો ગધેડો વળી."

લલિતા—બરોબર.

આથી સુરેશને માઠું લાગ્યું. તે ગુસ્સે થઈને બોલ્યો : "મને ગાળ શાની દે છે?"

લલિતા—તું ચંદુભાઈ અને નવીનભાઈને ગધેડો કહે છે તે ગાળ નહિ?

આમાંથી બે જણ લડી પડતાં હતાં, તેમાં કુસુમ વચ્ચે પડી. તે કહે, "સુરેશ, કોઈ તને ગાળ દે, પણ તું એ લે શા માટે?"

સુરેશ—એટલે?

કુસુમ—તું ના સમજ્યો? જો હું તને કાંઈ આપું, અને તું તે ન લે, તો તે વસ્તુ કોની પાસે રહે?

સુરેશ—એમાં શું પૂછયું? તારી પાસે જ રહે વળી.

કુસુમ—તેમ તું મને ગાળ દે અને હું તે ન લઉં, તો તે કોની પાસે રહે?

સુરેશ—મારી જ પાસે.

લલિતા—આ તો ખરી ગમ્મતની વાત થઈ! કોઈને ગાળ ભાંડવી જ નહિ. કેમ કે કોઈને ગાળ દઈએ, અને તે જો એ લે નહિ, તો તે આપણી પાસે જ રહે. તો પછી ગાળ દેવી શું કામ?

૧ બુદ્ધ ભગવાન અને ભારદ્વાજ બ્રાહ્મણનો સંવાદ અહીં કહી શકાય. ગાળ વિષેની આ જ દલીલ તેમાં છે.

૧ આ પાઠનો સંવાદ વર્ગમાં ભજવવો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧ કોઈ કાંઈ કઠોર શબ્દ કહે, તો તેને સામો તેવો કે વિશેષ કઠોર શબ્દ કહેવા જતાં ઝઘડો નાહક વધે છે, અને તેનો અંત ઝટ આવતો નથી. તેને બદલે સામો અપશબ્દ કહેવાની વૃત્તિ રોકવાથી છેવટે બંને પક્ષને લાભ થાય છે. આ અંગે જુદા જુદા સંતોનાં ચરિત્રમાંથી દાખલા આપી શકાય.

વચ્ચે પડવું = બેની લડાઈ પતાવવા વચ્ચે આવી મદદ કરવી.

પાઠ ૧૩ મો

વડો સેનાપતિ



દોઢસોથી વધારે વરસ પહેલાંની વાત છે. તે વખતે અમેરિકા દેશ અને ઇંગ્લંડ દેશ વચ્ચે લડાઈ ચાલતી હતી. અમેરિકા દેશ ઇંગ્લંડનો તાબેદાર હતો. તે પોતાની આઝાદી માટે લડતો હતો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અમેરિકાના લશ્કરના વડા સેનાપતિ વૉશિંગ્ટન નામનો એક વીર પુરુષ હતો.

તેના લશ્કરે એક જગાએ પડાવ નાખ્યો હતો. લશ્કરની ટુકડીઓ પોતાનો મોરચો ગોઠવતી હતી.

એક જગાએ સિપાઈઓ એક ભારે લાકડું ઉઠાવવા મથતા હતા. તેમનો નાયક બાજુએ ઊભો હતો. ઊભો ઊભો તે એમને લાકડું ખસેડવા હુકમ કરતો હતો. લાકડું બહુ ભારે હતું. સિપાઈઓથી તે ઉપાડી શકાતું ન હતું.

એટલામાં એક માણસ ત્યાંથી જતો હતો. તે ઘોડા ઉપર બેઠેલો હતો. તેણે સારાં કપડાં પહેર્યાં હતાં. તેણે જોયું કે, લાકડું ઘણું ભારે છે; વધારે માણસની મદદની જરૂર છે,

તેણે નાયકને ધીમે રહીને કહ્યું : "ભાઈ, આ લાકડું બહુ ભારે છે. તમારા સિપાઈઓથી તે ઊપડી શકે તેમ લાગતું નથી. તમે પોતે હાથ દેવા લાગો તો કામ થાય."

નાયકે તે માણસની સામું જોઈ રોફભેર કહ્યું, "હું નાયક છું. હું એવું કામ ન કરું. એ કામ સિપાઈ-ઓનું છે."

પેલા માણસે તરત સલામ ભરીને કહ્યું : "માફ કરજો સાહેબ ! મને એ ખબર ન હતી."

એમ કહી તે ઘોડા પરથી નીચે ઊતર્યો, અને બાંયો ચડાવી સિપાઈઓની મદદે લાગ્યો. મદદ મળી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેથી સિપાઈઓ પણ હિંમતમાં આવી ગયા. થોડા વારમાં તેમણે લાકડું ઉપાડીને તેની જગાએ ગોઠવી દીધું.

પેલો માણસ પરસેવાથી રેબઝેબ થઈ ગયો હતો. ઘોડે ચડીને જવા લાગ્યો, ત્યારે નાયકે તેને કહ્યું: "શાબાશ, તમે ઠીક મદદ કરી."

પેલા માણસે કહ્યું: "એમાં શું? આપણા દેશ માટે લડાઈ ચાલે છે. તેમાં આપણા સિપાઈઓને મેં થોડી મદદ કરી, એમાં શું થઈ ગયું? જ્યારે ફરી આવું કોઈ કામ પડે, ત્યારે મને બોલાવજો. હું ખુશીથી આવીશ. હું તમારા વડા સેનાપતિના તંબૂમાં જ રહું છું." એમ કહી તેણે ઘોડો હંકાર્યો.

નાયકને હવે સમજાયું કે, એ માણસ તો વડા સેનાપતિ પોતે જ હતા. પછી તે ઘણું શરમાયો, અને પોતાની ભૂલ માટે પસ્તાવા લાગ્યો.

૧ અમેરિકાને ઇંગ્લંડથી સ્વતંત્ર થવા લડાઈ લડવી પડી હતી, તેની ટૂંકમાં વાત કરવી. આપણો દેશ આઝાદીની લડત જુદી રીતે લડ્યો તે તરફ ધ્યાન ખેંચી શકાય.

૧ વૉશિંગ્ટનની બીજી પ્રચલિત વાત પણ કહેવી. કુહાડીવાળી વાતમાં તેની સાચું કહી દેવાની હિંમત તરફ ધ્યાન ખેંચવું.

૧ કોઈ પણ ઉપયોગી કામ કરવામાં નાનમ ન માનવી જોઈએ. બીજી ચોપડીમાંથી શ્રી. રાનડેવાળી વાત પણ અહીં કહેવી.

અઘરા શબ્દો

પડાવ = મુકામ; છાવણી

મોરચો = લડાઈ માટે આગળના ભાગમાં લશ્કર, તોપ વગેરેની ગોઠવણી

હાથ દેવો = મદદ કરવી; ટેકો આપવો

રેબઝેબ = તરબોળ; નીતરતું

હંકારવું = હાંકવું; ચલાવવું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ ૧૪ મો

કૂચગીત



પગલે પગલે સાવધ રહીને
પ્રેમળતા પ્રગટાવ્યે જા.
અંતરને અજવાળે વીરા!
પંથ તારો કાપ્યે જા.
કાંટા આવે કંકર આવે, ધોમ ધખંતી રેતી આવે;
ખાંડાની ધારે ને ધારે, ધૈર્ય ધારી ચાલ્યો જા.
દુર્ગમ પંથ કાપ્યે જા.
હિંમત તારી ખોતો ના, સ્વાર્થ સામે જોતો ના;
શિસ્ત, શાંતિ ને સેવાનો તું, પાઠ સૌને આપ્યે જા.
દુર્ગમ પંથ કાપ્યે જા.

સંતબાલ

૧ આવાં બીજાં ઘણાં કૂચગીત ગવરાવી શકાય.

અઘરા શબ્દો

ધોમ = સૂર્ય (૨) સખત તડકો   ધૈર્ય = ધીરજ
ખાંડું = તલવાર   દુર્ગમ = મુશ્કેલીથી જવાય તેવો
શિસ્ત = આજ્ઞા કે નિયમમાં રહેવું તે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ ૧૫ મો

કુમારોની પરીક્ષા



પાંચ પાંડવો અને સો કૌરવો ગુરુ દ્રોણ પાસે બાણવિદ્યા શીખતા હતા. ગુરુ તો બધાને સરખી રીતે શીખવતા હતા. પરંતુ અર્જુન બહુ ધ્યાનથી અને ખંતથી શીખતો હતો. તેથી તે બીજાઓ કરતાં હોશિયાર થયો.

એક દિવસે દ્રોણગુરુએ બધા કુમારોની પરીક્ષા લેવાનો વિચાર કર્યો. તેમણે ઝાડની ડાળી ઉપર બનાવટી પક્ષી મુકાવ્યું. પછી સૌ કુમારોને બોલાવીને કહ્યું: "સૌ પોતપોતાનું ધનુષ હાથમાં લો. પેલા પક્ષીનું માથું વીંધવાનું છે. તે તરફ બાણ તાકીને તૈયાર ઊભા રહો."

બધા કુમારો એ પ્રમાણે તૈયાર થઈને ઊભા રહ્યા.

દ્રોણગુરુ પ્રથમ યુધિષ્ઠિર પાસે આવ્યા અને બોલ્યા: "યુધિષ્ઠિર, તું પેલું પક્ષી બરાબર જુએ છે?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

યુધિષ્ઠિર કહે—હા ગુરુજી, ઝાડ પર પક્ષી છે તે હું જોઉં છું.

દ્રોણ—બીજું શું શું જુએ છે?

યુધિષ્ઠિર—હું એ ઝાડની ડાળી જોઉં છું, ઝાડ પણ જોઉં છું, અને ઉપરનું આકાશ પણ જોઉં છું.

દ્રોણ—તો તું એ પક્ષીને તાકી નહિ શકે. તું બાજુએ ખસ.

પછી દ્રોણગુરુ દુર્યોધન પાસે આવ્યા. તેમણે તેને પૂછ્યું કે, તું શું જુએ છે? તેણે પણ જવાબ આપ્યો કે, હું પક્ષી જોઉં છું, ડાળી જોઉં છું, ઝાડ જોઉં છું, આકાશ જોઉં છું.

દ્રોણગુરુએ તેને પણ નપાસ કર્યો. એ જ પ્રમાણે તેમણે બીજા કુમારોને પૂછ્યું. તેઓએ પણ એવા જ જવાબ આપ્યા. દ્રોણગુરુએ તે સૌને નપાસ કર્યા.

છેવટે દ્રોણગુરુ અર્જુન પાસે આવ્યા. તેમણે તેને પૂછ્યું: "હે અર્જુન! તું પેલા પક્ષીને જુએ છે?"

અર્જુન—હા ગુરુજી.

દ્રોણ—બીજું શું શું જુએ છે?

અર્જુન—પક્ષી સિવાય મને બીજું કાંઈ દેખાતું નથી.

દ્રોણ—એ પક્ષી કેવું છે?

અર્જુન—ગુરુજી, હું આખું પક્ષી જોતો નથી. મને તો પક્ષીનું માથું જ દેખાય છે. આજ્ઞા આપો તો તે વીંધું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દ્રોણગુરુ અર્જુનનો આ જવાબ સાંભળીને ઘણા રાજી થયા. તેમણે કુમારોને કહ્યું કે, "વીંધવાની તૈયારી આવી હોય." પછી તેમણે અર્જુનને બાણ છોડવા કહ્યું. અર્જુને બાણ છોડયું. પેલા પક્ષીનું માથું વીંધાઈ ગયું.

દ્રોણગુરુ અર્જુનને ભેટયા અને બોલ્યા, "તું જરૂર મોટો બાણાવળી થશે."

૧ અર્જુન, દ્રોણ ઇ૦ પાત્રો વિષે વાતો કહો. મહાભારત ગ્રંથ વિષે માહિતી આપો. તેની વાત કહો.

૧ અર્જુન કેમ વીંધી શકયો? તે કેમ પરીક્ષામાં પસાર થયો? વાતચીત દ્વારા સ્પષ્ટ કરો.

૧ અર્જુન કેવો મોટો બાણાવળી થયેલો તેની વાત કરો. મત્સ્ય-વેધ વગેરે. મોટપણે બાણવિદ્યા મેળવવા તેણે કેવી મહેનત કરેલી તે જણાવો.

પાઠ ૧૬ મો

પારસીઓ આવ્યા

સંજાણ બંદરે દરિયામાં દૂરથી આવતા એક વહાણ તરફ કેટલાક લોકો જોઈ રહ્યા છે. "કોઈ વેપારીનું વહાણ તો આવવાનું છે નહિ. તો પછી આ કોનું વહાણ હશે?"

વહાણ કિનારે આવી પહોંચ્યું. પણ એ કોઈ વેપારીનું વહાણ જણાતું નહોતું. ત્યારે?

વહાણ કિનારે લાંગરવામાં આવ્યું. તેમાં બેઠેલા લોક ઊતરીને કિનારે આવ્યા. તે પરદેશી લાગતા હતા. એમની પાસેથી લોકોએ જાણ્યું કે, તેઓ ઈરાન દેશના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
પારસીઓ હતા. ઈરાનમાં તેમને પરાણે વટલાવવામાં આવતા હતા. તેથી તેમણે પોતાનો દેશ છોડયો હતો.

પરદેશીઓને કોઈ પોતાના મુલકમાં ઝટ પેસવા ન દે. પણ આ પારસીઓને વિશ્વાસ હતો કે, ગુજરાતમાં તેમને રક્ષણ મળશે.



સંજાણમાં તે વખતે જાદે રાણા નામના એક હિંદુ રાજાનું રાજ્ય હતું. પારસીઓએ તેના રાજ્યમાં રહેવાની રજા માગવા પોતાના એક માણસને મોકલ્યો.

રાણાએ તેના જવાબમાં દૂધથી છલોછલ ભરેલો પ્યાલો આપ્યો અને કહ્યું, "તમારા આગેવાનને આ આપજો."

દૂધનો ભરેલો પ્યાલો લઈને તે માણસ પાછો આવ્યો. પ્યાલો જોઈ બધા પારસી વિચારમાં પડયા, "દૂધના પ્યાલાનો શો અર્થ ?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
પારસીઓના આગેવાને પ્યાલો હાથમાં લીધો. તેમાં તેણે ધીરે ધીરે થોડી સાકર નાખી. દૂધ ઢળ્યા વગર સાકર તેમાં ભળી ગઈ. પછી એ સાકરવાળા દૂધનો પ્યાલો તેણે રાણા પાસે પાછો મોકલ્યો.

રાણાએ પ્યાલો લીધો. દૂધ ચાખી જોયું. રાણો ખુશ થયો. તેને પોતાના પ્રશ્નનો ઉત્તર મળી ગયો. પારસીઓને સંજાણમાં આશરો મળ્યો.

રાણાને શો ઉત્તર મળ્યો? રાણાએ શું પૂછ્યું હશે? રાણાએ ભરેલો પ્યાલો મોકલ્યો, એનો અર્થ એ હતો કે, "પ્યાલાના દૂધ પેઠે, મારા રાજ્યમાં વસ્તી છલોછલ ભરી છે, તેમાં તમને કેવી રીતે સમાવું?"

પારસીઓના આગેવાને તે પ્યાલામાં સાકર ઉમેરીને જવાબ આપ્યો, "દૂધમાં જેમ સાકર ભળી જાય છે તેમ, હે રાણા, અમે તમારી વસ્તીમાં સમાઈ જઈશું."

અને ખરેખર ત્યારથી પારસીઓ ગુજરાતમાં ગુજરાતી થઈને રહે છે. તેમણે ગુજરાતીને પોતાની માતૃભાષા કરી છે. તેઓ કોઈ પણ ગુજરાતીની જેમ વહાલથી ગુજરાતને ચાહે છે, અને બધા સાથે સંપથી રહે છે. એ કોમમાંથી જ દાદાભાઈ નવરોજી, જમશેદજી તાતા, ફિરોજશાહ મહેતા જેવા મહાન દેશભક્તો પેદા થયા.

પારસી લોકો અગ્નિની પૂજા કરે છે. તેઓ પોતાનો પવિત્ર અગ્નિ ઈરાનથી પોતાની સાથે લાવ્યા હતા. ત્યારથી ઉદવાડાની અગિયારીમાં એ પવિત્ર અગ્નિ બળ્યા કરે છે. ઉદવાડા એ પારસીઓનું મોટામાં મોટું તીર્થ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧ નકશામાં ઈરાન દેશ તથા ગુજરાતનાં બંદરો બતાવવાં, અને એ રીતે પારસીઓ ક્યાંથી કેટલે દૂર આવ્યા એ સમજાવવું.

૧ ધાર્મિક બળાત્કારની પીડામાંથી છૂટવા માટે ઇંગ્લંડથી નીકળી ગયેલા લોકોએ જ અમેરિકા વસાવ્યું, એ પણ કહેવું. જોકે, એ યાત્રાળુઓના આગમન પછી અમેરિકાના મૂળ વતનીઓનો તો લગભગ નાશ જ થયો.

૧ ધર્મની બાબતમાં બળાત્કાર હોય નહિ; બધા ધર્મો ઈશ્વર પાસે પહોંચવાના જુદા જુદા માર્ગો છે, એ આ દાખલાઓના અનુસંધાનમાં સમજાવવું.

૧ પારસીઓ જરથુષ્ટ્રના અનુયાયી છે. ‘ પાંચમી ચોપડી ’માંથી તે વિષે વધુ માહિતી કહી સંભળાવો.

૧ ઉદ્યોગ-ધંધા, દેશસેવા વગેરેમાં પારસીઓનો ફાળો કહેવો. તેમની સખાવતો પણ જાણીતી છે. પાઠમાં કહેલા જાણીતા પારસીઓ વિષે વાત કહો.

૧ વહાણને લગતાં સઢ, લંગર, હલેસાં, સુકાન વગેરે અંગોની માહિતી આપવી.

૧ અન્ય ધર્મોનાં મંદિરોનાં નામ સાથે સાથે કહેવાં. જેમ કે મુસલમાનોની મસીદ, ખ્રિસ્તીઓનું દેવળ, શીખોનો ગુરુદ્વારા, બૌદ્ધોનો વિહાર, જૈનોનું દેરાસર વગેરે.

અઘરા શબ્દો

લાંગરવું = લંગર નાખી થોભાવવું   અગિયારી = પારસી લોકોનું મંદિર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કોની કોની છે ગુજરાત?

કોની કોની છે ગુજરાત?
શું બ્રાહ્મણ ને વાણિયા કેરી,
શ્રાવક, ભાટિયા કેરી?
ક્ષત્રી, રજપૂત, કણબી કેરી,
ભીલ અને કોળી કેરી?
બીજા શૂદ્ર તણી શું કહેવી?
ના ના ના રે નથી તેની.
ત્યારે કોની છે ગુજરાત? ૧

પૂર્વજ જેના જે વળી આજે
જન્મ થકી ગુજરાતી વધા,
કોઈ રીતની તોપણ, ને વળી
આર્યધર્મને રાખી રહ્યા,
તેની તેની છે ગુજરાત,
પછી હોય ગમે તે જાત,
તેની તેની છે ગુજરાત. ૨

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



વળી પરદેશી બીજા જેને
ભૂમિએ પાળી મોટા કર્યા,
પરધર્મી પણ હિત ઇચ્છનારા
માત તણું, તે ભાઈ ઠર્યા.
તેની તેની છે ગુજરાત,
પછી હોય ગમે તે જાત,
તેની તેની છે ગુજરાત. ૩

નર્મદાશંકર

¶ કવિ ખબરદારનું 'ગુણવંતી ગુજરાત' તેમ જ કવિ નર્મદનું 'જય જય ગરવી ગુજરાત' કાવ્ય પણ ગાઈ સંભળાવવું.

¶ જેઓ ગુજરાતમાં બહારથી આવીને વસ્યા છે, અને ગુજરાતને પોતાની માની રહ્યા છે, તેઓ ખરેખર ગુજરાતના જ છે, એ ભાવ સમજાવવો. એવું જ આખા હિંદુસ્તાન દેશ માટે પણ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૫ ગુજરાતમાં વસતી જુદી જુદી કોમોનો પરિચય આપવો. તે તે કોમોનું મૂળ સ્થાન શું ગણાય છે તે જણાવવું. જેમ કે, ભાટિયા મૂળે કચ્છના વતની છે.

અઘરા શબ્દો

શ્રાવક = જૈન	આર્યધર્મ = આર્યોનો ધર્મ; હિંદુ ધર્મ
શૂદ્ર = હરિજન; અંત્યજ	ભૂમિ = ધરતી; જમીન; દેશ
તણું = -નું	પરધર્મી = બીજો ધર્મ પાળનારા
પૂર્વજ = બાપદાદા	

પાઠ ૧૮ મો

આપણો ખોરાક

એક વાર અમારે ત્યાં બે મહેમાન આવ્યા: એક પંજાબના લાલાજી અને બીજા બંગાળના બાબુજી.

મેં તેમને કહ્યું, "મારી બા પુછાવે છે કે, રસોઈમાં આપને શું ફાવશે?"

બંનેએ પૂછ્યું, "તમારો રોજનો ખોરાક શો હોય છે તે કહો."

મેં કહ્યું, "અમે તો ઘણુંખરું ઘઉં કે બાજરીના રોટલા-રોટલી, શાક, તુવેર કે મગની દાળ અને કઢી કે છાશ જમીએ છીએ. છેવટે થોડા ભાત પણ ખાઈએ."

લાલાજી કહે, "બાજરીને બદલે ઘઉં અને છાશને બદલે દહીં ને ખાંડ હશે, તો મને તમારી રસોઈ માફક આવશે."

બાબુજી કહે: "મને રોટલા-રોટલી નહિ જોઈએ. હું તો ભાત જ ખાઈશ."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મેં જઈને આ વાત બાને કહી. બાએ તે પ્રમાણે રસોઈ કરી. જમવા બેઠા ત્યારે લાલાજીએ ઘઉંની



રોટલી જ ખાધી; ભાતને તે અડયા જ નહિ. બાબુજીએ તો થાળી ભરીને ભાત જ લીધો. લાલાજીએ પહેલાં દાળ સાથે રોટલી ખાધી, પછી શાક સાથે ખાધી, અને છેવટે દહીં-ખાંડ સાથે ખાધી. બાબુજીએ પહેલાં દાળભાત ખાધાં, પછી શાકભાત ખાધાં, અને છેવટે ખાંડ નાંખીને છાશ-ભાત ખાધાં. બંનેએ કહ્યું, "અમને બહુ સંતોષ થયો, ઘર જેવું જમ્યા."

મેં બાને કહ્યું, "બા, લાલાજીએ તો ભાત જરાયે ખાધો નહિ. આપણને તો ભાત વિના સંતોષ ન થાય. અને બાબુજી રોટલા-રોટલીને અડયા નહિ. આપણને તો રોટલી કે રોટલા વિના ન ચાલે."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બાએ કહ્યું: "પંજાબના લોકો ઘઉં ખાવાવાળા છે; એમને ચોખા વિના ચાલે. બંગાળના લોકો ચોખા ખાવાવાળા છે; એ લોકો નછૂટકે જ ઘઉં ખાય. પરંતુ ગુજરાત પ્રાંતના લોકો ઘણુંખરું ચોખા સાથે થોડાંઘણાં જુવાર, બાજરી કે ઘઉં પણ ખાય છે.

"ઘઉં માટે બાજરી કરતાં ઓછો વરસાદ અને કોરી જમીન ચાલે છે. ઘઉંને બહુ તાપનીયે જરૂર નથી. એટલે પંજાબ જેવા ભાગોમાં ઘઉં ખૂબ પાકે છે, અને ત્યાંના લોકો ઘઉં ખાય છે પણ બહુ.

"ચોખા માટે જુવાર કરતાં વધારે વરસાદ જોઈએ, અને દિવસો સુધી એમની કચારીઓ પાણીથી ભરાયેલી રહેવી જોઈએ. પાછળથી તાપ પણ સખત જોઈએ. તેથી બંગાળ અને મદ્રાસ જેવા ભાગોમાં ચોખા ખૂબ પાકે છે, અને ત્યાંના લોકો ચોખા ખાય છે પણ બહુ."

મેં કહ્યું—બા, દહીં, દૂધ, ઘી, છાશ વગેરે તો બધા ખાતા હશે, નહિ?

બા કહે—હા, તે બધે જ મળી શકે. અને વૈદ દાક્તરો કહે છે કે, તે વગર ખોરાક અધૂરો ગણાય. પણ દુઃખ એ છે કે, આપણા દેશમાં દૂધ બધાંને મળી શકતું નથી. ઘઉં, ચોખા, જુવાર, બાજરી, દાળ વગેરે અનાજ ઉપરાંત થોડાં દૂધ છાશ પણ બધાંને મળવાં જોઈએ. શાકભાજી અને ફળ પણ ખાવામાં હોવાં જોઈએ. એટલે તાજાં ફળ ને શાકભાજી, ચોખ્ખાં ઘી દૂધ, અને સારું અનાજ સૌને પૂરતાં મળે એમ થાય,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
ત્યારે ખરું સ્વરાજ આપણે મેળવ્યું કહેવાય. અને ત્યારે જ 'પહેલું સુખ તે જાતે નર્યા' આપણને મળી રહે.

¶ ઘઉં અને ચોખા એ આપણા દેશમાં મોટા ભાગના લોકોનો મુખ્ય ખોરાક છે. તે ધાન્યોને દળવા અને છડવાની નવી યાંત્રિક રીતોથી તેમનું મુખ્ય પૌષ્ટિક તત્ત્વ નાશ પામે છે, એ તરફ ધ્યાન દોરવું.

¶ એ અનાજો રાંધવાની ખોટી રીતો વડે પણ તેમનું પૌષ્ટિક તત્ત્વ નાશ પામે છે. જેમ કે, ભાતને ઓસાવવો, લોટને વધુ બારીક ચાળણીમાં ચાળવો અને તળીને વાનીઓ બનાવવી, વગેરે.

¶ જુદાં જુદાં અનાજ, શાકભાજી, ફળ, દૂધ-ઘી વગેરેમાંથી મળતાં જુદાં જુદાં જીવનતત્ત્વોની માહિતી આપવી. રોજના ખોરાકમાં જુદાં જુદાં બધાં જીવનતત્ત્વોની જરૂર છે.

પાઠ ૧૯ મો

નરસિંહ મહેતા

'નરસિંહ મહેતાનું નામ તમે સાંભળ્યું છે?'

હા જી. 'આજની ઘડી રળિયામણી' એ ભજન અમે ભણી ગયા છીએ. તેમાં એમનું નામ આવે છે.

'નરસિંહ મહેતા કોણ હતા?'

એ ભગવાનના ભક્ત હતા.

'એ ક્યાં રહેતા હતા?'

એ જૂનાગઢમાં રહેતા હતા.

'જૂનાગઢ ક્યાં આવ્યું?'

સૌરાષ્ટ્રમાં ગિરનાર પર્વતની તળેટીમાં.

'નરસિંહ મહેતાની કંઈ વાતો તમે જાણો છો?'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



હા જી. નરસિંહ મહેતા નાનપણમાં ઘર છોડી ચાલી નીકળ્યા. તે મહાદેવના મંદિરમાં જઈ તપ કરવા લાગ્યા. સાતમે દહાડે મહાદેવજીએ તેમને દર્શન દીધાં અને શ્રીકૃષ્ણનાં ભજન ગાવાનો ઉપદેશ આપ્યો. ત્યારથી તેમણે રાતદિવસ ભગવાનની ભક્તિ કરવા માંડી.

નરસિંહ મહેતાનાં સગાંને આ ગમતું નહિ. તેઓ એમને બહુ પજવતાં.

પણ નરસિંહ મહેતા તો કશાની પરવા કર્યા વગર ભજન કર્યા કરતા. તેમના દીકરાનો વિવાહ કરવાનો આવ્યો. તેમની દીકરીનું મામેરું કરવાનું થયું. પણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મહેતા તો ભજન જ કર્યા કરે. એ બધા અવસરો છેવટે પાર પડયા. ભક્તની ભીડ ભગવાને ભાગી. આવી આવી ઘણી વાતો મારી બાએ મને સંભળાવી છે.

વળી, 'કુંવરબાઈનું મામેરું', 'નરસિંહ મહેતાની હૂંડી' વગેરે આખ્યાનો મારી બાને સરસ ગાતાં આવડે છે. તે બધાં મેં સાંભળ્યાં છે.

'તમે તો નરસિંહ મહેતાની ઘણી વાતો સાંભળી છે.'

તેમને વિષે બીજી પણ એક વાત છે.

'શી?'

નરસિંહ મહેતા ઢેડને ત્યાં પણ ભજન કરવા જતા.

'તેમાં શું? આપણેયે એમને ઘેર જઈએ છીએ.'

હા, પણ મારી બા કહે છે કે, પહેલાં આવું ન હતું. પહેલાં બ્રાહ્મણ, વાણિયા, પાટીદાર વગેરે લોકો ઢેડ, ભંગી, ચમાર વગેરે ન્યાતોને અડતા નહિ. અડી જવાય તો નાહતા. ગાંધીજીએ આપણને શીખવ્યું કે, એ બધા ભાઈઓ પણ હરિજન છે, એટલે કે હરિનાં બાળકો જ છે. તેમને ન અડીએ એ કેમ ચાલે? પરંતુ નરસિંહ મહેતા તો તે વખતે પણ આવી આભડછેટમાં માનતા ન હતા. તે તો કહેતા, 'પક્ષાપક્ષી ત્યાં નહિ પરમેશ્વર'.

'એ સાચું. તમને પોતાને એમનાં ભજન આવડે છે?'

હા જી, મને તેમનાં પ્રભાતિયાં આવડે છે. 'જાગને જાદવા કૃષ્ણ ગોવાળિયા', 'જળકમળ છાંડી જાને બાળા'.

'નરસિંહ મહેતાએ કૃષ્ણભક્તિનાં ઘણાં કાવ્યો લખેલાં છે. ગુજરાતી ભાષાના તે આદિ કવિ ગણાય છે.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

¶ '[illegible]', 'મામેરું', 'હૂંડી' વગેરે પ્રસંગોની રસિક વાતો કહેવી. એમાંનું કોઈ આખ્યાન પણ વાંચી સંભળાવવું.

¶ ભક્તની ભીડ ભગવાને ભાગ્યાના બીજા દાખલા ભક્તોના જીવનમાંથી આપવા. 'હરિને ભજતાં હજી કોઈની લાજ જતાં નથી જાણી રે' એ ગેમલદાસનું ભજન પણ સંભળાવવું. (છઠ્ઠી ચોપડી)

¶ નરસિંહ મહેતાએ પોતાનાં કાવ્યોમાં અસ્પૃશ્યતા અંગે કહ્યું છે. જેમ કે 'ગિરિ તળાટી ને કુંડ દામોદર', 'એવા રે અમો એવા રે'. 'હરિજન' શબ્દ તેમના જ ભજનમાંથી લેવાયો છે. જુઓ છઠ્ઠી ચોપડીમાં 'હરિજનનો ઓચ્છવ' એ પાઠ.

¶ ગાંધીજીને પ્રિય અને હવે તો દેશભરમાં જાણીતું થયેલું, 'વૈષ્ણવજન તો તેને કહીએ' (સાતમી ચોપડી) એ ભજન પણ નરસિંહ મહેતાનું છે.

¶ પ્રભાતિયું એ ગુજરાતી કવિતાનો અને ખાસ કરીને નરસિંહ મહેતાએ ખીલવેલો પ્રકાર છે. એકાદ-બે પ્રભાતિયાં ગાતાં શીખવામાં બાળકોને જરૂર આનંદ પડશે. આ પાઠ પછી એક પ્રભાતિયું આપ્યું જ છે.

¶ સૌરાષ્ટ્ર, જૂનાગઢ, ગિરનાર એ અંગે આ પ્રસંગે કહેવું.

¶ ગુજરાતી ભાષાના બીજા ભક્તકવિઓનાં નામ આપવાં.

અઘરા શબ્દો

મામેરું = માબાપ તરફથી છોકરીને સીમંત વગેરે પ્રસંગે જે કાંઈ લૂગડાં, ઘરેણાં વગેરે આપવામાં આવે છે તે

હૂંડી = દેશપરદેશ વચ્ચે નાણાંની આપ-લે કરવા લખી આપવામાં આવતી શાહુકારી ચિઠ્ઠી

આભડછેટ = અમુક માણસને અડવાથી અભડાવાય એવી માન્યતા

પક્ષાપક્ષી = ભેદભાવની લાગણી

પ્રભાતિયું = પ્રભાતે – વહેલી સવારે ગાવાનું પદ

જાદવા = યાદવ વંશના–શ્રીકૃષ્ણ

આદિ = પહેલું; પ્રથમ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ ૨૦ મો

રાત રહે જાહરે

[પ્રભાતિયું]

રાત રહે જાહરે પાછલી ખટ ઘડી,
સાધુ પુરુષને સૂઈ ન રહેવું;
નિદ્રાને પરહરી, સમરવા શ્રી હરિ,
'એક તું' 'એક તું' એમ કહેવું. —રાત૦ ૧

જોગિયા હોય તેણે જોગ સંભાળવા,
ભોગિયા હોય તેણે ભોગ તજવા;
વેદિયા હોય તેણે વેદ વિચારવા,
વૈષ્ણવ હોય તેણે કૃષ્ણ ભજવા. —રાત૦ ૨

સુકવિ હોય તેણે સદ્ગ્રંથ બાંધવા,
દાતાર હોય તેણે દાન કરવું;
પતિવ્રતા નારીએ કંથને પૂછવું,
કંથ કહે તે તો ચિત્ત ધરવું. —રાત૦ ૩

આપણે આપણા ધર્મ સંભાળવા,
કર્મનો મર્મ લેવો વિચારી;
નરસૈંના સ્વામીને સ્નેહથી સમરતાં,
ફરી નવ અવતરે નર ને નારી. —રાત૦ ૪

નરસિંહ મહેતા

૧ સૂર્યોદય થાય ત્યાર પહેલાંનો અઢી–ત્રણ કલાક જેટલો સમય પવિત્ર ગણાય છે, તે શાથી?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧ પ્રાર્થના, ચિંતન વગેરેને માટે સવારનો સમય અનુકૂળ છે. દિવસ ઊગતા પહેલાં દરેક જણે પોતે કરવાના કામ વિષે વિચાર કરી લેવો જોઈએ.

૧ વહેલી સવારે તમારા કુટુંબમાં ઘરડેરાંને પ્રભાતિયાં ગાતાં તમે કદાચ સાંભળ્યાં હશે. તે વખતે એ રાગ કેટલો સરસ લાગે છે!

અઘરા શબ્દો

ખટ = છ
બાંધવા = રચવા
ઘડી = ૨૪ મિનિટ જેટલો સમય
કંથ = પતિ
મર્મ = રહસ્ય

પાઠ ૨૧ મો

રામજી અને આદમજી

૧

રામજી અને આદમજી મિત્રો છે. રામજી એ ધનજી કુંભારનો છોકરો છે. આદમજી એ ફકીરજી ઘાંચીનો છોકરો છે.

કોઈ દિવસ રામજી આદમજીને ઘેર જાય છે, તો કોઈ દિવસ આદમજી રામજીને ઘેર જાય છે.

રામજી પોતાના બાપને કામ કરવા લાગે છે. તેને ચાકડો ફેરવતાં આવડી ગયું છે. તેના ઉપર નાનાં કોડિયાં અને નાની કુલડીઓ પણ તે ઉતારવા લાગ્યો છે.

આદમજી પણ પોતાના ચાચાના કામમાં મદદ કરે છે. તેને ઘાણીએ બળદ જોડતાં આવડે છે. ઘાણી ચલાવતાં પણ તેને આવડી ગયું છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આદમજી જ્યારે રામજીને ઘેર જાય છે, ત્યારે તેને કુંભારકામ જોવાની મજા પડે છે. ધનજીકાકા ચાકડા ઉપર પિંડો ચડાવી તેમાંથી માટલું ઉતારે છે, ત્યારે તો તેના અચરજનો પાર રહેતો નથી.



ચાક ઉપર પિંડો ચડાવી ધનજીકાકા તેને જરાક દાબે છે. આદમ જાણે, કાકા કંઈક શંકુ જેવું બનાવે છે. ત્યાં તો શંકુને માથે અંગૂઠો ભરાવી તેનું કશુંક પહોળું પહોળું બનાવી દે છે. આદમને લાગે છે કે, નક્કી કૂંડું બનાવે છે. ત્યાં તો ધનજીકાકા હથેળીથી તે માટીને દાબવા લાગ્યા. આદમ ધારે છે—નક્કી આ તો તાવડી જ બને છે; આ વખતે તો ભૂલ ન જ પડે. પણ ત્યાં તો ધનજીકાકાએ ઘાટ કાઢી કાંઠા ચડાવી દીધા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

“અહાહા!” આદમ બોલી ઊઠ્યો, “આ તો માટલું થઈ ગયું! ધનજીકાકા, તમે તો જબરા કસબી છો. મેં ધારેલું શું ને તમે ઉતાર્યું શું!”

ધનજીકાકા હસીને બોલ્યા, “એ તો ચાક ઉપર પિંડો! ઘડો ઊતરે કે ગાગર, કોણ કહી શકે?”

ચાકડા ઉપરથી માટલું ઊતરે એટલે પ્રથમ તેને સૂકવવા મૂકે છે. અરધું-પરધું સુકાય પછી તેને ટપલા વતી ટીપે છે. તેથી તે પાતળું અને મોટું બને છે. પછી બધાં વાસણો નીંભાડામાં સીંચીને પકવે છે. બરાબર શેકાય એટલે એમનો રંગ બદલાય છે અને તે પાકાં થાય છે. પછી એ વાસણો પાણીમાં પીગળતાં નથી અને ટકોરો મારીને વગાડવાથી ઠન ઠન અવાજ કરે છે. અવાજ બોદો નીકળે તો જાણી લેવું કે વાસણ કાચું છે. વાસણ જો ક્યાંક ફૂટેલું હોય તોપણ અવાજ બોદો નીકળે છે. તેથી ખરીદનાર લોકો પૈસા વડે કે આંગળીથી ટકોરો મારીને વાસણ વગાડી જુએ છે.

આદમને આ બધું જોવા જાણવાની ખૂબ મજા આવે છે.

ધનજીકાકા તેને વહાલથી કહે છે, “આવ બેટા આદમ, તને કોડિયું ઉતારતાં શીખવું.”

આદમ કહે છે, “કાકા, મને આવડશે?”

“હા બેટા હા, કેમ નહિ આવડે? આ મારા રામાને આવડ્યું તો તને કેમ ના આવડે?”

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને ખરેખર આદમજી કોડિયાં તથા કુલડીઓ ઉતારતાં શીખી ગયો.

૨



તે જ પ્રમાણે રામજી જ્યારે આદમજીને ઘેર જાય છે, ત્યારે તેને ઘાણી જોઈ બહુ જ રમૂજ પડે છે.

ફકીરજી ચાચા તેને વહાલથી બોલાવે છે, "આવ બેટા રામા, તારે ઘાણી ચલાવતાં શીખવું છે?"

રામજી કહે, "ચાચા, મને આવડશે?"

"જરૂર, તારા જેવા હોશિયાર છોકરાને કેમ નહિ આવડે?"

રામજી ઘાણી ઉપર બેસતો ત્યારે પહેલાં થોડો વખત એની ગંમત થતી. ઘાણીની લાટ ફરતી ફરતી આવે ત્યારે માથું નમાવી દેવું જોઈએ. પણ રામજી તેમ કરવું ભૂલી જતો. લાટ ઉપર ધ્યાન રાખે તો તલ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંકોરવા ભૂલે; તલ ઉપર નજર રાખે તો લાટ ભૂલે. તે બેમાં ધ્યાન રાખવા જાય તો બળદ હાંકવાનું રહી જાય.

પણ તે તો શરૂ શરૂની વાત છે. હવે તો જેવું આદમજીને આવડે છે, તેવું રામજીને પણ આવડી ગયું છે.

ઘાણીમાં જાત જાતનાં તેલીબિયાં પિલાય છે. તલ, મગફળી, સરસવ, એરંડી, એટલાનાં તેલ તો આપણે જાણીએ છીએ. કોપરાનું પણ તેલ નીકળે છે એ જાણો છો? એને કોપરેલ કહેવામાં આવે છે. એને માટેની ઘાણી જરા જુદી હોય છે.

રામજી આવું આવું બધું જાણતો થઈ ગયો છે, અને જુદાં જુદાં તેલના ભાવ પણ તે જાણી ગયો છે.

૩

રામજી જ્યારે જ્યારે આદમજીને ઘેર જાય છે, ત્યારે ત્યારે આદમજીની મા તેને કચરિયું અને ગોળ આપ્યા વિના રહેતી નથી.

તેમ જ જ્યારે જ્યારે રામજીને ઘેર આદમજી આવે છે, ત્યારે ત્યારે રામજીની મા પણ તેને કંઈક ને કંઈક આપે છે. વગડે માટી લેવા જાય ત્યાંથી તે લોકો બોર અથવા રાયણ અથવા કેરી અથવા કોઠાં કે કરમદાં છોકરાં માટે વીણી લાવે છે. તેમાંથી કંઈક ને કંઈક તે આદમજીને આપે છે. તે ઉપરાંત કયારેક માટીનું એકાદ સુંદર રમકડું પણ આપે. હાથી, ઘોડો, ગાય, પૂતળી, ઘંટી, ગાડું, એવાં એવાં રમકડાં એ લોકો બહુ સારાં બનાવે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

❡ ગામના મુખ્ય કારીગરો — સુથાર, લુહાર, કુંભાર, ઘાંચી, મોચી, દરજી, વગેરેનાં કામોનો ખ્યાલ આપવો.

❡ ગામના એ બધા વર્ગોને રોજી મળે અને તેમનો ધંધો બરાબર ચાલે તો ગ્રામજીવન સમૃદ્ધ બને. પરદેશી સસ્તી કે રૂપાળી ચીજોના મોહમાં પડવાથી આ બધા વર્ગને અને છેવટે ગામને કેવો ધોકો પહોંચે, તે વિષેની 'શાંતિદાસ'ની વાત છઠ્ઠી ચોપડીમાંથી કહેવી.

❡ ગામડાંમાં કોમી એખલાસ કેવો પ્રવર્તે છે તેનો ખ્યાલ આ પાઠમાંથી મળે છે. છઠ્ઠી ચોપડીમાંથી 'ઇબ્રાહીમ કાકા'ની વાત અહીં કહેવી. જુદા જુદા વર્ગો, જુદા જુદા કારીગરો તથા જુદી જુદી કોમોના સહકાર અને પ્રેમના પાયા ઉપર ઊભું થતું સમગ્ર દેશનું તંત્ર જ સધ્ધર અને સબળું બની શકે.

❡ જુદાં જુદાં તેલનાં નામ, તેમનો ઉપયોગ વગેરે વિષે વાતચીત કરો.

અઘરા શબ્દો

ઉતારવું = ઘાટ કાઢવો
ચાકડો = કુંભાર જે ચકરડા ઉપર માટીના ઘાટ ઉતારે છે તે
પિંડો = (ભીની માટીનો) વાળેલો ગોળો
શંકુ = નીચેથી ગોળ અને ઉપરથી અણિયાળી થતી જતી આકૃતિ
કસબી = કુશળ કારીગર
ટપલો = કુંભારનું હાંલ્લાં ટીપવાનું ઓજાર
નીંભાડો = કુંભારની ભઠ્ઠી
સીંચવું = ઉપરાઉપરી ગોઠવવું
બોદું = ખોખરું; પોચું
લાટ = ઘાણીનું ઊભું લાકડું
સંકોરવું = વધારે અંદર ઠેલવું
કચરિયું = અર્ધા પિલાયેલા તલ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ ૨૨ મો

ઉદ્યમ

ઉદ્યમથી એકલો હજારને હઠાવી દીએ,
ઉદ્યમથી ધનધાન્ય ધાર્યું મેળવાય છે. ૧

ઉદ્યમથી રાજઅધિકાર કાંઈ દૂર નથી,
ઉદ્યમથી વશ દેવદાનવ કરાય છે. ૨

ઉદ્યમથી વિપત્તિઓ તરત વેરાઈ જાય,
ઉદ્યમીઓ ધૂળમાંથી સોનું શોધી જાય છે. ૩

ઉદ્યમને, અરે બાળ, જાણ તું તો કામધેનુ,
ચિંતવ્યા પ્રમાણે લાભ અપાર પમાય છે. ૪

[જૂની સરકારી વાચનમાળા]

¶ ઉદ્યમથી જીવનમાં જે કાંઈ મેળવાય છે તેની વિગતો વિદ્યાર્થીઓ પાસે તેમના અનુભવમાંથી માગવી.

¶ નસીબ ઉપર આધાર રાખીને બેસી રહેવાથી કંઈ વળે નહિ એ વિષે ચર્ચા કરવી.

¶ બીજી ચોપડીમાંથી કરોળિયાની કવિતા આના અનુસંધાનમાં યાદ કરાવી શકાય.

અઘરા શબ્દો

ધનધાન્ય = પૈસોટકો અને અનાજ વગેરે

ધાર્યું = ધારેલું; મનમાં રાખેલું

વિપત્તિ = દુઃખ; આફત

કામધેનુ = ઇચ્છેલું આપનાર દૈવી ગાય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ ૨૩ મો

ઈસપની બોધકથાઓ

૧. ગંજીનો કૂતરો

એક કૂતરો ઘાસની ગંજી ઉપર આવીને બેઠો. એવામાં એક ભૂખી ગાય તે ગંજી જોઈ ત્યાં ઘાસ ખાવા આવી. કૂતરો તેની સામે તડીને ભસવા લાગ્યો.



ગાય કરગરીને બોલી : "અરે, ભલા કૂતરા, હું ઘણી ભૂખી થઈ છું. મને એકાદ પૂળો ખાવા દે તો તારી મહેરબાની."

પણ કૂતરો તો વધારે ને વધારે ભસવા લાગ્યો; અને ગાય ગંજી ઉપર મોં નાખવા ગઈ કે તેને કરડવા ધસ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગાય નિરાશ થઈને પાછી ફરી. પાછી ફરતાં તે બોલી : “ઓ અદેખા કૂતરા ! આ ઘાસ તારા ખાવાના ખપમાં આવતું હોત, તો કંઈકે ઠીક. પણ તે તારા કામનું નથી. છતાં તું મને ભૂખીને ખાવા દેતો નથી, એમાં તારા હાથમાં શું આવે છે ?”

૧ કેટલાક લોકો પણ આવા અદેખા હોય છે. કોઈક વસ્તુ તેમના કામની ન હોય; પરંતુ બીજું કોઈ તેનો ઉપયોગ કરે, તો તેય તેમને ગમતું નથી.

૨. ‘દ્રાક્ષ ખાટી છે’

એક શિયાળ ભૂખ્યું થવાથી ફરતું ફરતું કોઈની વાડીમાં ભરાયું. વાડીમાં દ્રાક્ષનો માંડવો હતો. તેના ઉપર દ્રાક્ષની સુંદર લૂમો લટકતી હતી. તે જોઈ શિયાળના મોમાં પાણી છૂટ્યું.

તેણે માંડવા નીચે જઈ લૂમ લેવા કૂદકો માર્યો. પણ તે ઊંચી હોવાથી શિયાળ પહોંચી શક્યું નહિ. તેણે બીજી વાર વધારે જોરથી કૂદકો માર્યો, ત્રીજી વાર માર્યો, ચોથી વાર માર્યો. એમ જોર કરી કરીને ઘણી વાર કૂદકા માર્યા. પણ માંડવો ખૂબ ઊંચો હતો. એટલે શિયાળ કંઈ ફાવ્યું નહિ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છેવટે શિયાળ ભોઠું પડીને ત્યાંથી જવા લાગ્યું. પણ તેની આંખ તો પેલી લૂમ ઉપર ઠરેલી હતી. છતાં પોતાની ફજેતી ઢાંકવા મોઢેથી તો તેણે કહ્યું: "છી છી, આ દ્રાક્ષ ખાટી છે. આવી ખાટી દ્રાક્ષ કોણ ખાય? માંદા ન પડાય?"

૩. ફૂલણજી કાગડો



એક ભૂખ્યું શિયાળ શિકારની શોધમાં વગડામાં ફરતું હતું. તેવામાં એક કાગડો ઊડતો ઊડતો આવ્યો અને પાસે એક ઝાડ ઉપર બેઠો. તેની ચાંચમાં પૂરી હતી.

શિયાળે મનમાં વિચાર્યું, કંઈ પણ યુક્તિ કરીને આ કાગડાની ચાંચમાંની પૂરી પડાવવી જોઈએ.

પછી તેણે ઝાડ નીચે જઈ કાગડાનાં વખાણ કરવા માંડ્યાં: "સલામ, કાગડા સાહેબ, તમને. વાહ! ઈશ્વરે શું તમને રૂપ આપ્યું છે! શો રૂપાળો તમારો રંગ છે! કેવાં કોમળ તમારાં પીછાં છે!"

પોતાનાં વખાણ સાંભળી કાગડો ફુલાયો અને નાચવા લાગ્યો.

શિયાળે તેને વધારે ફુલાવ્યો: "વાહ રે વાહ, કાગડાભાઈ, જેવું તમારું રૂપ તેવો જ તમારો નાચ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ સુંદર છે. ખરેખર, તમારો રાગ તો વળી ઓર જ મધુર હશે!”

કાગડો આ સાંભળી એટલો બધો તાનમાં આવી ગયો કે, તે ચાંચમાંની પૂરીનું ભાન ભૂલી ગયો, અને ‘કા કા કા’ કરી ગાવા લાગ્યો.

આથી તેની ચાંચમાંની પૂરી નીચે પડી ગઈ. તરત જ ભૂખ્યા શિયાળે તેને મોંમાં ઝીલી લીધી, અને મનમાં હસતું હસતું તે ત્યાંથી ચુપચાપ પલાયન થઈ ગયું.

ફૂલણજી કાગડાનું તાન ઊતર્યું ત્યારે તેને ભાન આવ્યું કે, ઝાડ નીચે શિયાળ નથી અને ચાંચમાં પોતાની પૂરી નથી!

૪. રૂપાળાં શિંગડાં

એક સાબર નદીમાં ઊભું રહી પાણી પીતું હતું. નદીના પાણીમાં તેનો પડછાયો પડતો હતો, તે તરફ તેની નજર ગઈ. તે કહેવા લાગ્યું, “વાહ, પરમેશ્વરે મને કેવાં ખૂબસૂરત શિંગડાં આપ્યાં છે! રાજાના માથા ઉપર મુગટ શોભે તેમ તે મારા માથા ઉપર શોભે છે. પણ અરેરે, તેણે મને પગ કેટલા પાતળા અને કદરૂપા આપ્યા છે! ખરેખર, આ ભૂંડા પગથી તો હું લાજી મરું છું.”

સાબર આવા વિચારો કરતું હતું, એવામાં તેણે શિકારી કૂતરાઓ તેના ઉપર ધસી આવતા જોયા. તે જીવ લઈને જંગલની ઝાડીમાં નાઠું. પણ એટલામાં તો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



તેનાં પાંખડાંવાળાં ખૂબસૂરત શિંગડાં ઝાડીમાં ભરાઈ ગયાં. તેમને કાઢવા તે બહુ મથ્યું, પણ તે કેમે નીકળ્યાં જ નહિ, અને થોડી વારમાં તે શિકારી કૂતરાઓનો ભોગ થઈ પડ્યું.

મરતાં મરતાં તે બોલ્યું, "અરેરે, જે પગ મને નકામા અને લજ્જામણા લાગતા હતા, તે મને ખરે વખતે ખપ લાગ્યા; પણ જે શિંગડાં મને રૂપાળાં લાગતાં હતાં તેમણે જ મને છેવટે દગો દીધો!"

❡ ઈસપનો પરિચય આપો. પ્રાચીન ગ્રીસમાં તે હબસી ગુલામ હતો.

❡ ઈસપની બોધકથાઓની પેઠે આપણા દેશની પંચતંત્ર, અને હિતોપદેશની બોધકથાઓ છે. તેમાંની થોડીક વાતો વિદ્યાર્થીઓને કહેવી.

❡ દરેક બોધકથામાંથી જે સચોટ બોધ નીકળે છે, તે વિદ્યાર્થીના લક્ષમાં આવ્યો છે કે નહિ, તે વાતચીત પરથી જોવું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

■ ‘ગંજીનો કૂતરો’, ‘દ્રાક્ષ ખાટી છે’ એવાં વાક્યો કહેવત-રૂપ થઈ ગયાં છે. એવી બીજી કહેવતો તથા તેમના આધારરૂપ વાતો કહીને, કહેવતો કેવી રીતે ઊભી થાય છે, તે લક્ષ ઉપર લાવવું.

■ આ બધાં સાહિત્યમાં જુદાં જુદાં પશુ-પંખીઓના સ્વભાવની અમુક ખાસિયતો નિશ્ચિત થયેલી હોય છે. તે ધ્યાન ઉપર લાવી, ચર્ચવી. જેમ કે, લુચ્ચું શિયાળ, મૂર્ખ ગધેડો, અટકચાળો વાંદરો, ભોળું કબૂતર, જક્કી ઘેટું વગેરે.

અઘરા શબ્દો

ગંજી = ઘાસ-પૂળાનો ગોઠવેલો ઢગ
તડવું = (મારવા) સામે ધસવું
ફૂલણજી = વખાણ કર્યાથી ફુલાઈ જાય તેવું
ઓર = વિશેષ
તાન = ધૂન, લગની, મસ્તી
ભોગ થવું = શિકાર બનવું
લજામણું = લજવાવે–શરમાવે તેવું

પાઠ ૨૪ મો

સેવાગ્રામ

મનુ — બહેન, આપણે આશ્રમ જોઈ આવ્યાં, તેનું ખરું નામ શું? અમે તો તેને ગાંધી-આશ્રમ કહીએ છીએ, પરંતુ ત્યાં તો બધા તેને ‘હરિજન આશ્રમ’ કહેતા હતા.

બહેન — સાચી વાત. એ આશ્રમ મૂળ ગાંધીજીએ ઈ. સ. ૧૯૧૫માં બંધાવેલો. ત્યારથી તે ત્યાં રહેતા હતા. તે વખતે આશ્રમનું નામ ‘સત્યાગ્રહ આશ્રમ’ હતું. ઈ. સ. ૧૯૩૦માં તેમણે અંગ્રેજો સામે ‘આખરી ફેંસલો’ કરવાની લડત ઉપાડી. તે લડતમાં મીઠાના કાયદાનો ભંગ કરવાનું ઠરાવ્યું હતું. તે માટે દરિયા-કિનારે જવા તેમણે આશ્રમથી દાંડી–કૂચ કરી. ત્યારે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
તે એમ કહીને નીકળ્યા કે, હવે તો સ્વરાજ લઈને જ અહીં પાછો આવીશ, નહિ તો લડાઈમાં ખપી જઈશ.

આમ સ્વરાજની લડત ખૂબ જામી. અંગ્રેજોએ ગાંધીજીને જેલમાં પૂર્યા. થોડા વખત બાદ ગાંધીજી સાથે સમાધાન કરવામાં આવ્યું, અને તેમને છૂટા કરવામાં આવ્યા. પરંતુ તે વખતે સ્વરાજ મળ્યું તો કહેવાય નહિ. એટલે ગાંધીજી આશ્રમમાં પાછા ન આવ્યા. વરસેક રહીને ફરી પાછી લડત શરૂ થઈ. તે વખતે ઈ. સ. ૧૯૩૩માં ગાંધીજીએ આશ્રમને હરિજનોની સેવા માટે વાપરવા આપી દીધો. ત્યારથી તે 'હરિજન આશ્રમ' કહેવાય છે.

મનુ—તો પછી ગાંધીજી ક્યાં રહેતા હતા?

બહેન—તેમના મિત્ર અને ભક્ત શ્રી. જમનાલાલજી બજાજ નામે વેપારી હતા. વર્ધા પાસે સેગાંવ નામનું નાનકડું ગામ તેમનું હતું. ગાંધીજી ત્યાં જઈને રહ્યા. જમનાલાલજીએ ગાંધીજીને કહ્યું: "આ ગામની આવકના પૈસા હવે હું આપને આપી દઉં છું. આખા ગામના ભલા ખાતર આપને ઠીક લાગે તેવો તે પૈસાનો ઉપયોગ કરજો."

સેગાંવમાં મોટે ભાગે હરિજનો જ રહેતા હતા. ત્યાંનાં હવાપાણી સારાં ન હતાં. લોકો માંદા પડતા. ટાઢિયો તાવ અને મુદતિયો તાવ તથા મરકી વખતોવખત થતાં. ખેતરોમાં સાપની પણ વસ્તી ખૂબ હતી.

ગાંધીજીએ તરત જ તે ગામની સુધારણા કરવાનું કામ હાથમાં લીધું. સફાઈનું કામ તો પહેલું જ શરૂ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
કર્યું. પછી ગામના લોકોને કાતતાં તથા વણતાં શીખવ્યું. તેથી ગામના લોકો ઉદ્યમી થયા અને તેમની સુખાકારી વધી. તેમની વસ્તીમાં પણ વધારો થયો. ત્યાં ખાદી વિદ્યાલય શરૂ થયું. સુંદર ગૌશાળા ચાલુ થઈ. બીજા પણ ઘણા ઉદ્યોગો શરૂ થયા.

ગાંધીજી ત્યાં રહેતા એટલે બહારથી ઘણા લોકો ગાંધીજીને મળવા ત્યાં આવતા. તેથી સરકારે ત્યાં જવાનો રસ્તો સારો કર્યો અને ત્યાં ટપાલ અને ટેલિફોનની સગવડ કરી. થોડાં વર્ષ પહેલાં જે ગામને કોઈ જાણતું પણ નહિ, તે ગામ આખા દેશમાં અને દુનિયામાં જાણીતું થયું. તેનું નામ પણ સેગાંવને બદલે સેવાગ્રામ પાડવામાં આવ્યું.

મનુ—કેવું સરસ નામ પાડ્યું! ત્યાંના લોકો પણ કેવા નસીબદાર કહેવાય!

૧ વર્ધા અને મધ્ય પ્રદેશ નકશામાં બતાવવાં.

૧ મીઠાના કાયદાના ભંગની ચળવળ અને દાંડીકૂચનું વિશેષ વર્ણન કહેવું. ખોરાકમાં મીઠાની જરૂર વિષે કહેવું. તેના કાયદાનો ભંગ સ્વરાજ્યની લડતમાં શાથી પસંદ કરવામાં આવ્યો, તે સમજાવવું. ગાંધીજીએ ચલાવેલી 'આખરી ફેંસલા'ની લડત અને 'હિંદ છોડો'ની છેવટની લડતની વાત કહેવી.

૧ આપણાં ગામડાંમાં સ્વચ્છતા અને સુખાકારીનો પ્રશ્ન કેવો મહત્ત્વનો છે, અને ત્યાં વસતો એક પણ જાગતો માણસ તેમાં કેવું પરિવર્તન કરી શકે, એનો ખ્યાલ સેવાગ્રામના દાખલાથી આપવો. શાળા પણ ગામની સફાઈ અને સુખાકારીનાં કામમાં અગત્યનો ભાગ ભજવી શકે.

૧ તાર, ટપાલ, ટેલિફોન, વગેરે સંદેશ-વ્યવહારનાં આધુનિક સાધનો વિષે કહેવું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અઘરા શબ્દો

આખરી = આખરનો – છેલ્લો
ફેંસલો = અંત – નિકાલ
દાંડી = સુરત જિલ્લામાં દરિયા કિનારે આવેલું એક ગામ
મુદતિયો તાવ = અમુક મુદતે ઊતરતો તાવ – ટાઇફોઇડ
સુખાકારી = સુખી હાલત, તંદુરસ્તી
વિદ્યાલય = શાળા
ટેલિફોન = વીજળીના બળ વડે દૂરના સ્થળે વાતચીત કરવાનું સાધન – તેનું યંત્ર

પાઠ ૨૫ મો

રૂડો મારો રેંટિયો

ધીરો ધીરો ચાલે રે,
મીઠો મીઠો ગાજે રે,
રૂડો મારો રેંટિયો હો જી.
એ રેંટિયામાં સર્વોદયના નીકળે તાર,
એ તારે તારે ભાળું ભારતનો ઉદ્ધાર.
ધીરો ધીરો ચાલે રે,
મીઠો મીઠો ગાજે રે,
રૂડો મારો રેંટિયો હો જી. ૧

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[સાખી]

ત્રાક રૂડી, ચક્કો રૂડાં, રૂડો એનો નાદ,
રૂડી પૂણીઓ ઓપતી, રૂડા મારા હાથ
દેશે ભારતમાતને
રૂડો રૂડો સાથ.
દુઃખો સહુ હરતો રે
નિર્ભયપણે ફરતો રે,
રૂડો મારો રેંટિયો હો જી. ૨

['સ્વરાજનાં ગીતો'માંથી]

¶ આ પ્રસંગે પહેલી ચોપડીમાંથી 'ઘરડાં મા' અને બીજી ચોપડીમાંથી 'તમે કેમ કાંતો છો?' એ પાઠો યાદ કરાવવા; જેથી 'સર્વોદયના તાર' રેંટિયામાંથી કેવી રીતે નીકળે છે, તે સમજાય.

¶ 'સૂતરને તાંતણે સ્વરાજ' લાવીને તે મારફત 'ભારતમાતને સાથ' કેવી રીતે અપાયો તે પણ સ્પષ્ટ કરવું.

અઘરા શબ્દો

રૂડું = સારું; ઉત્તમ
સર્વોદય = સર્વનો ઉદય–બધાનું ભલું થાય તે
ભાળવું = દેખવું; જોવું
ઉદ્ધાર = મુક્તિ; છુટકારો
નાદ = અવાજ
ઓપવું = શોભવું
દેવું = આપવું
સાથ = સોબત; મદદ
હરવું = દૂર કરવું; લઈ લેવું
નિર્ભય = ડર વિનાનું; નીડર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ ૨૬ મો

સાચાબોલો છોકરો

[પ્રવેશ ૧ લો]

અબ્દુલ—અમ્મા, મને બગદાદ ભણવા જવાની રજા આપો.

મા—બેટા, શી રીતે રજા આપું? તારા બાપુજી ગુજરી ગયા પછી તારા મોં સામું જોઈને હું આટલા દિવસ જીવી છું. તું ચાલ્યો જાય, પછી હું એક દિવસ પણ શી રીતે જીવું? આ ગામમાં જેટલું ભણી શકાય તેટલું તું ભણ્યો. હવે બસ.

અબ્દુલ—એ વાત સાચી. પણ અહીંનું ભણતર પૂરું થયું છે. દેશ દેશથી ઘણા વિદ્યાર્થીઓ આગળ ભણવા બગદાદ જાય છે. મને પણ તમે જવા દો.

મા—તું નાનો છે, અને બગદાદ જવાની વાત કરે છે! મને તો એ વાત સાંભળતાં પણ દુઃખ થાય છે. ના બેટા, હું તને બગદાદ નહિ જવા દઉં. એટલે દૂર તું એકલો શી રીતે જાય? ત્યાં કેટલાં બધાં વરસ તારે રહેવું પડે! ત્યાં તારી સંભાળ કોણ રાખે? અહીં જેટલું ભણાય તેટલું તું ભણ્યો. હવે વધારે ભણીને શું કરવું છે?

અબ્દુલ—મા, હજી તો ઘણું ભણવાનું બાકી છે. બગદાદ ગયા વિના એ બધું શી રીતે શિખાય?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માટે મા, મને રજા આપો. ભણીને હું વહેલો વહેલો પાછો આવીશ.

મા—છોકરાંને તો નિશાળે જવામાં કંટાળો આવે છે. તેને બદલે તું તો મારી પાસે વધારે ભણવા જવાની રજા માગે છે. હું તને ના શી રીતે કહું? ઠીક બેટા, ખુદા તારી સંભાળ લેશે. હું કેટલા દિવસ જીવવાની છું? છેવટે તો તને ખુદાને જ સોંપવો પડશે. તો પછી તને જવાની ના પાડીને શા માટે દુઃખી કરું?

અબદુલ—[આંખમાં આંસુ લાવી] અમ્મા, તમે કેટલાં બધાં સારાં છો! મને પણ તમારી પાસેથી દૂર જવાનું ગમતું નથી. પરંતુ મને ભણવાનું બહુ મન છે. તેથી જ હું જવાની રજા માગું છું.

મા—[માથે હાથ ફેરવીને] ઠીક બેટા, જજે. વેપારી સોદાગરના ઘણા કાફલાઓ બગદાદ જાય છે. તેમની સાથે તું જજે. મારી પાસે બચાવેલી ચાળીસ સોનામહોરો છે. તે હું તારી ડગલીમાં સીવી આપીશ. જરૂર પડે ત્યારે તેમાંથી ખર્ચ કરજે. બગદાદનો રસ્તો બહુ લાંબો છે, અને વનવગડામાં બધી જાતનો ડર છે. બેટા, તું સંભાળીને જજે, હંમેશાં સાચું બોલજે અને ખુદાથી ડરીને ચાલજે. ખુદા જરૂર તારું ભલું કરશે.

[પ્રવેશ બીજો]

[જંગલનો રસ્તો છે. એક બાજુએ ઝાડીમાં અબદુલ ખુદાની બંદગી કરવા બેઠો છે. બે લૂંટારુઓ આવે છે.]

પહેલો લૂંટારુ—આજે ખૂબ લૂંટ મળી. સોદાગરોનો આખો કાફલો હાથમાં આવી ગયો. પોતાના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
પૈસા છુપાવવા તેઓ કેવાં જૂઠાં જૂઠાં બહાનાં કાઢતા હતા! ખૂબ માર્યાં ત્યારે તેઓ ઠેકાણે આવ્યા, અને બધું બતાવી દીધું.

બીજો લૂંટારુ—પણ હજી એ કાફલાના કેટલાક લોકો નાસી ગયા છે. તે બધા આ રસ્તાની આજુ-બાજુ છુપાયા હશે. માટે આપણે તેમને જલદી જલદી શોધી કાઢીએ.

[પહેલા લૂંટારુની નજર અબદુલ ઉપર પડે છે.]

પહેલો લૂંટારુ—અરે જો, આ કોઈ અહીં ઝાડીમાં સંતાઈને બેઠું છે.

બીજો લૂંટારુ—આ તો કોઈ નાનો છોકરો દેખાય છે. [અબદુલને] અલ્યા, અહીં તું એકલો બેસીને શું કરે છે? અહીં તું ક્યાંથી આવ્યો છે?

અબદુલ—હું બંદગી કરું છું. સોદાગરોના કાફલા સાથે આવ્યો છું, અને બગદાદ ભણવા જાઉં છું.

બીજો લૂંટારુ—અલ્યા, તારી પાસે કંઈ છે કે?

અબદુલ—હા, મારી પાસે ડગલીમાં ચાળીસ સોનામહોરો છે.

પહેલો લૂંટારુ—[હસીને] ચાળીસ સોનામહોરો અને તે તારી ડગલીમાં?

બીજો લૂંટારુ—છોકરો બડો મશ્કરો લાગે છે. એના ખીસામાં કશું હોય એમ લાગતું નથી. ચાલો આપણે બીજું કોઈ આજુબાજુ સંતાયું હોય તેને જ શોધીએ.

[બંને લૂંટારુ જાય છે. અબદુલ પાછો બંદગી કરવા બેસે છે.]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[થોડી વારમાં ત્રીજો લૂંટારુ આવે છે. અબ્દુલને જોઈ તે તરત તેની તરફ દોડી જાય છે.]

લૂંટારુ—અલ્યા છોકરા, અહીં ભરાઈને શું કરે છે?

અબ્દુલ—ખુદાની બંદગી કરું છું.

લૂંટારુ—તારી પાસે કંઈ છે કે?

અબ્દુલ—હા, ચાળીસ સોનામહોરો છે.

લૂંટારુ—ક્યાં છે?

અબ્દુલ—મારી ડગલીમાં.

લૂંટારુ—ખરું કહે છે? ઊઠ, ચાલ અમારા સરદાર પાસે. [અબ્દુલને પકડીને લઈ જાય છે.]

[પ્રવેશ ત્રીજો]

[જંગલનો એક ભાગ. લૂંટારુઓનો સરદાર અને બીજા લૂંટારુઓ કૂંડાળું વળીને બેઠા છે. વચ્ચે લૂંટેલા માલનો ઢગલો કર્યો છે.]

[અબ્દુલને લઈને લૂંટારુ આવે છે.]

લૂંટારુ—[સરદારને સલામ કરીને] સાહેબ, આ છોકરાને ઝાડીમાંથી પકડી લાવ્યો છું. એ કાફલા સાથે આવેલો છે, અને ઝાડીમાં એકલો બેઠો હતો. એને પૂછ્યું ત્યારે કહે કે, 'બંદગી કરવા બેઠો છું!' એના ખિસ્સામાં કશું દેખાતું નથી. પણ એ પોતે કહે છે કે, મારી ડગલીમાં ચાળીસ સોનામહોરો છે.

સરદાર—કેમ અલ્યા, ખરી વાત છે?

અબ્દુલ—હાજી. મારી ડગલીમાં મારી અમ્માએ ચાળીસ મહોરો સીવી દીધેલી છે. હું બગદાદ ભણવા જાઉં છું, તેથી મારી માએ આપી છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સરદાર—[લૂંટારુને] અલ્યા, એની ડગલી કાઢીને જો. એના કહ્યા પ્રમાણે જો એમાં ચાળીસ મહોરો સીવેલી ન નીકળે, તો પછી એની વાત.

[લૂંટારુ ડગલી ફાડીને જુએ છે. તેમાંથી બરાબર ચાળીસ સોનામહોરો નીકળે છે.]

સરદાર—[નવાઈ પામી] શાબાશ, છોકરા! પણ અલ્યા, તું જૂઠું બોલ્યો હોત અને અમને મહોરો બતાવી ન હોત, તો અમે કશું જાણત નહિ અને તને જવા દેત.

અબદુલ—સાહેબ, મારી માએ કહ્યું છે કે, હંમેશાં સાચું બોલજે, એટલે હું સાચું જ બોલું ને?

સરદાર—પણ તું જોતો નથી કે અમે લૂંટારા છીએ? અમે તારી મહોરો લૂંટી લઈશું એનો તને ડર ન લાગ્યો?

અબદુલ—મારી અમ્માએ મને ખુદાનો જ ડર રાખવાનું કહ્યું છે. ખોટું બોલવાથી ખુદા નારાજ થાય, એટલે હું સાચું જ બોલ્યો છું.

સરદાર—[વિચારમાં પડી જઈને] અલ્યા છોકરા, ખુદા નારાજ થાય તે માટે સહેજ જૂઠું બોલતાં પણ તું ડરે છે. પણ અમે તો ચોરી લૂંટ જેવાં કેટલાં બધાં ખોટાં કામ કરીએ છીએ! તેથી ખુદા અમારી ઉપર કેટલો બધો નારાજ થતો હશે? લે, આ તારી સોનામહોરો પાછી. તું નિરાંતે બગદાદને રસ્તે જા. તારા જેવા ખુદાના બંદાને લૂંટીએ, તો ખુદા અમારા ઉપર કેટલો બધો નારાજ થાય!

[અબદુલ સોનામહોરો લઈને, સલામ કરી ચાલતો થાય છે.]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

¶ વિદ્યા માટે પરદેશગમન વગેરે કષ્ટ સહન કરનાર વિદ્યાર્થીઓનાં ચરિત્ર કહેવાં. શ્યેનચાંગની વાત કહેવી. (ચોથી ચોપડી) ગરીબાઈમાં પણ સ્વપ્રયત્ને વિદ્યાભ્યાસ કરનાર અને એ રીતે મોટા બનનાર પુરુષોના દાખલા આપવા.

¶ બગદાદ ક્યાં આવ્યું તે નકશામાં બતાવવું. આપણા દેશમાં તેની પેઠે વિદ્યાના ધામ તરીકે કાશી પ્રસિદ્ધ હતું, અને દેશભરમાંથી વિદ્યાર્થીઓ ત્યાં જતા, એ કહેવું. નાલંદા, તક્ષશિલા વગેરે પ્રાચીન વિદ્યાધામોનાં નામ પણ સાથે સાથે કહેવાં.

¶ 'સાચું બોલવું' એ સૌથી મોટો ગુણ છે. તેને અંગે હરિશ્ચંદ્ર, ગાંધીજી વગેરેનાં ચરિત્રો ટાંકવાં. આગળ આવી ગયેલ 'સત્યમેવ જયતે' કાવ્યની યાદ આપવી.

¶ લૂંટારુના સરદારમાં થયેલા પરિવર્તનની વાત જેવી બુદ્ધ અને અંગૂલિમાલ લૂંટારુની વાત છઠ્ઠી ચોપડીમાંથી વાંચી સંભળાવવી.

¶ રામાયણ લખનાર વાલ્મીકિ મુનિ પણ પહેલાં વાલિયો નામના લૂંટારા હતા. નારદ મુનિનો ભેટો થતાં તે પણ સુધરી જઈને મુનિ બન્યા. એ વાત ચોથી ચોપડીમાં આવે છે તે પણ કહી સંભળાવવી.

¶ મોટા થયા ત્યારે અબ્દુલ 'ગોસ-ઉલ-આઝમ' (સર્વશ્રેષ્ઠ સંત) તરીકે જાણીતા થયા. તે ઈરાનમાં આવેલા જિલાન પ્રાંતના રહીશ હતા. તેમનું આખું નામ અબ્દુલ કાદર જિલાની.

અઘરા શબ્દો

ગુજરી જવું = મરણ પામવું	ખુદા = ભગવાન; પરમેશ્વર
ભણતર = ભણવાનું તે; વિદ્યા	બંદગી = ઉપાસના; પ્રાર્થના
સોદાગર = મોટો વેપારી	નારાજ = નાખુશ
કાફલો = સંઘ; સમૂહ	બંદો = સેવક; દાસ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ ૨૭ મો

બાળકોનો બાગ

['લાખ લાખ દીવડા'નો ઢાળ]

ખોદી ખોદીને ખૂબ ક્યારીઓ બનાવીએ,
ખૂબ ખૂબ પાણીડાં સીંચાય,
નાનાંશાં બાળકોના બાગમાં. ૧

નાની એ ક્યારીઓમાં મેથી ઉગાડીએ,
મેથી ઉગાડીએ ને ધાણા ઉગાડીએ,
કૂણા કૂણા કાચા ખવાય–નાનાંશાં૦ ૨

નાની ક્યારીઓમાં કાંદા સૌ રોપીએ,
કાંદા સૌ રોપીએ ને લસણ ઉગાડીએ,
જીવનનાં તત્ત્વો સચવાય–નાનાંશાં૦ ૩

કોઈ કોઈ કૂંડામાં ફૂલઝાડ રોપીએ,
ફૂલઝાડ રોપીએ ને ફૂલડાં ખીલવીએ,
મીઠી સુગંધી લહેરાય–નાનાંશાં૦ ૪

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધીમેથી ફરજો એ નાનાશા બાગમાં,
નાના એ બાગમાં, સુંદર એ બાગમાં,
જોજો ના છોડવા છૂંદાય–નાનાંશાં૦ ૫

ધનુબહેન ગામીત

¶ શક્ય હોય ત્યાં શાળાની પાસે બાળકો દ્વારા આવા નાના ક્યારા કરાવવા. તેમાંથી કેવી ઉપયોગી પેદાશ મેળવી શકાય છે તેનો પ્રત્યક્ષ અનુભવ કરાવવો.

¶ કોઈ મોટી વાડીનું પર્યટન ગોઠવવું.

અઘરા શબ્દો

કૂણું = કૂણું; કુમળું
તત્ત્વ = સત્ત્વ; સાર
લહેરાવું = લહરી ચાલવી–ફેલાવું

પાઠ ૨૮ મો

હવા–૧

[સરસ રૂપાળો ચાંદો જોઈ કુમુદ પૂછે છે.]

કુમુદ—મોટાભાઈ, ચંદ્ર ઉપર માણસ રહેતાં હશે ખરાં ?

મોટાભાઈ—ના બહેન, ચંદ્ર ઉપર માણસ ન રહી શકે.

કુમુદ—કેમ ?

મોટાભાઈ—ચંદ્ર ઉપર હવા નથી તેથી.

કુમુદ—હવા ન હોય તેથી માણસ ન રહી શકે ?

મોટાભાઈ—ના બહેન, હવા વિના માણસ ન જીવી શકે. હવાથી લોહી સાફ થાય છે. હવા વિના લોહી ઝેરી થઈ જાય, અને આપણે મરી જઈએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



કુમુદ—મોટાભાઈ, હું તો રાતે મોં ઢાંકીને સૂઈ જાઉં છું. અને ટાઢ ન વાય તે માટે ઓરડાનાં બધાં બારીબારણાં બંધ કરી દઉં છું.

મોટાભાઈ—એમ ન કરવું જોઈએ. તું બધું બંધ કરે છે, તેમ છતાં થોડી ઘણી તાજી હવા છિદ્રો તેમ જ તરાડોમાંથી આવતી રહે છે. જો જરા પણ તાજી હવા અંદર ન આવતી હોય, તો મરી જ જવાય. આપણે જે હવા નાકવાટે બહાર કાઢીએ છીએ, તે શરીરમાં વપરાઈને ઝેરી થઈ ગયેલી હોય છે. તે હવા વડે લોહી સાફ ન થઈ શકે. એટલે તેવી હવા શરીરમાં પાછી જવી ન જોઈએ.

કુમુદ—તો તો હવે સૂતી વખતે હું મોં નહિ ઢાંકું, તથા એકાદ બારી પણ ઉઘાડી રાખીશ.

મોટાભાઈ—હા બહેન. તાજી ચોખ્ખી હવાથી શરીરને ઘણો ફાયદો થાય છે. ગયે વરસે દાદાજી બહુ માંદા થઈ ગયા હતા, ત્યારે દાક્તરે તેમને કોઈ સારી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જગાએ હવા ખાવા લઈ જવાનું કહ્યું હતુ, તે તને યાદ છે ને? પર્વત ઉપર તથા દરિયા-કિનારે હવા બહુ તાજી અને ચોખ્ખી હોય છે. એટલે લોકો એવી જગાઓએ હવા ખાવા જાય છે.

કુમુદ—ખરી વાત, હું પણ દાદાજી સાથે આબુ ગઈ હતી. ત્યાંથી પાછી આવી ત્યારે બા કહેતી હતી કે, 'તું ખરી તાજીમાજી થઈ આવી!'

૧ દૂરથી રૂપાળા દેખાતા ચંદ્રની સપાટી ખરેખર કેવી છે, તેનો ખ્યાલ મોટા કદમાં લીધેલા તેના ચિત્ર પરથી આપી શકાશે.

૧ મોઢું ઢાંકીને સૂવાની કુટેવ તથા તેનાથી થતા નુકસાન બાબત વિશેષ વાતચીત કરી, વિદ્યાર્થીઓનું ધ્યાન તે તરફ દોરો.

૧ શરીરની શ્વાસોચ્છ્વાસની ક્રિયા, તથા હૃદય, ફેફસાં વગેરેનાં કામ બાબત સમજૂતી આપવી.

૧ ગુજરાતનાં કેટલાંક જાણીતાં હવા ખાવાનાં સ્થળો — આબુ, ડુમ્મસ વગેરેની વાત કરવી. વર્ગમાંથી કોઈ ત્યાં જઈ આવ્યું હોય તો તેને વર્ણન કરવા કહેવું.

છિદ્ર = કાણું   પર્વત = ડુંગર; પહાડ

પાઠ ૨૯ મો

હવા — ૨

૧

કુમુદ—પણ મોટાભાઈ, ચંદ્ર એવો રૂપાળો છે કે મને ત્યાં જવાનું બહુ જ ગમે. ત્યાં જઈ ગરબા ગાવાની કેવી મજા આવે!

મોટાભાઈ—ના બહેન, ના. ત્યાં હવા નથી એટલે કોઈ બોલે તોપણ સંભળાય જ નહિ.

કુમુદ—એવું તે હોય? ચંદ્રમાં જઈએ તો બહેરા થઈ જવાય?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મોટાભાઈ—એમ નહિ. આપણે જ્યારે બોલીએ છીએ ત્યારે આપણા શ્વાસનો ધક્કો બહારની હવાને વાગે છે. તેથી તે હવામાં મોજાં પેદા થાય છે. એ મોજાં ફેલાતાં ફેલાતાં કાન સુધી પહોંચે છે, ત્યારે જ આપણે તે અવાજ સાંભળી શકીએ છીએ. પણ ચંદ્રમાં હવા જ નથી, એટલે તું બોલે તોપણ તારું બોલેલું કોઈના કાન સુધી પહોંચે શી રીતે?

કુમુદ—એ તો બહુ ખરાબ. ત્યાં વાતો ન કરી શકીએ, અને બોલેલું કશું સંભળાય નહિ, તો પછી ત્યાં શી મજા આવે? હું તો એમ માનતી હતી કે, ચંદ્રમાં પૂનમ જેવું મજાનું અજવાળું હંમેશાં રહે, એટલે ત્યાં ગરબા ગાવાની મજા પડે.

મોટાભાઈ—ચંદ્રમાં પણ બધે અજવાળું હંમેશાં રહેતું નથી. તેનો જે ભાગ સૂર્ય તરફ હોય ત્યાં જ અજવાળું હોય. ચંદ્રને પોતાનું અજવાળું નથી. એ અજવાળું સૂર્યનું જ છે. વળી ચંદ્ર ઉપરનું અજવાળું મજાનું પણ નથી.

કુમુદ—કેમ મોટાભાઈ, આપણને અહીં તો ચંદ્ર ઉપરનું અજવાળું દૂધ જેવું ધોળું તથા જળ જેવું શીતળ લાગે છે. ચંદ્ર ઉપર તે મજાનું ન લાગે?

મોટાભાઈ—ન લાગે. ચંદ્રમાં હવા ન હોવાથી દિવસે સૂર્યનો તાપ પણ બહુ લાગે, અને રાતે ટાઢ પણ ખૂબ પડે. પૃથ્વી ઉપર તો આપણી અને સૂર્યની વચ્ચે હવાનું પડ છે. તેમાં સૂર્યની થોડી ગરમી ઝિલાઈ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
જાય છે. એટલે સૂર્યનો તાપ આપણને બહુ લાગતો નથી, અને રાતે ટાઢ પણ બહુ લાગતી નથી. ચંદ્રમાં હવા ન હોવાથી સૂર્યનો તાપ સીધો જ આપણને લાગે. એ તાપ એટલો બધો સખત હોય કે, તડકામાં પાણી મૂકીએ તો ગરમ થઈને ઊકળવા જ માંડે. રાતે ઠંડી પણ એટલી બધી લાગે કે, આપણા શરીરનું લોહી ઠરી જાય!

૨



કુમુદ—પણ મોટાભાઈ, ત્યાં મોટા પર્વતો દેખાય છે, તેમના પડછાયામાં તાપ ઓછો નહિ લાગતો હોય?

મોટાભાઈ—જરૂર. ત્યાં પડછાયામાં તાપ ન લાગે. પણ ત્યારે ઠંડી તો વધારે લાગે ને? ત્યાં હવા નહિ, એટલે તડકામાંનું અજવાળું કે ગરમી પડછાયામાં પહોંચે શી રીતે? એટલે ત્યાં પહાડના પડછાયામાં કોઈ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઊભું હોય, તો દેખાય પણ નહિ. ત્યાં હવા નથી એટલે પડછાયામાં જરા પણ અજવાળું ન હોય. એટલું ખરું કે ત્યાં દિવસે પણ આકાશમાં તારા જોવા મળે.

કુમુદ—દિવસે પણ ત્યાં તારા દેખાય ?

મોટાભાઈ—હાસ્તો ! અહીં તો હવામાં સૂર્યનું તેજ ફેલાઈ જાય છે, એટલે આકાશ ઊજળું દેખાય છે, અને બધા તારા એ અજવાળામાં ઢંકાઈ જાય છે. પણ ચંદ્રમાં હવા નથી, એટલે આકાશ દિવસે પણ કાળું કાળું દેખાય, અને તારાઓ પણ ચમકતા દેખાય.

કુમુદ—મોટાભાઈ, ત્યારે ચંદ્ર તો દૂરથી જ રૂડો રૂપાળો દેખાય છે, એમ ને ? ત્યાં જવા જેવું નથી.

મોટાભાઈ—હા બહેન, 'ડુંગરા દૂરથી રળિયામણા' એ કહેવત બરાબર જ છે.

૧ શરદ પૂનમની ચાંદની, તથા નવરાત્રના ગરબા વિષે વાત કરવી. 'આસો માસો શરદ પૂનમની રાત જો' એ જાણીતું ગીત સંભળાવવું.

૧ પ્રકાશ, ગરમી અને અવાજનો સંચાર હવા મારફત થાય છે, તેના બીજા દાખલા આપવા. પડઘો કેમ પડે છે તે અહીં કહેવું.

૧ ચંદ્રનું અજવાળું પણ સૂર્યને લીધે છે; એના અનુસંધાનમાં સૂરજના બીજા ઉપકારોની વાત પણ કહેવી. બીજી ચોપડીનો 'સૂરજ'વાળો પાઠ અહીં યાદ કરાવવો.

અઘરા શબ્દો

શ્વાસ = નાકથી જે હવા લઈએ –મૂકીએ તે

જળ = પાણી

શીતળ = ઠંડું

રળિયામણું = સુંદર

કહેવત = ઉખાણો; લોકોમાં પ્રચલિત ઉક્તિ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ ૩૦ મો

સુભાષિતો – ૨

૧

કરવાનું જે હોય તે, કરવો પ્રથમ વિચાર;
ધનુષથી શર છૂટતાં, પાછું નહિ વળનાર.

૨

ઉદાર પુરુષ ઉદારતા, તજે ન સહી પર-તાપ;
આંબાને પથરો હણે, પણ દે છે ફળ આપ.

૩

શૂરવીર સૃષ્ટિ વિષે, સાચો એહ ગણાય;
દીનનાં દુઃખ દળવા તણી, ચિંતા બહુ ચિત્ત માંહ્ય.

૪

કરવા પર ઉપકાર જે, પ્રથમ પગ ધરી ધાય;
પ્રાણ જતાં પણ નવ ડરે, એ શૂરવીર ગણાય.

૫

વિના વિદ્યા નહીં જ્ઞાન, વિદ્યા આળસથી નહીં;
વિના વિદ્યા નહીં શક્તિ, સુખ ક્યાંથી અશક્તને?

૬

વિદેશે ધન છે વિદ્યા, બુદ્ધિ ધન છે સંકટે;
પરલોકે ધન છે ધર્મ, સર્વત્ર ધન શીલ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૭

નિજ ગુણ ઉત્તમ મન ગણી, જે નર બહુ ફુલાય;
બળદ સમો બનવા જતાં, મેંડક જ્યમ મરી જાય.



૧ એક વાર ધનુષ્યમાંથી છટેલું બાણ ફરી પાછું કેમ ન વળે?

૧ આંબાને પથરો મારીએ, તો તે સામી કેરી આપે છે એટલે શું? દુર્જને આપેલા દુઃખના બદલામાં સજ્જન પણ તેનું હિત જ કરે છે.

ચોથી ચોપડીમાં આવતા ‘શામળનો છપ્પો’ એ પાઠનું વસ્તુ અહીં કહો.

૧ સાચા શૂરવીરનું બળ બીજાને દુઃખ દેવામાં નહિ, પણ દીન-દુઃખીનાં દુઃખ હણવામાં વપરાય. પ્રાચીન ક્ષત્રિયોનો ધર્મ પણ એ જ મનાતો. યુરોપમાં ‘નાઈટ’ ઉમરાવો માટે પણ પ્રેમશૌર્ય મોટો ધર્મ હતો.

૧ સંકટમાં બુદ્ધિ ધન છે, એટલે? મુશ્કેલીથી ગભરાઈ જવાને બદલે વિચારપૂર્વક તેનો ઉપાય શોધવો જોઈએ.

૧ બળદ અને મેંડક કે દેડકાની વાત કહો. તે વાત મૂળ ઈસપની છે.

નમ્રતાથી ઊલટું અભિમાન. તુલસીદાસનો દુહો ‘દયા ધરમકો મૂલ હૈ’ અહીં યાદ કરાવો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અઘરા શબ્દો

શર = બાણ
પર-તાપ = પારકાએ દીધેલું દુઃખ
દળવું = ભૂકો કરવો – નાશ કરવો
પ્રથમ પગ ધરી = પહેલ કરીને; આગળ થઈને
શીલ = સદાચાર; ચારિત્ર
નિજ = પોતાનું
મેંડક = દેડકો
જ્યમ = જેમ; –ની પેઠે

પાઠ ૩૧ મો

પાવાગઢ

૧

ડાકોરમાં અમે બધા નિશાળેથી છૂટી, સાંજના ગામ બહાર ફરવા જતા. ત્યાંથી દૂર દૂર શંકુ જેવો પાવાગઢ પર્વત દેખાતો. તે પાવાગઢ કેવો હશે, તથા ત્યાં જવાની અને તે ઉપર ચડીને જોવાની કેવી મજા આવતી હશે, એવા વિચાર અમને ઘણી વાર આવતા.

એક વખત એક નવો છોકરો અમારા ધોરણમાં દાખલ થયો. તે ચાંપાનેર ગામનો હતો. તેના મામા ડાકોર રહેતા હતા. તેમને ઘેર રહીને તે ભણતો હતો. તેની સાથે અમારે દોસ્તી થઈ. તે અમને પાવાગઢની ઘણી ઘણી વાતો કહેતો. તે સાંભળી અમને પાવાગઢ જવાનું વળી વધારે મન થતું.

રજાઓ પડી એટલે તે છોકરાને તેને ઘેર જવાનું થયું. તેણે અમને કહ્યું, "તમારે જો પાવાગઢ જોવા આવવું હોય, તો મારી સાથે ચાલો. હું તમને બધું બતાવીશ."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અમે પાંચ સાત જણ પાવાગઢના પ્રવાસ માટે તૈયાર થયા. એક શિક્ષક પણ અમારી સાથે આવવાના હતા, એટલે જવા માટે અમને ઘેરથી તરત રજા મળી.

૨

અમે ડાકોરથી સવારની ગાડીએ નીકળીને વડોદરા ગયા. ત્યાંથી બીજે દિવસે ગોધરાની ગાડીમાં બેઠા અને ચાંપાનેર રોડ નામના સ્ટેશને ઊતર્યા. ત્યાં પાવાગઢ જવા ગાડી બદલાય છે. અમે તેમાં બેઠા. જેમ જેમ અમારી ગાડી પાવાગઢ તરફ જવા લાગી, તેમ તેમ તે મોટો ને મોટો દેખાવા લાગ્યો.

પાવાગઢનું સ્ટેશન આવ્યું. ત્યાં અમે ઊતરી પડ્યા, અને અમારા દોસ્ત સાથે તેને ઘેર ગયા. ત્યાં અમે થોડો નાસ્તો કરી લીધો. પછી અમારો ભાઈબંધ અમને ગામની આસપાસ ફરવા લઈ ગયો. ગામની ચારે બાજુ મસીદો, મહેલો, અને દરવાજાઓનાં ખંડેર હતાં.



CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાતે અમે ખાઈ પરવારીને વાતો કરતા બેઠા. ત્યારે અમારા દોસ્તના બાપુએ અમને પાવાગઢ વિષે કેટલીક વાતો કહી.

તેમણે કહ્યું, "અહીં પહેલાં રજપૂત રાજાઓ રાજ્ય કરતા હતા. તેમણે પાવાગઢ ઉપર મોટા મોટા કિલ્લાઓ બંધાવ્યા હતા. એ કિલ્લાઓ એવા મજબૂત હતા કે, તેમને તોડીને કોઈથી અંદર પેસાય નહિ. મહંમદ બેગડાએ જ્યારે પાવાગઢ જીતવા ચડાઈ કરી, ત્યારે કિલ્લામાં પેસવા તેણે એક યુક્તિ કરી. અનાજની ગૂણોમાં તેણે અનાજને બદલે લશ્કરના માણસો ભર્યા, અને પછી તે ગૂણો કિલ્લા તરફ મોકલી. કિલ્લાના ચોકીદારે અનાજની ગૂણો આવી છે એમ માનીને દરવાજો ઉઘાડ્યો. ગૂણો અંદર આવી ગઈ એટલે તેણે દરવાજો બંધ કર્યો. પણ એ ગૂણોમાંથી નીકળેલા માણસોએ ચોકી કરનારને મારી નાખીને દરવાજો ઉઘાડી નાખ્યો. એટલે મહંમદનું લશ્કર કિલ્લામાં પેસી ગયું."

વાતો સાંભળતાં સાંભળતાં અમે બધા સૂઈ ગયા.

૩

બીજે દિવસે સવારે પરવારીને અમે પાવાગઢ ઉપર ચડવાનું શરૂ કર્યું. અમે થોડો નાસ્તો સાથે લીધો હતો.

પર્વતનો રસ્તો વાંકોચૂકો, સાંકડો તથા ચડાવવાળો હોય છે. પણ અમે તો હોંસે હોંસે ઉપર ચડવા લાગ્યા. ગઢના એક પછી એક કિલ્લા અને દરવાજા આવવા લાગ્યા. પેલો અનાજની ગૂણોવાળો દરવાજો પણ આવ્યો. એમ સાત દરવાજા વટાવી અમે ઉપર પહોંચ્યા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ટોચ ઉપર સપાટ મેદાન હતું. તે જોઈ અમને નવાઈ લાગી. કારણ કે દૂરથી તો પાવાગઢની ટોચ શંકુની અણી જેવી જ દેખાતી હતી. તેની એક બાજુ દૂધિયું તળાવ હતું. તે તળાવનું પાણી એટલું બધું ઠંડું હતું કે, તેમાં આંગળી બોળીએ તોપણ ઠરી જાય! કેટલાક લોકો તેવા ઠંડા પાણીમાં પણ નહાતા હતા.

સપાટ મેદાનથી ઊંચે મહાકાળીના મંદિરમાં જવા ૨૨૫ પગથિયાં ચડવાં પડે છે. અમે ગણતા ગણતા તે પગથિયાં ચડી ગયા.

માતાના મંદિરની બાજુએ થઈને ઉપર અગાશી-માં જવાય છે. ત્યાં ટોચ ઉપર જઈને ઊભા રહીએ એટલે ચારે બાજુ દૂર સુધી ઘણી જગાઓ દેખાય છે. શિક્ષકે અમને કવિતાની નીચેની કડીઓ યાદ કરાવી:

"જય જય ગરવી ગુજરાત.
ઉત્તરમાં અંબા માત,
પૂરવમાં કાલી માત,
છે દક્ષિણ દિશામાં કરંત રક્ષા, કુંતેશ્વર મહાદેવ,
ને સોમનાથ ને દ્વારકેશ એ પશ્ચિમ કેરા દેવ—"

અમે બધાએ જોરથી તે ગાઈ. અમારા ભાઈબંધે અમને ચારે તરફ દેખાતાં જુદાં જુદાં ગામ, તળાવ વગેરે ઓળખાવ્યાં. વડોદરા શહેરને પાણી પૂરું પાડતું આજવા સરોવર પણ તેણે બતાવ્યું.

ઉપર પવન તો એવો વાતો હતો કે જાણે હમણાં ઊડી જવાશે! કેટલાક લોકો પાવાગઢને પવનગઢ પણ કહે છે, તે આથી જ હશે?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પછી અમે પગથિયાં ઊતરી દૂધિયા તળાવ ઉપર પાછા આવ્યા, અને નાસ્તો કરવા બેઠા. ભૂખ તો એવી કકડીને લાગી હતી કે, ખાવાની ખૂબ મજા પડી.

પાછા ઊતરતી વખતે તો ઝપાટાબંધ ઊતરી જવાય છે. રસ્તામાં એક જગાએથી થોડે દૂર વિશ્વામિત્રી નદીનું મૂળ છે, તે અમે જોઈ આવ્યા. વચમાં બીજી એક ટેકરી ઉપર જવાનો રસ્તો આવે છે. તે ટેકરી ઉપર ભદ્રકાળી માતાનું મંદિર છે. પાવાગઢના રાજાના મહેલનાં ખંડેર પણ ત્યાં છે. તેની પાસે એક તળાવ છે. રાજા જ્યારે લડાઈમાં માર્યો ગયો, ત્યારે તેની રાણીઓ ત્યાં ચિતા ખડકાવીને બળી મરી હતી.

તે ટેકરી જોઈને અમે સડસડાટ નીચે ઊતરી ગયા.

બીજે દિવસે ચાંપાનેરથી ઘેર જવા નીકળ્યા. ડાકોરમાં રહીને અમે જે પાવાગઢ દૂરથી દેખતા હતા, તેની ટોચ ઉપર જઈ આવ્યા, તેથી અમને ખૂબ આનંદ થયો.

૧ ડાકોર, વડોદરા, ચાંપાનેર વગેરે સ્થળો નકશામાં બતાવવાં. તે તે સ્થળો વિષે જાણવા જોગ હકીકતો કહેવી. જેમ કે, ડાકોરમાં શ્રીરણછોડજી; વડોદરામાં કમાટી બાગ વગેરે.

૧ શાળામાંથી આવાં પર્યટન ગોઠવાય. તેની પૂર્વતૈયારી વગેરે વિષે વિદ્યાર્થીઓ પાસે વિગતો તૈયાર કરાવવી. તથા પર્યટન બાદ તેના વર્ણનની નોંધ લખાવવી.

૧ પાવાગઢના રાજાઓ તથા છેવટે તેમની હકૂમતનો નાશ વગેરે ઐતિહાસિક હકીકત સાથે 'મા પાવા તે ગઢથી ઊતર્યાં મહાકાળી રે' એ પ્રસિદ્ધ ગરબીમાંની હકીકતો કહો.

૧ બે ગઢ જીતવાથી મહંમદ 'બેગડો' કહેવાતો. (જૂનાગઢ અને પાવાગઢ)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧ દુશ્મનને હાથે પોતાનું શિયળ ભયમાં આવી પડે ત્યારે ચિતા ખડકાવી બળી મરવાના રજપૂતાણીઓના જોહરના અનેક પ્રસંગો ઇતિહાસમાં જાણીતા છે.

૧ 'ડુંગર દૂરથી રળિયામણા' એ કહેવતના વસ્તુને પર્યટનમાં થયેલા પ્રત્યક્ષ અનુભવ ઉપરથી ચકાસી જોવરાવવું.

અઘરા શબ્દો

ખંડેર = ભાગીતૂટી ઇમારત; પડી ગયેલા ઘરનું ખોખું
ગરવી = મહાન; ગૌરવવાળી
ખડકવું = ઉપરાઉપરી ગોઠવવું
મૂળ = નદી જે જગાએથી નીકળે તે સ્થાન (મુખ = નદી જ્યાં સમુદ્ર વગેરેને મળે તે સ્થાન)

પાઠ ૩૨ મો

ત્રણ વાંદરાનું રમકડું



ચીના લોકોનું આ એક રમકડું છે. ચીનના કુંભારો એવાં રમકડાં બનાવે છે. ચીનના લોકો હોંશે હોંશે તે લઈ જાય છે. ચીનમાં સૌ તેને બેઠકના પોતાના ઓરડામાં રાખે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ રમકડામાં એવું શું છે?

એ ત્રણ વાંદરા છે. તે ડાહ્યા છે. તે બોલતા નથી. મૂંગા મૂંગા તે સરસ શિખામણ આપે છે.

તેઓ શી શિખામણ આપે છે?

પહેલો વાંદરો કાન ઢાંકીને આપણને કહે છે, "હું કોઈનું ભૂંડું સાંભળવા ઇચ્છતો નથી. તું પણ કોઈનું ભૂંડું સાંભળીશ ના."

બીજો વાંદરો આંખ ઢાંકી આપણને કહે છે, "હું કોઈનું ભૂંડું જોવા ઇચ્છતો નથી. તું પણ કોઈનું ભૂંડું જોઈશ ના."

ત્રીજો વાંદરો મોં ઢાંકીને આપણને એમ કહે છે: "હું કોઈનું ભૂંડું બોલવા ઇચ્છતો નથી. તું પણ કોઈનું ભૂંડું બોલીશ ના."

આ શાણા વાંદરાઓ આપણને આવી રૂડી શિખામણ આપે છે.

વળી આપણે તેમની આ શિખામણ માનીએ નહિ, તો ત્રણે વાંદરા આપણને ઠપકો પણ આપે છે:

જો આપણે કોઈનું ભૂંડું બોલીએ, તો પહેલો વાંદરો કાને હાથ ઢાંકી આપણને કહે છે, "મહેરબાની કરી મૂંગો રહે, મારે તારી વાત સાંભળવી નથી." બીજો વાંદરો આંખ ઢાંકી આપણને કહે છે, "મહેરબાની કરી દૂર જા, મારે તારું મોઢું જોવું નથી." અને ત્રીજો વાંદરો મોઢે હાથ મૂકીને કહે છે, "માફ કર, મારે તારી સાથે વાત કરવી નથી."

ગાંધીજી આ ત્રણ વાંદરાના રમકડાને હંમેશ પોતાની સામે રાખતા હતા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

۹ કોઈનું ભૂંડું ન સાંભળવું, કોઈનું ભૂંડું ન જોવું, કોઈનું ભૂંડું ન બોલવું, આ ત્રણ શિખામણોનું મહત્ત્વ બીજી વાતો દ્વારા સમજાવવું.

۹ આ રમકડાની પેઠે કેટલાક લોકો પોતાના ઓરડામાં ઈશુ ખ્રિસ્ત, બુદ્ધ વગેરે મહાપુરુષોના જીવનનો કોઈ પ્રસંગ આલેખતાં ચિત્રો પણ પ્રેરણા માટે રાખે છે, તેની વાત કરવી.

અઘરા શબ્દો

બેઠક = બેસવા ઊઠવાનો ઓરડો   ભૂંડું = નઠારું; ખરાબ

પાઠ ૩૩ મો

ઘડિયાળ

૧

શિક્ષક—તમે કેટલા વાગ્યે નિશાળમાં આવ્યા હતા? ચૂનીલાલ કહે.

ચૂનીલાલ—ઘંટ વાગ્યો તે પહેલાં હું આવ્યો હતો.

શિક્ષક—પણ તે વખતે કેટલા વાગ્યા હતા?

ચૂનીલાલ—એ તો ખબર નથી. નિશાળનો વખત થાય છે ત્યારે મારી બા મને જમવા બોલાવે છે. જમીને હું નિશાળે આવું છું.



શિક્ષક—તારે ઘેર ઘડિયાળ છે કે?

ચૂનીલાલ—મારે ઘેર મોટું ઘડિયાળ છે.

શિક્ષક—ઠીક. ઘડિયાળ શા ખપમાં આવે એ ખબર છે?

ચૂનીલાલ—કેટલા વાગ્યા છે તે તેમાં જોવાય. પણ તે કેમ જોવાય એ મને આવડતું નથી.

શિક્ષક—ચાલો ત્યારે આજે ઘડિયાળ વિષે વાત કરીએ. બધા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પેલા ઘડિયાળ સામે જુઓ. કહો, એમાં હાલે છે તે શું કહેવાય?

ચંદુ—લોલક. એ તો હાલ્યા જ કરે છે.

છગન—ગુરુજી, મારે ઘેર ઘડિયાળનો ડબો છે. તેમાં લોલક નથી.



ચંદુ—મારા મોટાભાઈ ખિસ્સામાં નાનું ઘડિયાળ રાખે છે, તેને પણ લોલક નથી.

શિક્ષક—ખરી વાત. એ જાતનાં ઘડિયાળમાં લોલક હોતું નથી. પણ લોલકને બદલે આમ તેમ ફરતું ચક્ર હોય છે. તે ચક્ર લોલકનું કામ કરે છે.

કનુ—પણ ગુરુજી, લોલક હાલ્યા જ કરે શી રીતે?

છગન—મેં એક દહાડો આ ઘડિયાળનું લોલક બંધ પડેલું જોયું હતું.

શિક્ષક—પછી તેને કેવી રીતે ચાલતું કર્યું હતું?

છગન—ગુરુજી, તમે ચાવી આપીને તેને હલાવ્યું, એટલે તે પાછું ચાલતું થઈ ગયું હતું.

શિક્ષક—કનુ, હવે સમજ્યો? કહે, લોલક શી રીતે ચાલ્યા કરે છે?

કનુ—ચાવી આપવાથી તે ચાલે છે. ચાવી ખલાસ થઈ જાય એટલે ફરી આપવી પડે. તેથી તમે દર સોમવારે આ ઘડિયાળને ચાવી આપો છો, ખરું ને?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શિક્ષક—બરાબર. ચાલો, ઘડિયાળમાં બીજું શું ચાલતું કે ફરતું જુઓ છો?

ચંદુ—કહું સાહેબ? કાંટા.

છગન—પણ એ લોલકની પેઠે હાલતા ક્યાં દેખાય છે? તેમાંય પેલો નાનો કાંટો તો જાણે ચાલતો જ નથી!

ચંદુ—પણ કાંટા ફરે છે તો ખરા ને?

કનુ—ગુરુજી, કાંટા શા કામમાં આવે છે?

શિક્ષક—કેટલા વાગ્યા છે તે જોવું હોય, તો એ કાંટા વડે જ જોવાય. જુઓ, ઘડિયાળના ચંદા ઉપર આંકડા લખેલા છે. કાંટા કયા આંકડા આગળ છે તે જોઈએ, એટલે કેટલા વાગ્યા છે તે સમજી શકાય.

છગન—પણ ચંદા ઉપરના આંકડા વાંચતાં આવડે તો ને?

ચંદુ—એ તો સહેલું છે. એક લીટી એટલે એકડો, પછી બગડો, પછી તગડો. મારા ભાઈ કહેતા કે, એક ચંદા ઉપર બાર સુધી આંકડા હોય.

શિક્ષક—ચંદુની વાત ખરી છે. પણ બાર સુધી તે શું કામ હશે? એ કોણ કહેશે?

ચંદુ—મારા ભાઈ કહેતા હતા કે, બાર કલાક છે એટલે બાર આંકડા છે.

શિક્ષક—સાચી વાત. પૂરો દિવસ એટલે દહાડો અને રાત. દહાડાના બાર કલાક અને રાતના બાર કલાક. એમ દિવસના ચોવીસ કલાક હોય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છગન—પણ ગુરુજી, કાંટા કેવી રીતે જોવા ?

શિક્ષક—છગનને હવે ઉતાવળ આવી લાગે છે. જો સાંભળ. બે કાંટામાં નાનો કાંટો છે તે કલાક-કાંટો કહેવાય છે. મોટો કાંટો છે તેને મિનિટ-કાંટો કહે છે. ૬૦ મિનિટ થાય એટલે એક કલાક થયો કહેવાય. બેમાં મિનિટ-કાંટો જલદી ફરે છે. ૧૨ને આંકડેથી તે ચાલવાનું શરૂ કરે. એક, બે, ત્રણ એમ બધા આંકડા ઉપર ફરતો ફરતો તે ૧૨ને આંકડે પાછો આવે. એટલા વખતમાં ૬૦ મિનિટ થાય. ત્યારે એક કલાક થયો કહેવાય. ત્યાં સુધીમાં કલાક-કાંટો ધીમે ધીમે એક આંકડા જેટલું ખસી રહે છે.

ચંદુ—એટલે નાનો કાંટો ધીમે ચાલે છે, એમ ને ?

છગન—પણ કેટલા વાગ્યા એ કેવી રીતે કહેવું?

ચંદુ—સાહેબ, હું કહું ? કલાક-કાંટો ખસીને જે આંકડા ઉપર આવે, તેટલા વાગ્યા એમ સમજવું.

છગન—પણ મોટો કાંટો શું બતાવે છે ?

ચંદુ—એ તો કોણ જાણે.

શિક્ષક—ચાલો એ કહું. જુઓ, કલાક-કાંટો અત્યારે કયા આંકડા ઉપર છે ?



ચંદુ—અગિયાર ઉપર.

છગન—ના, અગિયારથી થોડો આગળ છે.

શિક્ષક—બરોબર. અને મિનિટ-કાંટો ક્યાં છે ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છગન—(ગણીને) ત્રણ ઉપર.

શિક્ષક—કેટલા વાગ્યા એ બરાબર જોવા માટે બેઉ કાંટા જોવા જોઈએ. મિનિટ-કાંટો બારના આંકડા ઉપર જ હોય, તે વખતે કલાક-કાંટો જે આંકડા ઉપર હોય, તેટલા વાગ્યા કહેવાય.

છગન—પણ મિનિટ-કાંટો અત્યારે તો ત્રણ ઉપર છે. તેનું શું ?

શિક્ષક—જુઓ આપણે અગિયાર વાગ્યે વાતચીત શરૂ કરી હતી. ત્યારે મિનિટ-કાંટો બાર પર હતો. પછી આપણે વાતો કરી એટલા વખતમાં મિનિટ-કાંટો ખસતો ખસતો ત્રણ ઉપર આવ્યો. મિનિટ-કાંટો એક આંકડા જેટલું ખસે ત્યારે પાંચ મિનિટ થાય. બોલો ત્યારે, અત્યારે કેટલી મિનિટ થઈ ?

છગન—મિનિટ-કાંટો ત્રણ આંકડા ખસ્યો છે, એટલે પાંચ તરી પંદર મિનિટ થઈ, ખરું ને ?

શિક્ષક—શાબાશ. અત્યારે અગિયાર ઉપર પંદર મિનિટ થઈ છે. પંદર મિનિટ એટલે ૦। કલાક. એટલે અત્યારે સવા અગિયાર વાગ્યા છે. હવે મિનિટ-કાંટો ખસીને છના આંકડા ઉપર આવશે ત્યારે કેટલી મિનિટ થશે ?



ચંદુ—અગિયાર ઉપર ત્રીસ મિનિટ.

શિક્ષક—ત્રીસ મિનિટ એટલે અર્ધો કલાક કહેવાય. પછી તે મિનિટ-કાંટો ખસતો ખસતો પાછો બાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપર આવશે ત્યારે ૬૦ મિનિટ થશે. એટલે એક કલાક પૂરો થશે. તે વખતે કલાક-કાંટો પણ ધીમે ધીમે ખસતો ખસતો એક આંકડા જેટલો આગળ જશે, અને ૧૨ના આંકડા ઉપર આવશે.



છગન—ત્યારે બરોબર બાર વાગશે, ખરું ને?

શિક્ષક—હા. હવે સમજ્યા, કેવી રીતે ઘડિયાળ જોવાય?

વિદ્યાર્થીઓ—હા જી, હવે અમે તો કાંટા જો જો કરીશું, એટલે ઘડિયાળ જોતાં આવડી જશે.

¶ સમય જાણવાની જૂના જમાનામાં ચાલતી રીતો વિષે કહેવું. જેમ કે, કલાક-શીશી, છાયાયંત્ર વગેરે. સ્વચ્છ આકાશમાં રાતે જુદા જુદા તારાઓ અને ગ્રહ-નક્ષત્રોનાં સ્થાન ઉપરથી પણ સમય જોવાય છે.

¶ ઘડિયાળ એ છેવટે તો વખતસર કામ કરી શકાય તે માટેનું સાધન છે. નિયમિતતા અને વખતસર કામ કરવાની ટેવની જરૂર વિષે કહેવું.

¶ કોઈ કોઈ સ્થળે ઊંચા ટાવર ઉપર ઘડિયાળ હોય છે. જેણે ટાવર જોયું હોય તેની પાસે તેનું વર્ણન કરાવવું.

¶ અંગ્રેજી આંકડા ઓળખતાં શીખવો:

1 2 3 4 5 6 7 8 9 0

ચંદો = ચાંદા જેવો ગોળ આકાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ ૩૪ મો

વાઘ અને મુસાફર

એક જંગલમાં વાઘ પકડવાનું પાંજરું ગોઠવ્યું હતું. એક વાઘ તેમાં રાતે સપડાઈ ગયો. વાઘે બારણું ઉઘાડવા બહુ ફાંફાં માર્યાં. પણ તે ઊઘડ્યું નહિ.

સવાર પડી. વાઘે દૂરથી એક મુસાફરને આવતો જોયો. તેણે કરગરીને મુસાફરને કહ્યું : "ભાઈ, પાંજરાનું બારણું ઉઘાડ, તો હું તને તેનો બદલો આપીશ. મારી પાસે સોનાનાં ઘણાં ઘરેણાં છે, તે બધાં હું તને આપી દઈશ."

મુસાફર—વાહ, તું ખરો છે! હું તને છૂટો કરું તો તું મને જ ના ખાઈ જાય કે?

વાઘ—ના ભાઈ ના! એમ તે કંઈ થાય? હું તને નહિ મારું.

મુસાફરે પાંજરાનું બારણું ઉઘાડ્યું. વાઘ તરત બહાર નીકળી આવ્યો. પછી તેણે પહેલું જ પેલા મુસાફરને કહ્યું, "હું ભૂખ્યો થયો છું; તને ખાઉં!"

મુસાફર ગભરાઈને બોલ્યો, "અરે, મેં તને બહાર કાઢ્યો તેનો આ બદલો? તેં વચન આપ્યું હતું તે તો પાળ!"

એવામાં ત્યાં થઈને એક ઘરડો ઘોડો જતો હતો. મુસાફરે તેને બોલાવીને કહ્યું : "ભાઈ ઘોડા, તું ન્યાય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કર. આ વાઘને મેં પાંજરામાંથી બહાર કાઢ્યો. હવે તે મને ખાવા તૈયાર થયો છે. એ શું સારું કહેવાય?"

ઘોડો—તમે માણસો એ જ લાગના છો. જો ને, મેં મારા શેઠની ખૂબ ચાકરી કરી. પણ હું ઘરડો થયો, એટલે તેણે મને રઝળતો મૂકી દીધો.

વાઘે ખુશ થઈને મુસાફરને કહ્યું, "ચાલ તૈયાર થા; તને ખાઉં."

એવામાં ત્યાં થઈને એક ગધેડો જતો હતો. મુસાફરે તેને બધી વાત કહી, અને ન્યાય કરવા વિનંતી કરી.

ગધેડાએ જવાબ દીધો, "વાઘ કશું ખોટું કરતો નથી. જો ને, મેં કુંભારની ખૂબ ચાકરી કરી. પણ હું ઘરડો થયો, એટલે તેણે મને કાઢી મૂક્યો."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાઘ હસતો હસતો મુસાફરને કહેવા લાગ્યો : "ચાલ તૈયાર થા; તને ખાઉં."

એટલામાં ત્યાં થઈને એક બળદ જતો હતો. મુસાફરે તેને ન્યાય કરવા કહ્યું.

બળદ—વાઘ કશું ખોટું કરતો નથી. જો ને, મેં મારા ધણીનું ઘણું કામ કર્યું; પણ હું ઘરડો થયો, એટલે તેણે મને કાઢી મૂક્યો.

વાઘ આ સાંભળી કહે, "ચાલ તૈયાર થા; તને ખાઉં."

તેટલામાં ત્યાં થઈને એક શિયાળ જતું હતું.

મુસાફરે કરગરીને વાઘને કહ્યું, "આ શિયાળને પૂછીએ. એ જે કહે તે ખરું."

વાઘે શિયાળને ન્યાય કરવા બોલાવ્યું. શિયાળ ઠાવકું મોં કરી બોલ્યું : "જુઓ ભાઈ, ન્યાય કરવો એ કંઈ સહેલી વાત નથી. મારે પહેલેથી બધી વાત બરાબર સમજવી જોઈએ. સૌથી પહેલાં તો મને પાંજરું બતાવો. વાઘ તેમાં કેવી રીતે પુરાયો હતો તે બતાવો. પછી આગળ વાત."

આ સાંભળી વાઘ તરત પાંજરામાં દાખલ થયો અને બોલ્યો : "પાંજરામાં હું આ રીતે ઊભો હતો."

પાંજરાનું બારણું કળવાળું હતું. બહારથી તેને ધકેલીને અંદર પેસી શકાય. પણ અંદરથી તેને ધકેલીને ઉઘાડી ન શકાય. પછી તો બહારથી કોઈ ધકેલે તો જ બારણું ઉઘડે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાઘ પાંજરામાં પેસતાં જ સાંકળાનું બારણું વસાઈ ગયું. એટલે શિયાળે વાઘને કહ્યું, "ઠીક ત્યારે.



હવે પાંજરામાં જ ઊભા રહો. આ બિચારા મુસાફરે તમને બહાર કાઢ્યા, તેનો કેવો બદલો તમે આપતા હતા ?"

મુસાફર શિયાળનો ઉપકાર માની ચાલતો થયો.

૧ અપકારના બદલામાં પણ ઉપકાર કરવો, એ મહાપુરુષનું લક્ષણ ગણાય છે. ઉપકારના બદલામાં અપકાર કરનાર તો માણસ જ ન કહેવાય. એ વિષે દાખલાઓ કહો.

૧ માણસ જુદાં જુદાં પ્રાણીઓને પાળે છે, અને તેમની પાસે ભારે કામ લે છે. છેવટે જ્યારે તે પ્રાણી અપંગ કે અશક્ત થાય, ત્યારે તેને રખડતું મૂકી દે છે. એ કેવો અન્યાય છે, તે આ વાતમાં ઘોડો, ગધેડો વગેરેને મોંએ કહેલું છે. વિદ્યાર્થીના ધ્યાનમાં એવા પ્રસંગ આવ્યા હોય તે પૂછો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

¶ બીજી ચોપડીમાં 'ભગવાન બધાંનું જાણે છે' એ પાઠમાં રાજા ઘરડા માળીને કાઢી મૂકે છે, તે આ જાતનો અન્યાય છે. એ તરફ લક્ષ દોરવું. જહાંગીરના ન્યાય-ઘંટનું દોરડું ચરતાં ચરતાં ખેંચનાર ઘોડાની વાત અહીં કહી શકાય.

¶ વાઘની પાસે સોનાનાં ઘરેણાં કેવી રીતે હોય? મારેલા મુસાફરોનાં જ. છતાં મુસાફર એ ઘરેણાંથી લોભાયો. લોભ પાપનું મૂળ છે.

અઘરા શબ્દો

લાગનું હોવું = –ને લાયક હોવું   ઠાવકું = શાણું-ડાહ્યું હોય તેવું

પાઠ ૩૫ મો

મોટું કોણ?

૧

એક હતો રાજા. તેનું નામ જીવ. આખા શરીર પર તેનું રાજ્ય હતું.

તેના રાજ્યમાં એક વાર માંહોમાંહે મોટો ઝઘડો થયો. જીભ કહે, "હું મોટી." કાન કહે, "હું મોટો." નાક કહે, "હું મોટું." આંખ કહે, "હું મોટી." મન કહે, "ના, હું સૌથી મોટું." એમ, સૌથી મોટું કોણ, એની તકરાર પડી.

જીવરાજા આ બધું જાણે, પણ કંઈ બોલે નહિ. તે તો ગુપચુપ હસ્યા કરે.

લડી લડીને બધાં થાક્યાં. છેવટે તેઓએ વિચાર કર્યો, "ચાલો, ભગવાન પાસે જઈ ન્યાય કરાવીએ. તે કહે તે ખરું."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભગવાન બોલ્યા, “હું કહું તેમ કરો, એટલે કોણ મોટું, તે આપોઆપ તમને સમજાઈ જશે. એક એક વરસ સુધી તમે વારાફરતી રાજાના શરીરમાંથી બહાર ચાલ્યાં જાઓ. જુઓ કે રાજાને કોના વિના નથી ચાલતું. જેના વિના રાજાને ઘડીયે ચાલે નહિ, તે સૌથી મોટું.”

જીભે શરૂ કર્યું. તે એક વરસ બહાર ચાલી ગઈ.

રાજા તો કાને સાંભળે, નાકે સૂંઘે, આંખે દેખે, મનથી વિચારે, બધું કરે. જીભ નહિ એટલે બધા મૂંગા કરે છે તેમ એણે તો મજામાં તે વગર કામ ચલાવ્યું.

વરસ પૂરું થયું. જીભ બિચારી પાછી આવી. તેનું અભિમાન ઊતરી ગયું.

ત્યાર પછી કાન એક વરસ માટે બહાર ચાલ્યા ગયા.

રાજા તો જીભે બોલે, નાકે સૂંઘે, આંખે દેખે, મનથી વિચારે, બધું કરે. કાન નહિ એટલે બધા બહેરા કરે છે તેમ એણે તો મજામાં તે વગર કામ ચલાવ્યું.

વરસ પૂરું થયું. કાન બિચારા પાછા આવ્યા. તેમનું અભિમાન ઊતરી ગયું.

ત્યાર પછી નાક એક વરસ બહાર ચાલ્યું ગયું.

રાજા તો જીભે બોલે, કાને સાંભળે, આંખે દેખે, મનથી વિચારે, બધું કરે. નાક નહિ એટલે બધા જ ગૂંગણા કરે છે તેમ એણે તો મજામાં તે વગર કામ ચલાવ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વરસ થઈ રહ્યું એટલે નાક પણ બિચારું પેલાં બેની પેઠે પાછું આવ્યું. તેનું નાક (!) કપાઈ ગયુ.

પછી આંખો એક વરસ સુધી બહાર ચાલી ગઈ.

રાજા તો જીભે બોલે, કાને સાંભળે, નાકે સૂંઘે, મનથી વિચારે. આંખો નહિ એટલે બધા આંધળા કરે છે તેમ એણે તો મજામાં તે વગર કામ ચલાવ્યું.

વરસ પૂરું થયું એટલે આંખો બિચારી પાછી આવી. તેમનો ગર્વ પણ ગળી ગયો.

પછી મન એક વરસ માટે બહાર નીકળી ગયું.

રાજા તો જીભે બોલે, કાને સાંભળે, નાકે સૂંઘે, આંખે દેખે, બધું કરે. મન નહિ એટલે બધા ગાંડા કરે છે તેમ એણે જેમ તેમ પણ તે વગર કામ ચલાવ્યું.

વરસ પૂરું થયું એટલે મન બિચારું પાછું આવ્યું. તેનું અભિમાન પણ ઊતરી ગયું.

૨

બધાંની વારી થઈ રહી એટલે જીવરાજા બોલ્યા, “તમારી લડાઈ હું જોતો હતો. તમે વારાફરતી વરસ વરસ બહાર જઈ આવ્યાં. તોયે મારું રાજ્ય તો ચાલ્યું. હવે મારો જવાનો વારો છે.” એમ કહી તેમણે જવા માટે ગાંસડાં પોટલાં બાંધવા માંડ્યાં.

જીવ જવાનો થયો ત્યાં તો આંખને અંધારાં આવ્યાં, કાનમાં ધાક પડી, નાક ખોટું પડ્યું, જીભ ઝલાઈ ગઈ, મન મૂંઝાઈ ગયું. રાજ્યમાં બધું રાણુંધબ થવા લાગ્યું. બધાં એકીસાથે રડી ઊઠ્યાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જીભ બોલી, "જીવબાપા, જીવબાપા! તમે જશો નહિ. તમે સૌથી મોટા."

કાન બોલ્યા, "જીવબાપા, જીવબાપા! તમે જશો નહિ. તમે સૌથી મોટા."

આંખ બોલી, "જીવબાપા, જીવબાપા! તમે જશો નહિ. તમે સૌથી મોટા."

નાક બોલ્યું, "જીવબાપા, જીવબાપા! તમે જશો નહિ. તમે સૌથી મોટા."

મન બોલ્યું, "જીવબાપા, જીવબાપા! તમે જશો નહિ. તમે સૌથી મોટા."

બધાંએ જીવબાપાને શરણે જઈને કહ્યું: "અમે જે જે કામ કરીએ છીએ, તે બધું તમારે લીધે જ છે. તમારા વિના અરધી ક્ષણ પણ અમે રહી શકીએ નહિ."

પછી જીવબાપાએ જવાનું માંડી વાળ્યું.

હવે જીવબાપાના રાજ્યમાં કોઈ ચડસાચડસી કરતું નથી. બધાં એકબીજા સાથે હળીમળીને રહે છે ને કામકાજ કરે છે.

૧ ઉપનિષદના જમાના જેટલી જૂની આ વાત છે. એક શરીરમાં જોડાયેલા અવયવો પરસ્પર સહકારથી રહે, તો જ આખું શરીર જીવી શકે. સમાજમાં પણ તેના જુદા જુદા અવયવોરૂપ વર્ગોએ એ રીતે સહકારથી અને સંપથી વર્તવું જોઈએ. શાળાના કામકાજની વ્યવસ્થા ઉપરથી એ સ્પષ્ટ કરો. કોનું કામ મોટું અને કોનું નાનું, એ ચર્ચા નકામી છે. બીજી ચોપડીમાંથી 'તમને શું ગમે' એ પાઠનું વસ્તુ અહીં કહેવું.

૧ એક એક અંગની ખોડવાળા માણસને શું કહેવાય, તથા જુદાં જુદાં અંગોની શક્તિ ખોરવાઈ જાય ત્યારે શો શબ્દપ્રયોગ કરવો, એ લક્ષમાં લાવવું.

૧ આનું નાટક ઘડી લઈને ભજવી શકાય.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગૂંગણું = નાકમાંથી બોલતું
નાક કપાવું = આબરૂ જવી
ગર્વ ગળવો = અભિમાન ઊતરવું
ગાંસડાં પોટલાં બાંધવાં = જવાની તૈયારી કરવી
અંધારાં આવવાં = તમ્મર આવવી; ન દેખાવું
ધાક પડવી = બહેર મારવી
રાણુંધબ = તદ્દન અંધારું; અંધેર
ચડસાચડસી = હરીફાઈ

પાઠ ૩૬ મો

બાળબોધ લિપિ

કનુ — મોટાભાઈ, તમે શું વાંચો છો ?

મોટાભાઈ — હું ગીતા વાંચું છું. ગીતા આપણો એક ધર્મગ્રંથ છે. ગાંધીજીના આશ્રમમાં સાંજની પ્રાર્થના વખતે જે શ્લોકો બોલાય છે, તે એમાંથી જ ગાંધીજીએ પસંદ કરેલા છે.

કનુ — પણ મોટાભાઈ, આના અક્ષર તો ગુજરાતી જેવા નથી. મને તે ઊકલતા નથી.

મોટાભાઈ — એ બાળબોધ લિપિમાં લખેલા છે. લિપિ એટલે લખવાની રીત. ગીતા, મહાભારત, રામાયણ વગેરે ગ્રંથો મૂળ સંસ્કૃત ભાષામાં લખાયેલા છે. સંસ્કૃત ભાષા બાળબોધ લિપિમાં લખાય છે. એ લિપિને દેવનાગરી લિપિ પણ કહે છે.

કનુ — મોટાભાઈ, મને એ વાંચતાં આવડે કે નહિ ?

મોટાભાઈ — એ તો બહુ સહેલી લિપિ છે. ગુજરાતી અક્ષરો અને બાળબોધ અક્ષરોમાં ઝાઝો તફાવત નથી. બાળબોધ અક્ષરોનાં માથાં બાંધવામાં આવે છે; અને આપણા અક્ષરોની જેમ એમને નીચેથી વાળવામાં આવતા નથી. આપણા અક્ષરો અને બાળબોધ અક્ષરોમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થોડાક જ જુદા છે. જેમ કે, क, ख, ज, झ, ण, फ, ब, ल, ळ જેવા વ્યંજનો અને अ, ई, उ, ए જેવા સ્વરો.

કનુ—તો તો મને એ જલદી આવડી જશે. તમે મને બધા અક્ષરો લખી આપો. હું એમને એક-બે દિવસમાં ઓળખતાં શીખી લઈશ.

મોટાભાઈ—એ લિપિ આપણે સૌએ શીખી લેવી જોઈએ. આપણી રાષ્ટ્રભાષાની લિપિ પણ એ જ છે. વળી હિંદી તેમ જ મરાઠી ભાષા એ જ લિપિમાં લખાય છે. લાવ, તને બધા અક્ષરો લખી આપું. તે તું ધ્યાનથી જોવા માંડજે. પછી થોડાં વાક્યો પણ એ લિપિમાં લખીશ. તે પણ તું વાંચી જોજે. તને એ શીખી જતાં વાર નહિ લાગે.

अ	आ	इ	ई	उ	ऊ
અ	આ	ઇ	ઈ	ઉ	ઊ
ऋ	ॠ	ए	ऐ	ओ	औ
ઋ	ૠ	એ	ઐ	ઓ	ઔ
क	ख	ग	घ	ङ	
ક	ખ	ગ	ઘ	ઙ	
च	छ	ज	झ	ञ	
ચ	છ	જ	ઝ	ઞ	
ट	ठ	ड	ढ	ण	
ટ	ઠ	ડ	ઢ	ણ	
त	थ	द	ध	न	
ત	થ	દ	ધ	ન	

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

प फ ब भ म

પ ફ બ ભ મ

य र ल व श

ય ર લ વ શ

ष स ह ळ क्ष ज्ञ

ષ સ હ ળ ક્ષ જ્ઞ

१ २ ३ ४ ५ ६ ७ ८ ९ ०

૧ ૨ ૩ ૪ ૫ ૬ ૭ ૮ ૯ ૦

¶ ચિત્રલિપિ, ઊભી લખાતી ચીની લિપિ, જમણેથી ડાબે લખાતી ઉર્દૂ લિપિ વગેરે પ્રકારોનો અહીં ઉલ્લેખ કરવો.

¶ બાળબોધમાં જોડાક્ષર આવે ત્યારે અક્ષરો કેવી રીતે લખાય, તે શીખવો. શબ્દો નાગરી લિપિમાં લખાવો.

ધર્મગ્રંથ = ધર્મનું મુખ્ય પુસ્તક ઉકલવું = વાંચી શકાવું

પાઠ ૩૭ મો

कहेवतो

१. आप समान बळ नहि ने मेघ समान जळ नहि.

२. आप मूआ विना स्वर्ग न जवाय.

३. पारकी आश सदा निराश.

४. हाथे कीधुं ते काम, ने गांठे होय ते दाम.

५. गरथ गांठे ने विद्या पाठे.

६. संप त्यां जंप.

७. झाझा हाथ रळियामणा.

८. टीपे टीपे सरोवर भराय ने कांकरे कांकरे पाळ बंधाय.

गुरुकुल कांगड़ी

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૯. पहेलु सुख ते जाते नर्या.

૧૦. भूख विनानुं खावुं ने मन विनानुं गावुं.

¶ પહેલી પાંચે કહેવતોનો ભાવાર્થ સરખો છે તે તારવી બતાવો. બીજાની આશાએ રહીએ તો કામ પાર ન પડે; પોતે જાતે કરીએ તો જ તે થાય.

બીજી ચોપડીમાં 'લાવરી અને તેનાં બચ્ચાં' વાળો પાઠ છે, તે અહીં યાદ કરાવવો.

¶ ચોથી અને પાંચમી કહેવતમાં પણ સરખો ભાવાર્થ છે તે શો? જે પૈસા હાથમાં હોય તે જ ખરા; વિદ્યા પણ મોઢે યાદ હોય તે જ વખત આવ્યે કામ દે.

¶ છઠ્ઠી અને સાતમી કહેવતનો ભાવાર્થ પણ સરખો છે. આગળ આવી ગયેલો 'ડોસો અને તેના દીકરા' વાળો પાઠ અહીં યાદ કરાવવો.

અઘરા શબ્દો

મેઘ = વાદળ; વરસાદ | પાઠે = મોઢે; યાદ
ગાંઠે = ગાંઠમાં; પોતાની પાસે | ગરથ = ધન
નર્યાં = નીરોગી

પાઠ ૩૮ મો

હોઉં જો હું . . .

હોઉં જો હું કોદાળો તો—
રાતદિવસ હું માટી ખોદું,
વાવ-તળાવો કૂવા ખોદું,
તરસ્યાને પાણી પાવાને
ઠેર ઠેર વીરડા ખોદું. ૧

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હોઉં જો હું કુહાડો તો—

રાતદિવસ હું લક્કડ કાપું,
ઝાડી અને ઝાંખર કાપું,
ટાઢે થરથરતાને માટે
તાપણાંનાં ઈંધણ કાપું. ૨

હોઉં જો હું હળકરબી તો—

રાતદિવસ હું ખેતર ખેડું,
પડતર-વાવેતર પણ ખેડું,
ભૂખે ટળવળતા જન માટે
પથ્થરોનાં પડ ખેડું. ૩

હોઉં જો હું દાતરડું તો—

રાતદિવસ હું ખડ કાપું,
બીડ, શેઢા, ખેતર કાપું,
ગરીબ ગુણિયલ ગાયો માટે
જંગલ જઈ ચારો કાપું. ૪

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હોઉં જો હું સાવરણી તો—

રાતદિવસ હું પૂંજો વાળું,
કચરો વાસીદું યે વાળું,
ગામ, નગર ને વસ્તીમાંથી
ઉકરડાનો દાટ વાળું. ૫

હોઉં જો હું રેંટુડો તો—

રાતદિવસ હું ગુન ગુન કરતો,
સૂતરના ઢગલા કાઢું,
આળસ-ગરીબી-બેકારીને,
ખાદીથી હાંકી કાઢું. ૬



પ્ર૦

૧ ખેતીનાં જુદાં જુદાં સાધનોનો પરિચય કરાવવો. તેમનો ઉપયોગ સમજાવવો. એવાં જ ઘરનાં રાચરચીલાનાં સાધન તરફ પણ ધ્યાન ખેંચો. એ બધાં વડે કયાં કયાં કામો થાય છે તે વિષે વાતચીત કરો.

૧ મોટા થઈને પોતે શું સેવાકાર્ય કરવા ઇચ્છે, એના ઉમંગો વિદ્યાર્થીઓમાં નાનપણથી મોજૂદ હોય છે. વાતચીત પ્રસંગે તે તેમની પાસેથી કઢાવવા.

અઘરા શબ્દો

વાવ = પાણી સુધી નીચે ઊતરી શકાય તેવાં પગથિયાંવાળો કૂવો

વીરડો = નદી કે તળાવના સૂકા ભાગમાં પાણી માટે ખોદેલો ખાડો

ઈંધણ = બાળવાનાં લાકડાં

કરબી = નકામું ઘાસ કાઢી નાખવાનું ખેતીનું ઓજાર

શેઢો = ખેતરની કિનારે રખાતી વણખેડેલી પટી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ ૩૯ મો

નામની મારામારી

ચાર મુસાફરો હતા. તેઓ પોતપોતાના દેશમાંથી મુસાફરીએ નીકળ્યા. અરબસ્તાનમાંથી અરબ નીકળ્યો. ઇરાનમાંથી ઇરાની નીકળ્યો. તુર્કસ્તાનમાંથી તુર્ક નીકળ્યો. યુનાનમાંથી યુનાની નીકળ્યો.

ચારે મુસાફરો એક શહેરના મુસાફરખાનામાં ભેગા થયા. ચારે જણા પાસે પાસે બિસ્તરા પાથરી થાક ખાતા હતા.

તેઓ એકબીજાની બોલી સમજતા નહોતા; પણ માણસો એકબીજા સાથે વાત કર્યા વિના કંઈ રહે? ઇશારાથી તેઓ વાતચીત કરવા લાગ્યા :

"કેમ છો?"

"ક્યાં રહેવું?"

"થાક કેવોક લાગ્યો છે?"

"ખાવાપીવાનું કંઈક કરીશું ને?"

જેવું અધુંપધું સૌ સમજ્યા, તેવી વાત ચાલી. છેલ્લી બાબતમાં ચારે જણ એકમત થયા, કારણ કે તેમને સૌને કકડીને ભૂખ લાગી હતી.

એક જણે ભોંય પર રૂમાલ પાથર્યો અને દરેક મુસાફરે તેમાં પોતપોતાના ભાગના સિક્કા નાંખ્યા. પછી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એક ભાઈબંધ શહેરમાં જઈને ખાવાનું લઈ આવે એમ તેમણે ઠરાવ્યું.

આટલે સુધી તો ઇશારાથી જેમ તેમ એમનો વહેવાર ચાલ્યો. પણ હવે મોટી મુશ્કેલી આવી. યુનાની-એ ઊભા થઈ ઇશારાથી પૂછ્યું : "બોલો દોસ્તો, શું ખાવાનું લાવું ?"

સૌ પોતપોતાની ભાષામાં પોતાને ભાવતી વસ્તુનું નામ કહેવા લાગ્યા.

તુર્ક પોતાની ભાષામાં બોલ્યો, "ઉઝૂમ લાવજે દોસ્ત ઉઝૂમ. મીઠી મીઠી મધ જેવી ને વળી સાવ સોંઘી."

અરબ બોલ્યો, "નહિ નહિ, ઉઝૂમ–બુઝૂમ મને ન ભાવે. એનબ સરસ, માટે એનબ જ લાવજે."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ત્યારે ઈરાની મુસાફર બોલ્યો, "છટ્, ઉઝૂમ ને એનબ કોણ ખાય? તમે લોકો ખાવામાં શું જાણો? આખો મુલક આજ પાકી પાકી અંગૂરથી ઊભરાઈ રહ્યો છે. માટે અંગૂર છોડી આપણે બીજું કંઈ ન જોઈએ."

યુનાની બજારમાં ખાવાનું લેવા જવાનો હતો તે બોલી ઊઠયો, "પૈસા તો મારા હાથમાં છે. હું ઉઝૂમ ને એનબ કે અંગૂર-ફંગૂર એવું કાંઈ લાવવાનો નથી. આપણે તો મીઠી મધુર સ્ટાફિલિયન લાવવાના. લીલી લીલી સ્ટાફિલિયન! કાળી કાળી સ્ટાફિલિયન! તમે લોકો ખાશો ત્યારે તેની લહેજત જાણશો."

ચારે જણાએ ચાર જુદાં નામો કહ્યાં. શું લાવવું તેનો નિકાલ હવે કેમ થાય?

ચર્ચા ગરમાગરમ થઈ પડી. એટલામાં નસીબ-જોગે કોઈ બાગવાન ગધેડા ઉપર સરસ તાજી દ્રાક્ષ લાદીને તે રસ્તા પરથી નીકળ્યો.

ચર્ચા ચર્ચાને ઠેકાણે રહી. ચારેય મુસાફરો એકદમ કૂદી પડ્યા અને ગધેડા પરની દ્રાક્ષની લૂમો તરફ આંગળી ચીંધીને કહેવા લાગ્યા:

તુર્ક બોલ્યો, "જોઈ આ ઉઝૂમ? કેવા મૂર્ખ કે તમને ઉઝૂમ ભાવતી નથી?"

ઈરાની બોલ્યો, "કેવી સુંદર અંગૂર આ દેશમાં થાય છે, તે જોઈ લો. તે ન ભાવે તેને હું માણસ નહિ પણ ગધેડો જ ગણું."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અરબ ચિડાઈને બોલ્યો, "આ ક્યાં ઉઝૂમ કે અંગૂર છે? આ તો મીઠી મધુરી એનબ છે."

ત્યારે યુનાની કહેવા લાગ્યો, "જુઓ, આ સ્ટાફિલિયન જ હું બજારમાંથી ખરીદી લાવવા માગતો હતો."

એમ તે મુસાફરોનો ભ્રમ ભાગ્યો. તેઓ સમજ્યા કે, નામો જૂજવાં હતાં, પણ ચીજ તો સૌને એક જ ભાવતી હતી. પછી તેઓએ શાંત પડી દ્રાક્ષ ખરીદી. ઈરાનીએ પેટ ભરીને એની અંગૂર ખાધી, તુર્કે એની ઉઝૂમ ખાધી, અરબે એની એનબ ખાધી, અને યુનાની મુસાફરે એની સ્ટાફિલિયન ઉડાવી.

૧ અરબસ્તાન, ઈરાન, તુર્કસ્તાન, યુનાન એ દેશો નકશામાં બતાવવા. પહેલાંના જમાનામાં યુરોપ એશિયા વચ્ચેના વ્યાપાર-માર્ગની નજીક તે દેશો આવેલા છે.

૧ જુદી ભાષા અને જુદા નામથી વસ્તુ કંઈ જુદી બનતી નથી. ઈશ્વરને અલ્લા કહો, રામ કહો, કે ગૉડ કહો. એ વસ્તુ આ પાઠમાંથી તારવી શકાય. 'રામ કહો, રહમાન કહો કોઉ' — એ આનંદઘનનું ભજન 'આશ્રમભજનાવલિ'માંથી ગાઈ સંભળાવવું.

૧ જુદી જુદી ભાષાવાળાઓને વ્યવહારમાં ભેગા મળવાનું થાય તેમાંથી એક સામાન્ય ભાષા ઊભી થાય છે કે સ્વીકારાય છે. રાષ્ટ્ર-ભાષાની આ દૃષ્ટિએ સમજ આપો.

અઘરા શબ્દો

યુનાન = ગ્રીસ	ચીંધવું = આંગળી વડે બતાવવું
લહેજત = સ્વાદ; મજા	લાદવું = (પીઠ પર) ભરવું
બાગવાન = માળી	જૂજવાં = જુદાં જુદાં

ઉડાવવું = લહેરથી ખાવું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ ૪૦ મો

રાષ્ટ્રમુદ્રા

મોટાભાઈ—કનુ, તેં નવો રૂપિયો જોયો ?

કનુ—ના મોટાભાઈ, તમારી પાસે છે ?

મોટાભાઈ—હા. લે, આ જો.

કનુ—મોટાભાઈ, એના ઉપર ત્રણ સિંહ છે. પહેલાં રૂપિયા ઉપર રાજા હતો. આ નવા રૂપિયા ઉપર સિંહ કેમ છે ?

મોટાભાઈ—આપણા દેશમાં અંગ્રેજોનું રાજ્ય હતું, ત્યારે અંગ્રેજ રાજાના ડોકાની મહોર તેના ઉપર હતી. હવે આપણે આઝાદ થયા છીએ. તેથી નવા રૂપિયા ઉપર રાજાના ડોકાની મહોર નથી, પણ આપણા સ્વ-રાજ્યની મહોર છે.



सत्यमेव जयते

કનુ—મોટાભાઈ, રાજ્યની મહોર પણ હોય ખરી ?

મોટાભાઈ—હા ભાઈ. જેમ આપણા દેશનો રાષ્ટ્રધ્વજ છે, આપણા દેશનું રાષ્ટ્રગીત છે, તેમ આપણા દેશની મહોર પણ છે. તેને રાષ્ટ્રમુદ્રા કહે છે. મુદ્રા એટલે મહોર, સિક્કો.

કનુ—મોટાભાઈ, મુદ્રાના સિંહ બહુ રૂપાળા લાગે છે. આપણી મુદ્રામાં સિંહ ક્યાંથી પસંદ કર્યા ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મોટાભાઈ—એ એક જાણવા જેવી વાત છે. આપણા દેશમાં આશરે બાવીસસો વર્ષ પહેલાં અશોક



નામનો મોટો રાજા થઈ ગયો. તે જબરો લડવૈયો હતો. નવાં નવાં રાજ્યો જીતવાનો તેને બહુ શોખ હતો. પણ એક વાર લડાઈમાં લાખ કરતાં વધારે માણસો કપાઈ ગયાં, તે જોઈને તેને બહુ લાગી આવ્યું. એટલે તેણે લડાઈ કરવાનું છોડી દીધું. તેને બદલે તેણે લોકોમાં સુખશાંતિ વધે એવો પ્રયત્ન શરૂ કર્યો. તેણે ઠેર ઠેર પર્વતની મોટી શિલાઓ ઉપર ધર્મનો ઉપદેશ કોતરાવ્યો. જે ઠેકાણેથી બુદ્ધ ભગવાને લોકોને ધર્મનો ઉપદેશ આપવાનું શરૂ કર્યું હતું, ત્યાં તેણે પથ્થરનો એક મોટો સ્તંભ રોપાવ્યો. તે સ્તંભના શિખર ઉપર તેણે સિંહો મુકાવ્યા. તે સિંહોની જે આકૃતિ છે, તે જ આપણી રાષ્ટ્રમુદ્રા તરીકે લેવામાં આવી છે.

કનુ—એ સ્તંભ ક્યાં છે?

મોટાભાઈ—કાશી પાસે સારનાથ નામે જૂનું સ્થળ છે, ત્યાં એ સ્તંભ આવેલો છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કનુ—મોટાભાઈ, એ સ્તંભ ઉપર સિંહો શા માટે કોતર્યા હશે ?

મોટાભાઈ—એ સિંહોની ઉપર પહેલાં મોટું ચક્ર હતું. હાલમાં તે પડીને ભાગી ગયું છે. એ ચક્ર એટલે ધર્મનું ચક્ર. સિંહ એટલે વનનો રાજા. તેથી રાજા મહારાજાના આસન ઉપર સિંહની આકૃતિ હોય છે અને તેને સિંહાસન કહે છે. ધર્મનું રાજ્ય ચારે તરફ ફેલાય એ બતાવવા, ધર્મના ચક્રને પણ સિંહાસન ઉપર બેસાડવું જોઈએ ને?



કનુ—એ સિંહના પગ નીચે પણ ચક્ર છે, તથા તેની ડાબી બાજુ ઘોડો અને જમણી બાજુ આખલો છે, તેનો શો અર્થ?

મોટાભાઈ—આપણી રાષ્ટ્રમુદ્રામાં ત્રણ સિંહનાં મોં અને એક સિંહના પગ નીચેનું એક ચક્ર જ દેખાય છે. અને તે ચક્રની આસપાસ ઘોડો અને આખલો જ દેખાય છે. તે તો આપણે એક બાજુથી સ્તંભ જોઈએ છીએ તેથી. ચારે તરફથી જોઈએ, તો સ્તંભ ઉપર ચાર સિંહો છે, અને દરેક સિંહના પગ નીચે એક એક એમ ચાર ચક્ર છે. અને બબ્બે ચક્રની વચ્ચે આખલો, ઘોડો, સિંહ અને હાથી, એમ ચાર પ્રાણીઓને દોડતાં કોતરેલાં છે. એ એમ બતાવે છે કે, ધર્મનું ચક્ર ચારે દિશામાં ફરતું થાઓ. આપણા રાષ્ટ્રધ્વજમાં જે ચક્ર છે, તે આ જ ચક્ર છે. વળી આપણી રાષ્ટ્રમુદ્રામાં નીચે 'સત્યમેવ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
જયતે' એવું લખેલું હોય છે. એનો અર્થ, 'સત્યનો જ જય થાય છે.' એવો છે. રાષ્ટ્રમુદ્રા આપણને કહે છે કે, આપણા દેશમાં ચારે તરફ ધર્મનું ચક્ર ફરતું થાઓ, અને સત્યનો જ જય થાઓ.

કનુ—અને આપણે બધા એ સિંહ જેવા બહાદુર અને બળવાન થઈએ, એમ પણ નહિ કે?

મોટાભાઈ—(હસીને) હા ભાઈ, તેં કરેલો અર્થ પણ બરાબર છે.

૧ રાષ્ટ્રગીત, રાષ્ટ્રમુદ્રા, રાષ્ટ્રધ્વજ, રાષ્ટ્રભાષા, એ બધી બાબતો તરફ અહીં એકસાથે લક્ષ દોરવું.

૧ રાષ્ટ્રધ્વજ ઉપર વચલા ધોળા પટામાં જે ચક્રની આકૃતિ છે, તે પણ અશોકના ચક્રની આકૃતિ છે, એ પણ યાદ કરાવવું.

૧ રૂપિયા જેવા સિક્કા ઉપરાંત ટપાલનાં કવર ઉપર પણ રાષ્ટ્રમુદ્રાની છાપ હોય છે. વિદ્યાર્થીઓએ તે જોઈ છે કે નહિ, તે પૂછવું.

૧ અશોક રાજાનો રાજ્યકાળ લગભગ ઈ. સ. પૂર્વે ૨૭૪–૨૩૬ ગણાય છે. તે બૌદ્ધધર્મી હતો; અને તેણે પોતાનાં પુત્ર–પુત્રીને લંકા જેટલે દૂર ધર્મોપદેશ માટે મોકલ્યાં હતાં, તેની માહિતી આપવી.

૧ આપણા ગુજરાતમાં ગિરનાર પાસે પણ અશોકનો શિલાલેખ છે. છઠ્ઠી ચોપડીમાં અશોક અને તેના શિલાલેખો વિષે પાઠ છે, ('પ્રિયદર્શી અશોક') તે અહીં જોવો.

અઘરા શબ્દો

ડોકું = ગળું અને તેની ઉપરનો ભાગ
મહોર = છાપ; સિક્કો
આઝાદ = સ્વતંત્ર; સ્વરાજ્ય ભોગવતું
સ્વરાજ્ય = બીજા કોઈ પરદેશીનું રાજ્ય ન હોવું તે
લડવૈયો = લડનારો જબરો યોદ્ધો
શોખ = હોંસ; કોડ
લાગી આવવું = લાગણી થવી; દુઃખ થવું
શિલા = પથ્થરની છાટ
સ્તંભ = થાંભલો
આકૃતિ = આકાર
સ્થળ = જગા; સ્થાન
ચક્ર = ચકરડું; પૈડા જેવું ગોળ હોય તે
આસન = બેસવા માટેનું સાધન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સત્યવાદી રાજા હરિશ્ચંદ્ર—૧

અયોધ્યાનો રાજા હરિશ્ચંદ્ર મોટો સત્યવાદી હતો. ગમે તે થાય પણ બોલેલું વચન પાળે જ.

વસિષ્ઠ મુનિ હરિશ્ચંદ્રના ગુરુ હતા. તેમણે વિશ્વામિત્ર મુનિ પાસે રાજાનાં વખાણ કર્યાં. વિશ્વામિત્રે વિચાર્યું, જોઉં તો ખરો, તે કેવો મોટો સત્યવાદી છે!

એક વખત લાગ જોઈને વિશ્વામિત્રે રાજા પાસે વરદાન માગ્યું, "હું માગું તે મને આપશો ?"

રાજાએ મુનિ માગે તે આપવાનું વચન આપ્યું.

વિશ્વામિત્ર મુનિએ રાજા પાસે તેનું આખું રાજ્ય માગ્યું. રાજાએ આખું રાજ્ય તેમને દાનમાં આપી દીધું.

મુનિએ કહ્યું, "દાન સાથે દક્ષિણા પણ જોઈએ. આટલું મોટું દાન કર્યું, તો દક્ષિણા પણ તેવી જ આપો."

પણ હરિશ્ચંદ્ર પાસે હવે શું હોય કે આપે? તેણે કહ્યું: "મને થોડા દિવસની મુદત આપો. હું દક્ષિણા જેટલું ધન મેળવી આપીશ."

હરિશ્ચંદ્ર રાજા, તારામતી રાણી, અને રોહિતકુમાર રાજ્ય છોડી ચાલી નીકળ્યાં.

રાજ્યની બહાર જઈ, હરિશ્ચંદ્રે કંઈ નોકરી-ધંધા માટે પ્રયત્ન કરવા માંડ્યો. પણ વિશ્વામિત્ર મુનિ ક્યાંય તેને નોકરી મળવા દે નહિ. મુનિને આપેલી મુદત પૂરી થવા આવી. છેવટે રાજા તથા રાણીએ ગુલામ તરીકે વેચાવાનો વિચાર કર્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાજા અને રાણી કાશી નગરીના બજારમાં વેચાવા ઊભાં છે. વિશ્વામિત્રે મોકલેલો એક બ્રાહ્મણ રાણી એકલીને વેચાતી લેવા આવ્યો.

રાજાએ કહ્યું, "અમને ત્રણેને સાથે લઈ જાઓ. એકલી સ્ત્રીને શી રીતે વેચું ?"

બ્રાહ્મણે કહ્યું, "મારે તો એક દાસીની જ જરૂર છે. બીજા કોઈનું કામ નથી."

રાજાએ છેવટે રાણી એકલીને વેચી.

બ્રાહ્મણ રાણીને લઈ ચાલવા મંડ્યો. એટલે નાનો રોહિતકુમાર માનો છેડો પકડી, રડતો રડતો સાથે જવા તૈયાર થયો.

રાણીએ પેલા બ્રાહ્મણને કાલાવાલા કરીને કહ્યું, "મારા આ પુત્રને સાથે લઈ લો. મા વિનાનું નાનું બાળક શી રીતે રહે ?"

બ્રાહ્મણે કહ્યું, "એ છોકરાને મફતનું ખવરાવવું પડે; અને તે કામ પણ શું કરે ?"

રાણીએ રડતાં રડતાં કહ્યું: "મારા વિના એ છોકરો રડી રડીને મરી જશે. તે મારી સાથે હશે તો મને થોડું કામ કરવા લાગશે."

"વારુ" કહી બ્રાહ્મણે રોહિતકુમારને સાથે લેવા દીધો.

અઘરા શબ્દો

સત્યવાદી = હંમેશ સાચું જ બોલનાર

દક્ષિણા = ધાર્મિક ક્રિયાને અંતે બ્રાહ્મણોને અપાતું દાન

લાગ = તાકડો; દાવ; અનુકૂળ વખત

વરદાન = ઇચ્છા મુજબ જે માગે તે આપવું તે

મુદત = સમય; મુકરર કરેલો સમય

ધન = પૈસો; દોલત

ગુલામ = પૈસા આપી ખરીદેલો ચાકર

કાલાવાલા = કરગરવું તે; આજીજી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ ૪૨ મો

સત્યવાદી રાજા હરિશ્ચંદ્ર – ૨

રાણીને વેચી, તોયે હરિશ્ચંદ્રને દક્ષિણા જેટલા પૈસા ન મળ્યા. રાજા સાંજ સુધી વેચાવા માટે ત્યાં જ ઊભો રહ્યો. એટલામાં વિશ્વામિત્રે મોકલેલો એક ચંડાળ ત્યાં આવ્યો. તેણે રાજાને નોકર તરીકે ખરીદી લીધો. એટલે મુનિની દક્ષિણા પૂરી થઈ.

ચંડાળે રાજાને સ્મશાન સાચવવાનું કામ સોંપ્યું.

આમ બોલેલું વચન પૂરું કરવા, રાજા અને રાણી બંને દાસ-દાસી તરીકે વેચાયાં.

બ્રાહ્મણને ત્યાં તારામતી રાણીને ખૂબ જ કામ કરવું પડતું. બ્રાહ્મણ તેને વઢતો પણ ખૂબ.

રાજા-રાણીની હજુ વધારે કસોટી કરવા વિશ્વામિત્રે બીજી ગોઠવણ કરી. એક દહાડો રોહિતકુમાર રમતો હતો, ત્યાં તેને સાપ કરડ્યો.

સાપના ઝેરથી રોહિતકુમાર જમીન ઉપર ઢળી પડ્યો. તેને મરી ગયેલો જાણીને રાણી છાતીફાટ રડવા લાગી.

પણ બ્રાહ્મણે તેને ધમકાવી, અને ઘરનું કામ પૂરું કરવા કહ્યું.

કામ પૂરું કરી, મોડી રાતે તારામતી રાણી રોહિતને ઊંચકી એકલી સ્મશાન તરફ ચાલી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રસ્તામાં ચોકીદારોએ તેને પકડી. 'નાનાં છોકરાંને ઉપાડી જઈ મારી ખાનાર આ કોઈ રાક્ષસી છે,' એમ કહી તેઓએ તેના હાથમાંથી મડદું નીચે નંખાવી દીધું. પછી તેને એકલીને લઈ, તેઓ ચંડાળ પાસે આવ્યા.

તેઓએ ચંડાળને કહ્યું, "આ રાક્ષસીનો હમણાં ને હમણાં વધ કર."

ચંડાળે પોતાના નોકરને બોલાવ્યો. તે નોકર રાજા હરિશ્ચંદ્ર જ હતો! તેણે તારામતી રાણીને ઓળખી. રાણીએ પણ રાજાને ઓળખ્યો. પોતાની રાણીનો વધ કરવાનું શી રીતે ગમે? પણ પોતાના માલિકનો હુકમ પાળવો જોઈએ. રાજા તરત તરવાર ઉગામી રાણીને મારવા તૈયાર થયો.

તે જ વખતે વિશ્વામિત્ર મુનિ ત્યાં પ્રગટ થયા. તેમણે રાજાનો હાથ પકડી લીધો, અને પ્રસન્ન થઈને કહ્યું, 'ધન્ય છે રાજા હરિશ્ચંદ્ર, તારા સત્યવાદીપણાને! તારા જેવો સત્યનું પાલન કરનાર મેં જોયો નથી. હું તારા ઉપર પ્રસન્ન થયો છું. હું તને તારું રાજ્ય પાછું આપું છું. તારી રાણીને મેં જ વેચાતી રખાવી છે. તેને પણ હું દાસીપણામાંથી છૂટી કરું છું. રોહિતકુમાર સાપના ઝેરથી બેભાન થઈ ગયો છે; મરી ગયો નથી. તેને હું ભાનમાં લાવું છું. તમે સૌ હવે અયોધ્યા પાછાં જાઓ, અને ઘણાં ઘણાં વરસ સુધી રાજ્ય કરો."

૧ અયોધ્યા ક્યાં આવ્યું? તે નગરમાં બીજો કયો જાણીતો રાજા થયો? 'રાજા રામ'ની વાત (પહેલી ચોપડી) યાદ કરો.

૧ બોલેલું વચન પાળવું એ અયોધ્યાના રઘુકુળના રાજાઓની રીત જ છે, એવો તુલસીદાસજીનો એક દુહો છે—

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રઘુકુલ રીત સદા ચલી આઈ,
प्राण जाय अरु बचन न जाई ।

૧ બીજા સત્યવાદી પુરુષોના દાખલા આપો.

ચંડાળ = સ્મશાનનું રખેવાળું કરનાર
છાતીફાટ = છાતી ફાટી જાય એમ; ખૂબ લાગણીથી
સ્મશાન = મડદાં બાળવાની જગા
કસોટી = કડક તપાસ – પરીક્ષા
વધ = કાપીને મારી નાખવું તે
પ્રસન્ન થવું = રાજી થવું; ખુશ થવું
પ્રગટ થવું = ગુપ્ત કે અદૃશ્ય હોય ત્યાંથી છતા થવું

પાઠ ૪૩ મો

જયજયકાર

ઓ ભરતભૂમિના પહાડો ! તમ શિર પૂગ્યાં આકાશ;
તમ જેવા જગમાં બીજા, નથી ઉન્નત કોની પાસ.
છે પ્રૌઢ પ્રતાપ તમારો, તમ ભવ્ય જ છે ભંડાર;
મુજ ભરતભૂમિનો જગમાં, વરતાવો જયજયકાર !

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઓ ભરતભૂમિની નદીઓ ! તમ સુંદર ચિત્ર ચરિત્ર;
તમ જેવી જગમાં બીજી, નથી કોઈ પરમ પવિત્ર.
સુગભીરી ધીરી વીરી, તમ પુણ્યકથા આ વાર;
મુજ ભરતભૂમિનો જગમાં, વરતાવો જયજયકાર !

ઓ ભરતભૂમિના પુત્રો ! મુજ દેશ તણાં નરરત્ન;
જે ગયા ધ્રુજાવી ધરણી, કરીને કંઈ લાખ પ્રયત્ન.
તમ શૌર્ય અને તમ પ્રીતિ, ભરજો વીરા સહુ ઠાર;
નિજ ભરતભૂમિનો જગમાં, વરતાવો જયજયકાર !

ખબરદાર

¶ ખબરદાર એ ગુજરાતના પારસી કવિ હતા. પારસી લોકોએ ગુજરાતીને માતૃભાષા માની છે, અને તેથી તેઓ 'ગુજરાતી' છે, એ કવિ નર્મદની 'કોની કોની છે ગુજરાત' એ કવિતા ઉપરથી યાદ કરાવો.

¶ કવિ ખબરદારની બીજી કવિતાઓ, જેમ કે, 'ગુણવંતી ગુજરાત', 'અમે ભરતભૂમિના પુત્રો' (પાંચમી ચોપડી), 'શૂરા બાવીશ હજાર' (સાતમી ચોપડી) પણ ગાઈ સંભળાવવી.

¶ આ પ્રસંગે 'વંદે માતરમ્' એ રાષ્ટ્રગીતના ભાવો પણ સરખાવવા.

અઘરા શબ્દો

શિર = માથું (શિખર)
પૂગવું = પહોંચવું
જગ = જગત; દુનિયા
ઉન્નત = ઊંચું
પ્રૌઢ = વિશાળ; ભવ્ય
વરતાવવું = ચાલતું કરવું; ફેલાવવું
ચિત્ર = વિવિધ પ્રકારનું
ઠાર = ઠામ; સ્થાન
સુગભીરી ધીરી = ખૂબ ધીરગંભીર; ભવ્ય
પુણ્ય (કથા) = પાવન કરનારી; પવિત્ર
નરરત્ન = રત્ન જેવા ઉત્તમ–શ્રેષ્ઠ પુરુષ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાષ્ટ્રગીત

જનગણમન–અધિનાયક ! જય હે
ભારત-ભાગ્યવિધાતા !
પંજાબ સિન્ધુ ગુજરાત મરાઠા,
દ્રાવિડ ઉત્કલ બંગ;
વિન્ધ્ય હિમાચલ યમુના ગંગા,
ઉચ્છલ-જલધિતરંગ;
તવ શુભ નામે જાગે,
તવ શુભ આશિષ માગે;
ગાહે તવ જય-ગાથા !

જનગણ-મંગલદાયક ! જય હે
ભારત-ભાગ્યવિધાતા !
જય હે ! જય હે ! જય હે !
જય જય જય જય હે !

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar